Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

* ભગવાનશ્રી કુંદકુંદ-કહાન જૈનશાસ્ત્રમાળા, પુષ્પ—૧૮૮ *

ૐ

शुद्धात्मने नमः ।

# બહેનશ્રીનો જ્ઞાનવૈભવ

(પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું સ્વાનુભૂતિયુક્ત જાતિસ્મૃતિજ્ઞાન)

પ્રકાશક:
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર), PIN 364 250

કિંમત રૂા. ૨૦-૦૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This shastra has been kindly donated in memory of Gurudev Shree KanjiSwami by UK Mumukshus who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) We have taken great care to ensure this electronic version of BahenShreeno GnaanVaibhav is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 20 July 2006 | First electronic version |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પહેલી આવૃત્તિઃ પ્રત ૩૦૦૦

વીર સં. ૨૫૨૧ ★ વિ. સં. ૨૦૫૧, શ્રાવણ વદ ૧૪

તા. ૨૫-૮-૧૯૯૫

બીજી આવૃત્તિઃ પ્રત ૫૦૦૦

વીર સં. ૨૫૨૨ ★ વિ. સં. ૨૦૫૨,

તા. ૨-૨-૧૯૯૬ માહ સુદ ૧૩, શુક્રવાર

સર્વ હક સ્વાધીન

**'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ' નામનો આ ગ્રંથ, શ્રીમતી વિમળાબેન ગિરધરલાલ મોદી, હા. દિલીપ તથા જિનેશ (મલાડ, મુંબઈ) તરફથી ગુજરાતી 'આત્મધર્મ' પત્રના ગ્રાહકોને ભેટ આપવામાં આવેલ છે.**

''બહેનશ્રીનો જ્ઞાનવૈભવ'' ગુજરાતીના સ્થાયી
પ્રકાશન-પુરસ્કર્તા
શ્રી જ્યોતિબેન વી. શાહ
(શ્રી નાનાલાલભાઈ જસાણીની પુત્રી) મુંબઈ,
હસ્તે. રાજેશ, સુકેતુ, અમીતા, બંસરી, ઝાંઇ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ॐ

नमः श्रीसर्वज्ञवीतरागाय ।

# * ઉપોદ્‌ઘાત *

ભારતવર્ષના ધર્મજિજ્ઞાસુ જીવોના મહાન ભાગ્યોદયે આ પ્રવર્તમાન વીસ-એકવીસમી શતાબ્દીમાં અધ્યાત્મમૂર્તિ આત્મજ્ઞસંત સત્પુરુષ પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો, સ્વાનુભૂતિપ્રધાન સદ્ધર્મનો પુનઃ અભ્યુદય કરવા, મહાન ઉદય થયો. પૂર્વના પ્રબળ સંસ્કાર, ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસારના ગહન અધ્યયન અને પોતાના જ્ઞાન, વૈરાગ્ય ને ઉપશમ રસભીના અંતર્મુખ સાતિશય પુરુષાર્થ વડે તેમણે સ્વાનુભવરસઝરતી આત્મસાધના સાધીને પોતાનાં વ્યાખ્યાનોમાં શ્રી વીર-કુંદ-અમૃતપ્રરૂપિત અધ્યાત્મધર્મનો પરમ ઉદ્યોત કર્યો, જેથી ઘણા જીવો તે સમજવા માટે તૈયાર થઈ ગયા. વીતરાગ મોક્ષમાર્ગને અત્યંત સ્પષ્ટપણે સમજાવનાર આવા સમર્થ ગુરુદેવ આ વિષમ કાળે મળ્યા તે મુમુક્ષુઓનાં મહાભાગ્ય છે. ખરેખર ગુરુદેવનો ઉપકાર અમાપ છે.

આગમ, યુક્તિ ને સ્વાનુભવના વજ્રખડક ઉપર અડગપણે ઊભા રહીને શ્રી જિનેંદ્રદેવનું તાત્ત્વિક હાર્દ પ્રકાશિત કરનાર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની પ્રબળ વાણીના પુનિત યોગે ૧૮ વર્ષની બાળાવયમાં જેમણે અતીન્દ્રિય-આનંદઝરતો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વાત્માનુભૂતિ-સમન્વિત આત્મસાક્ષાત્કાર-નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-પ્રાપ્ત કરેલ છે એવાં પ્રશમમૂર્તિ ધન્યાવતાર ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેને પણ આવા પરમ-તારણહાર પૂજ્ય ગુરુદેવનો લોકોત્તર આધ્યાત્મિક મહિમા પ્રકાશીને ખરેખર મુમુક્ષુજગત ઉપર મહાન ઉપકાર કર્યો છે. સ્વાનુભવમૂર્તિ પૂજ્ય બહેનશ્રી પણ, પૂજ્ય કહાનગુરુદેવના ઉપકારતળે, આત્માનુભૂતિનો સાચો માર્ગ બતાવનાર ખરેખર એક મહાન આત્મા છે. તેમનું પવિત્ર જીવન અને અધ્યાત્મસાધના આત્માર્થી જીવો માટે ખરેખર એક અનુપમ આદર્શ છે.

પૂજ્ય ગુરુદેવ દ્વારા પૂર્ણ પ્રમાણિત એવાં આ પવિત્રાત્મા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના સાધનામય લોકોત્તર જીવનમાંથી, આત્માર્થી જીવોને આત્મલાભ થાય એ હેતુએ, અત્રે આ પુસ્તકમાં (૧) સંક્ષિપ્ત જીવનપરિચય, (૨) જાતિસ્મરણજ્ઞાન, (૩) ગુરુદેવના હૃદયોદ્‌ગાર અને (૪) અધ્યાત્મ-અમૃતસરિતા — એ ચારનું સંકલન કરવામાં આવ્યું છે.

સંક્ષિપ્ત જીવનપરિચય, અનુભવીની અમૃતવાણી, પત્રવ્યવહાર, ગુરુદેવના હૃદયોદ્‌ગાર, વીણેલી વિગત, મીઠાં સંભારણાં વગેરે, પૂજ્ય બહેનશ્રીના જીવનને લગતા, અનેક વિષયોનું તેમના 'અમૃત-જન્મોત્સવ' અવસરે પ્રકાશિત થયેલ 'બહેનશ્રી ચંપાબેન અભિનંદનગ્રંથ'માં સંકલન થયેલ છે. જેમને તે જાણવાની ભાવના હોય તેમને તે ગ્રંથ વાંચવાની ભલામણ છે.

(૧) સંક્ષિપ્ત જીવનપરિચય : સ્વાનુભવવિભૂષિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યક્ત્વ-આરાધનાની મૂર્તિ, ધર્મની શોભા અને 'આ કાળનું આશ્ચર્ય' એવાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના, નિર્મળ સમ્યક્ત્વસાધના પહેલાંના અને પછીના, આદર્શ જીવનનો જે સંક્ષિપ્ત પરિચય, તેમના વડીલ બંધુ ઊંડા આદર્શ આત્માર્થી આદરણીય વિદ્વદ્રત્ન પં. શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલ શાહે વિ.સં. ૨૦૪૦માં, બહેનશ્રીના જન્મધામ (વઢવાણ)ની યાત્રાના શુભાવસરે, આપેલ અને જે 'બહેનશ્રી ચંપાબેન અભિનંદનગ્રંથ'માં મુદ્રિત થયેલ છે, તે અત્રે આપવામાં આવ્યો છે. આમાં વર્ણિત બહેનશ્રીની બાળાવસ્થાનાં – જ્ઞાન, વૈરાગ્ય, ઉપશમ, ભક્તિ અને તદર્થ સમ્યક્ પુરુષાર્થના સાતિશય પ્રેરક —મધુર સંસ્મરણો આત્માર્થી જીવોને આત્મહિતનું મહાન નિમિત્ત થાય એવાં છે.

(૨) જાતિસ્મરણજ્ઞાન : વિ.સં. ૧૯૯૩ના ચૈત્રવદ આઠમના દિને, મુમુક્ષુ જગતને અત્યંત ઉપકારી થાય એવી, એક અસાધારણ અદ્‌ભુત ઘટના બની. પૂજ્ય બહેનશ્રી સુવર્ણપુરી મધ્યે (લાઠીના ઉતારામાં) નિજ-નિવાસકક્ષ વિષે સ્વાત્મધ્યાનમાં બેઠાં હતાં ત્યારે, નિર્વિકલ્પ આત્માનુભૂતિમાંથી ઉપયોગ વિકલ્પમાં આવતાં, તેમને મતિજ્ઞાનની પરિણતિમાં સહજ નિર્મળતા થતાં ઉપયોગની સ્વચ્છતામાં પૂર્વભવનું આશ્ચર્યકારી સહજ સ્પષ્ટ જાતિસ્મરણજ્ઞાન પ્રગટ થયું. આ નિર્મળ પવિત્ર જ્ઞાનમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીને, ગત ભવમાં વિદેહક્ષેત્ર મધ્યે તેમણે સમવસરણમાં જેમની દિવ્ય વાણી સાક્ષાત્ સાંભળી હતી તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિદેહીનાથ સર્વજ્ઞવીતરાગ પરમાત્મા શ્રી સીમંધર ભગવાન, તેમનું દિવ્ય સમવસરણ, તેમની વાણીમાં સાંભળેલ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ભૂત તેમ જ ભાવિ ભવ, સ્વર્ગ અને ત્યાંનાં રત્નનિર્મિત શાશ્વત જિનમંદિરો તથા રત્નમય શાશ્વત જિનપ્રતિમાઓ વગેરે અનેક વિષયો ક્રમે ક્રમે સ્પષ્ટપણે સ્મરણમાં આવ્યાં છે.

પૂજ્ય ગુરુદેવને, દીક્ષા લીધા પછી, અંદરથી સ્વયં સહજ એમ આવતું કે 'અરે ! હું તો તીર્થંકરનો જીવ છું'. તદુપરાંત 'હું રાજકુમાર છું', એકવડિયો ઊંચો શરીરનો બાંધો, ગતભવનો પહેરવેશ, ૐકાર ધ્વનિનો નાદ વગેરે અંદરથી સહજ આવતું હતું, પણ આ વાત પૂજ્ય ગુરુદેવે કદી બહાર મૂકી નહોતી. પૂજ્ય બહેનશ્રીના જાતિસ્મરણજ્ઞાનની વિગત જાણવામાં આવી ત્યારે પૂજ્ય ગુરુદેવને સ્પષ્ટ થયું કે – 'દીક્ષા લીધા પછી જે મને કુદરતે અંતરમાં આવતું તે આ જ હતું.'

આમ પૂજ્ય બહેનશ્રીના આ પવિત્ર જ્ઞાન દ્વારા પરમપૂજ્ય ગુરુદેવનો 'ભાવી તીર્થંકરના દ્રવ્યરૂપ' લોકોત્તર મહિમા પ્રસિદ્ધ થવાથી મુમુક્ષુજગત ઉપર ખરેખર મહાન ઉપકાર થયો છે. પૂજ્ય બહેનશ્રીના સ્વાનુભવવિભૂષિત શુદ્ધાત્મસાધનામય આદર્શ જીવનની સાથે આ પવિત્ર જ્ઞાન પણ આત્માર્થી જીવોને પોતાના શ્રદ્ધાજીવનમાં તેમ જ ભક્તિજીવનમાં અતિશયતા લાવવા માટે મહાન લાભનું કારણ થયું છે.

(૩) ગુરુદેવના હૃદયોદ્‌ગાર : અધ્યાત્મમાર્ગપ્રકાશક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કૃપાનિધાન પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો સમસ્ત મુમુક્ષુજગત ઉપર અકથ્ય અનંત ઉપકાર છે. તેઓશ્રીના અનેકવિધ ઉપકારોમાંનો એક મહાન ઉપકાર એ છે કે તેઓશ્રીએ મુમુક્ષુજગતને પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની, સ્વાનુભવભીની શુદ્ધાત્મસાધનાથી અને ધર્મ સાથે સંબંધવાળા આશ્ચર્યકારી જાતિસ્મરણજ્ઞાનથી વિભૂષિત, પવિત્ર અલૌકિક અંતરંગદશાની યથાતથ ઓળખાણ કરાવી છે. આત્માર્થી જીવોને આત્માર્થ સાધવામાં લાભનું કારણ થાય એ હેતુએ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ, સુવર્ણપુરીમાં તેમ જ પ્રવાસ દરમ્યાન અનેક ગામોમાં પ્રવચનસભા ને તત્વચર્ચા પ્રસંગે અતિ પ્રસન્નતાપૂર્વક ઉચ્ચારેલા—પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની અધ્યાત્મસાધના, જાતિસ્મરણજ્ઞાન અને ‘બહેનશ્રીનાં વચનામૃત’ પુસ્તક સંબંધી – કેટલાક અહોભાવભીના ‘હૃદયોદ્‌ગારો’ અત્રે આપવામાં આવ્યા છે, કે જેનું ભક્તિભાવભીનું અધ્યયન સુપાત્ર જીવોને પોતાના જીવનઘડતરમાં અવશ્ય લાભરૂપ થશે.

(૪) અધ્યાત્મ-અમૃતસરિતા : આ વિભાગમાં, વૈરાગ્યમૂર્તિ આત્મજ્ઞાની પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં નાની વયનાં સ્વાનુભવરસભીનાં કેટલાંક લખાણોમાંથી થોડાંક અવતરણો વીણીને આપવામાં આવ્યાં છે. આ અવતરણોનું ઊંડાણથી અવલોકન કરતાં આત્માર્થના અભ્યાસીને તેમની અંતરંગ પરિણતિનો – સહજ જ્ઞાન, વૈરાગ્ય, ઉપશમ, ઉદાસીનતા,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિર્વિકલ્પ આત્માનુભવ, સતત વર્તતી જ્ઞાતાધારા, સ્વરૂપસ્થિરતાની સહજ પરિણતિ વગેરેનો–અદ્ભુત મહિમા અંદરથી જરૂર આવશે.

આ અવતરણો ખરેખર અધ્યાત્મ-અમૃતસરિતા જ છે. આત્માર્થી જીવોએ તેનું વાંચન તથા તેના ઉપર ગહન વિચાર-મનન અવશ્ય કરવા યોગ્ય છે અને એમ કરવાથી જરૂર અપૂર્વ આત્મલાભ થશે.

અંતમાં – એ જ ભાવના કે પરમોપકારી પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના અનુપમ ઉપકાર તળે જેમણે ભવાન્તકારી મંગળ અધ્યાત્મસાધના સાધી લીધી છે એવા સ્વાનુભવપરિણત વિશિષ્ટજ્ઞાનધારી પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના પવિત્ર જીવન સંબંધી આ સંકલન સંશોધક આત્માર્થી જીવોને તેના ઊંડા અવગાહન દ્વારા આત્મસાધનાની સમ્યક્ પ્રેરણા, દિશા અને પુરુષાર્થની પ્રાપ્તિમાં નિમિત્તરૂપ હો.

*

વિ. સંવત ૨૦૫૧ શ્રાવણ વદ-૧૪
તારીખ ૨૫-૮-૧૯૯૫

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
સોનગઢ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





વિદેહીનાથ શ્રી સીમંધર ભગવાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com




પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

જિનાલયોથી સુશોભિત અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરી



સ્વર્ણપુરે ધર્માયતનો સૌ ગુરુગુણકીર્તન ગાતાં;
સ્થળ-સ્થળમાં 'ભગવાન આત્મ'ના ભણકારા સંભળાતા;
— કણ કણ પુરુષારથ પ્રેરે, — ગુરુજી આતમ અજવાળે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




દેવાધિદેવ જિનેન્દ્રભગવાનને ભાવભીનાં વંદન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com



મંગળ આશિષ આપતા પૂજ્ય ગુરુદેવ

*

આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો;
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

# પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો અપાર ઉપકાર

## [પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના હસ્તાક્ષરમાં]

હે પરમ કૃપાળુ ગુરુદેવ! આપના અપાર ગુણોનું શું વર્ણન કરું? આપના અનંત ઉપકારોનું શું વર્ણન કરું? આ આત્માના દરેક પર્યાયમાં આપનો અસીમ ઉપકાર છે. આપે આ ભારતના જીવોને જાગ્રત કર્યા છે, અંતરમાં આત્મા તરફ વાળ્યા છે.

હે ગુરુદેવ! આપના શુદ્ધાત્મામાં પ્રગટેલી શુદ્ધ પર્યાયોની—જ્ઞાન-વિરક્તિ આદિની છાયા આપના અંતરમાં તેમજ આપની મુદ્રામાં છવાઈ ગઈ હતી.

હે ગુરુદેવ! આપના અંતરમાં ચૈતન્યરત્નાકર-સ્પર્શતી સાતિશય શ્રુતજ્ઞાનની ચમત્કારી સમ્યક્ પર્યાયોના ઝગમગાતા જ્ઞાન-દીવડા પ્રકાશિત રહ્યા હતા; આપની સાતિશય વાણી ચૈતન્યદેવનો અદ્ભુત ચમત્કાર દેખાડનારી હતી.

હે ગુરુદેવ! આપનું ચૈતન્યદ્રવ્ય મંગળસ્વરૂપ અને મંગળતા પ્રગટાવનાર તથા અલૌકિક હતું, દિવ્ય હતું.

હે ગુરુદેવ! આપે એકાકી, નિસ્પૃહ અને નીડરપણે અંતરમાં પુરુષાર્થ કરી આત્મરત્નને પ્રગટ કરી ભારતના જીવોને તે સન્મુખ માર્ગે નિઃસ્પૃહપણે અને નીડરપણે આપના પરાક્રમથી વાળ્યા છો. શાસ્ત્રોમાં ને આત્મદેવનાં ઊંડાં સૂક્ષ્મ ગૂઢ પ્રકાશ્યાં છે; ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, દ્રવ્યદૃષ્ટિ, જ્ઞાતા, કર્તા, અકર્તા, સ્વાનુભૂતિના નિર્વિકલ્પ દશા વગેરે ચૈતન્યના અદ્‌ભુતતા વાણી દ્વારા પ્રકાશ કરી લાખો જીવોને અંતરદૃષ્ટિનો માર્ગ બતાવ્યો છે, તે પંથે વાળ્યા છે. આપ ભારતના મહાન વિભૂતિ અને અજોડ રત્ન હતા.

હે ગુરુદેવ! આપના ઉપકારોનું શું વર્ણન થાય? તે તો હૃદયપટમાં કોતરાઈ ગયા છે. આ દાસના આત્મા ઉપર આપનો અનંત અનંત ઉપકાર છે. આપની સેવા-ભક્તિ અંતરમાં વસી રહો. આપના ચરણ કમળમાં આ દાસના વારંવાર પરમભક્તિથી વંદન નમસ્કાર હો.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# સંક્ષિપ્ત જીવનપરિચય

આ વિભાગમાં, વિ.સં. ૨૦૪૦માં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૧મી જન્મજયંતી પ્રસંગે રક્ષાબંધનપર્વદિને આયોજિત – 'કહાન-એક્સપ્રેસ' સ્પેશિયલ ટ્રેઈન દ્વારા-પૂજ્ય ભગવતીમાતા બહેનશ્રી સાથે તેમના જન્મધામની યાત્રાના શુભાવસરે બહેનશ્રીના વડીલ બંધુ આદરણીય વિદ્વદ્રત્ન પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહ દ્વારા પ્રસ્તુત સંક્ષિપ્ત જીવનપરિચય આપવામાં આવ્યો છે. આમાં વર્ણિત બહેનશ્રીની બાલ્યાવસ્થાનાં–સાધના-અવસ્થાનાં-મધુર સંસ્મરણોને, પોતાના જીવનમાં આત્મહિતનું નિમિત્ત થાય એ રીતે, ઉપયોગી બનાવવા મુમુક્ષુઓને ભલામણ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ॐ

नमः श्रीपंचपरमेष्ठिभ्यः ।

नमः श्रीसद्गुरुदेवाय ।

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો
# સંક્ષિપ્ત જીવનપરિચય

[ જન્મધામ વઢવાણમાં આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈએ આપેલો ]

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો જન્મ વઢવાણ શહેરમાં, વિ.સં. ૧૯૭૦, શ્રાવણ વદ બીજ ને શુક્રવારના દિવસે, મહાલક્ષ્મીના મંદિર પાસે પીપળાવાળા ઘરે થયો હતો.

પૂજ્ય બહેનશ્રીની ઉંમર સાડા ત્રણ વર્ષની હતી ત્યારે અમારાં માતુશ્રીનો સ્વર્ગવાસ થયો. મારી ઉંમર તે વખતે સાડા નવ વર્ષની. માતુશ્રીનો સ્વર્ગવાસ થવાથી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન કરાંચીમાં મોટાં બેનને (સમરતબેનને) ત્યાં રહ્યાં. પૂજ્ય બાપા, મોટાભાઈ શ્રી વજુભાઈ અને હું — અમે ત્રણ વઢવાણ રહ્યા. પૂજ્ય બહેનશ્રી ચંપાબેન લગભગ દસ-અગિયાર વર્ષ કરાંચીમાં રહ્યાં. શાળાનો અભ્યાસ પણ તેમણે ત્યાં જ કર્યો. બુદ્ધિશાળી હોવાથી શાળાના અભ્યાસમાં તેઓ પ્રાયઃ પ્રથમ નંબર રાખતાં.

તેઓ પ્રથમથી જ પ્રકૃતિએ સૌમ્ય, નરમ, સૌજન્યપૂર્ણ, શરમાળ, વૈરાગી અને મિતભાષી તેમ જ મિષ્ટભાષી હતાં. બોલે બહુ થોડું. બોલાવે ત્યારે બહુ જ થોડું માંડ બોલે. મોટાં બેન પાડોશીને ત્યાં કોઈ વસ્તુ લેવા મોકલે કે 'ચંપા ! ચપ્પુ લઈ આવ', તો તે તેમને ત્યાં જઈને ધીરી મધુર વાણીથી કહે : 'ચપ્પુ આપો ને !' પાડોશીને એ સાંભળવું એવું મીઠું લાગે કે ફરીને બોલાવવા માટે તે પૂછે : 'ચંપા ! શું લેવા આવી છું ? સમજાણું નહિ.' 'ચપ્પુ આપો ને !' એમ કહે ત્યારે તે ફરીથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહે : 'હજી કાંઇ સમજાણું નહિ.' ત્યારે બહેનશ્રી ફરીને કહે : 'ચપ્પુ આપો ને !'– એમ, તેમની મધુર ભાષા સાંભળવા માટે, ફરી ફરીને બોલાવતા.

તેઓ સ્વભાવે નરમ પણ એટલાં જ હતાં. માળામાં નીચે પાણીના સહિયારા નળ હતા. ત્યાં પાણી ભરવા જાય તો તેઓ એક બાજુ ઊભાં રહે. તેમનો વારો આવે તો પણ પોતે ભીડની અંદર જઇને ભરી શકે નહિ. પછી એવી છાપ પડી ગયેલી કે બીજાં બહેનો, જે ત્યાં હોય તે, કહે : 'ચંપાને પાણી ભરી લેવા દો ! તે તો એક બાજુ ઊભી જ રહેશે, પાણી નહિ ભરી શકે.' બહેનશ્રી પહેલેથી આવાં નરમ સ્વભાવનાં હતાં. આવા ઘણા સદ્‌ગુણો તેમનામાં હતા.

બહેનશ્રીને બાળપણથી જ સદ્‌ગુણી વ્યક્તિઓ પ્રત્યે પ્રેમ હતો, તેમાંય સતીઓનું તો ખૂબ આકર્ષણ. 'સતીમંડળ' નામનું પુસ્તક તેમને ઈનામમાં મળેલ હતું; તેમાંથી સતીઓનાં ચરિત્રો તેઓ વાંચતાં તથા કેટલીક સતીઓનાં ચરિત્રો સંબંધી રાસ-ગરબા તેઓ માળાના ચોગાનમાં ગવરાવતાં અને અન્ય બાળાઓ ઝીલતી. બીજાં પણ નૈતિક પુસ્તકો, સદાચરણનાં પુસ્તકો તેઓ વાંચતાં. એવાં સારાં સારા પુસ્તકો વાંચવાનો તેમને પહેલેથી જ પ્રેમ હતો. તેમણે ધાર્મિક અભ્યાસ ઘરે બેઠાં બેઠાં વાંચીને, અથવા કોઇ બહેનની સાથે સામાયિક-પ્રતિક્રમણ વગેરે કરતાં તે દરમ્યાન કર્યો હતો. ધર્મસ્થાનક ત્યાં હતું, પણ બહુ દૂર. ત્યાં બહારથી આવેલા કોઈ પંડિતો વ્યાખાન વાંચતા, પણ તે ઉપદેશ સાંભળવા જવાનું તો કોઈક વાર બનતું. કોઇ વાર ઘરે બપોરે સામાયિક કરે ને રાત્રે પ્રતિક્રમણ કરે.

શાળાનો અભ્યાસ છોડયા પછી તો તેઓ બપોરે ઘરે સામાયિક ઘણી વાર કરતાં; ત્યાગવૈરાગ્યની ક્રિયાઓ પણ કરતાં. સામાયિકનો પાઠ શીખેલાં ને પ્રતિક્રમણ પણ મુખપાઠ કરેલું. તદુપરાંત થોકડામાં નવ તત્ત્વ, છ કાયના બોલ, દંડક, ગતિ-આગતિ, ગુણસ્થાન—એ બધું, યથાશક્તિ વિચારપૂર્વક, મુખપાઠ કરેલું. પુચ્છિસ્સુણં, ભક્તામર તથા કલ્યાણમંદિર વગેરે સ્તોત્ર કંઠસ્થ કર્યાં હતાં. બીજું ધાર્મિક વાંચન પણ કરતાં. બહેનશ્રી કહેતાં : "ત્યાં પંડિત 'લાલન'નું એક પુસ્તક હતું. તેમાં એમ આવતું કે 'આંખ બંધ કરો, કાન બંધ કરો, અંદર જે એક વિચારક તત્ત્વ છે તે આત્મા છે.' તે વાત મને ગમતી. તે વિચારક તત્ત્વ કોણ છે તે સમજવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હું પ્રયત્ન કરતી.'' આ રીતે આત્મા સમજવાની ધાર્મિક લાગણી તેમને પહેલેથી જ હતી.

તેમનું ચિત્ત વૈરાગ્યથી ઘણું જ ભિંજાયેલું હતું. તેથી તેમને દીક્ષા લેવાની ભાવના નાનપણથી જ હતી. નાની વયથી જ તેમને અંતરમાં એમ થતું કે 'આવો મનુષ્યભવ તો કોઈક વાર જ મળે છે, આ મોંઘા મનુષ્યભવનો ઉપયોગ તો મોક્ષ પ્રાપ્ત કરવા માટે જ કરી લેવો જોઈએ. તે માટે મારે અવશ્ય દીક્ષા લેવી.' આમ તેમને દીક્ષાની પ્રબળ ભાવના વર્તતી હતી અને અંદરમાં દઢ નિર્ણય કરેલ કે 'મારે દીક્ષા તો લેવી જ છે.' આ વાત તેમણે પોતાની એક બહેનપણીને કહી. બહેનપણી દ્વારા તે વાત બહાર પડી ગઈ અને ચંપાબેનને ઠપકો મળ્યો કે — આવા શા વિચારો કરે છે ? તેથી, ભાવના તીવ્ર હોવા છતાં, દીક્ષા ન લઈ શકાઈ ; શરમાળ ને નરમ પ્રકૃતિને લીધે, તથા કોની પાસે દીક્ષા લેવી તે નિર્ણય નહિ થઈ શકવાથી, દીક્ષાની ભાવના સાકાર ન થઈ શકી.

ત્યાર પછી લગભગ ચૌદ કે પંદરમા વર્ષે તેમને વઢવાણ આવવાનું થયું. તે પહેલાં તેઓ દર બબ્બે કે ત્રણ-ત્રણ વર્ષે વઢવાણ આવતાં ને બે-ચાર મહિના રહેતાં, અને પછી કરાંચી જતાં. પણ પંદરમા વર્ષે વઢવાણ આવ્યા પછી તો ઘણો સમય ત્યાં જ પસાર કરવાનું થયું. કોઈ વાર મોટા ભાઈના ઘરે વાંકાનેર જાય ; કરાંચી પણ વચ્ચે જઈ આવેલાં. તેમનું ચિત્ત વૈરાગ્યથી ભિંજાયેલું તો હતું જ, તેમાં તેમની ધર્મભાવનાને—દેશમાં રહેવા દરમિયાન—પોષણ તેમજ દિશા મળે તેવું થયું. તેમને પૂજય ગુરુદેવ પાસેથી વ્યાખ્યાન દ્વારા તત્ત્વની ઘણી વાતો સાંભળવા મળી. ગુરુદેવે મોક્ષમાર્ગનું જે યથાર્થ પ્રરૂપણ કર્યું હતું તે મેં સાંભળેલું, તત્ત્વજ્ઞાનની યથાર્થ ઝીણી વાતો—સમ્યગ્દર્શનનું માહાત્મ્ય, આત્માનો સ્વભાવ, કર્મ અને આત્માનું સ્વતંત્ર પરિણમન વગેરે ઘણી ઘણી વાતો—સાંભળેલી. તે વિષે હું અને બહેનશ્રી ચર્ચા કરીએ. હુ તેમને તત્ત્વની, વૈરાગ્યની કે સત્પુરુષ પ્રત્યે ભક્તિની જે જે વાત કરું તે તેઓ ખૂબ રસપૂર્વક સાંભળે. તેમને તે વાતો ખૂબ ગમતી. પહેલાં તો તેમને આ વાતો અઘરી લાગતી ને મનમાં થતું કે આ બધું શે સમજાય ? પણ પછી તો તેમણે તે બધું બહુ ઝડપથી પકડી લીધું અને ગુરુદેવનું તત્ત્વજ્ઞાન અંદરમાં પોતાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવથી પોતે સમજી લીધું.

તેમનું જીવન પ્રથમથી જ સાધ્યલક્ષી હતું, અને તે સાધ્ય મોક્ષપ્રાપ્તિ હતું. તેથી તત્ત્વને સ્પષ્ટ કરે અને વૈરાગ્ય-ઉપશમ દઢ કરે એવાં ધાર્મિક પુસ્તકો વાંચવાં બહેનશ્રીને ગમતાં. તે સિવાય અન્ય વાંચનમાં સમય બિલકુલ ન બગાડતાં.

'શ્રીમદ્ રાજચંદ્ર' પુસ્તક એ રીતે હાથમાં આવ્યું કે – વિ.સં. ૧૯૮૨ની સાલના વઢવાણના ચાતુર્માસ પછી ગુરુદેવ જ્યારે વિહાર કરવાના હતા ત્યારે વજુભાઈએ પૂછ્યું કે 'મહારાજ સાહેબ ! આપ વિહાર કરો છો તો આપના સમાગમના વિયોગમાં હવે અમારે કયું પુસ્તક વાંચવું ?' ત્યારે તેઓશ્રીએ કહ્યુંઃ 'શ્રીમદ્ રાજચંદ્ર' વાંચો. તેથી તે પુસ્તક વજુભાઈ પુસ્તકાલયમાંથી લાવેલા. મારા હાથમાં આવતાં તે પુસ્તક મને ખૂબ ગમ્યું, એટલે હું તે વાંચતો; બહેનશ્રી પણ વાંચતાં; હું અને બહેનશ્રી, સાથે બેસીને પણ, તે પુસ્તક વાંચતાં; તેમાં પ્રરૂપેલા ધર્મબોધ વિષે ચર્ચા પણ કરતાં. તેમાં જે વિચારો કહ્યા હોય તે વિચારતાં. બહેનશ્રી તેમાં ખૂબ રસ લેતાં.

તદુપરાંત 'કર્મ ને આત્માનો સંયોગ' નામનું એક પુસ્તક હતું. તે પણ અમે વાંચતાં ને વિચારતાં. તે પુસ્તક વજુભાઈને ધાર્મિક અભ્યાસક્રમમાં પાઠયપુસ્તક તરીકે હતું. સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ તરફથી સૌરાષ્ટ્રમાં જે પરીક્ષા લેવાતી હતી તેનું, તે પાઠયપુસ્તક હતું. તેથી તે પુસ્તક ઘરમાં હતું. તે મારા હાથમાં આવ્યું. તેની અંદર કહેલી વાતો મને ખૂબ ગમતી. પાછળથી ખબર પડી કે 'કર્મ ને આત્માનો સંયોગ' તે, કોઈ સ્વતંત્ર મૌલિક પુસ્તક નથી, પણ 'મોક્ષમાર્ગપ્રકાશક' નામના દિગંબર જૈન ગ્રંથના બીજા અધિકારનું લગભગ ભાષાંતર જ તેમાં આપેલું છે. તેમાં બહુ તર્કસંગત ને સુંદર રીતે સિદ્ધાંતો સમજાવ્યા છે, જે સ્વાભાવિક રીતે જ આપણને ગમે. કર્મનું કાર્ય શું, આઠ કર્મનું પ્રયોજન શું, આત્મા અને કર્મ બંને સ્વતંત્ર છે, માત્ર તેમને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે – આવી ઘણી વાતો તેમાં પ્રતીતિકર ઢંગથી સમજાવી છે. તેમાં સ્પષ્ટ રીતે સમજાવ્યું છે કે બંધના પ્રકારમાં જે પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ ને અનુભાગ છે તેમાં જે પ્રકૃતિબંધ ને પ્રદેશબંધ છે તે ગૌણ બંધ છે અને તેનું કારણ યોગ છે, તથા જે સ્થિતિબંધ ને અનુભાગબંધ છે તે મુખ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બંધ છે અને તેનું કારણ કષાય છે. આનો અર્થ એ થયો કે બંધ થવામાં કાયાદિની ચપળતા મહત્ત્વની નથી પણ કષાયપરિણામ મહત્ત્વના છે. આ વાત ખૂબ ન્યાયસંગત હોવાથી મને બહુ પ્રિય હતી; બહેનશ્રીને પણ તે ગમતી. આ રીતે તે પુસ્તક વિષેની ઘણી ઘણી વાતો અમે બંને ભાઈ-બહેન સાથે બેસીને વાંચતાં અને ચર્ચતાં. બહેનશ્રીને પણ તે વાતોમાં ખૂબ રસ પડતો. બીજાં પણ કોઈ કોઈ પુસ્તક અમે સાથે વાંચતાં ને વિચારતાં. તેમાંથી બહેનશ્રીને, પૂજ્ય ગુરુદેવ પાસે જે સાંભળેલું તેની સારી પકડ આવેલી.

હું તો અનિર્ણય-દશામાં રહેતો, વિચારોમાં જ અટકી જતો; વિચારથી સામાન્યપણે બેસે, પરંતુ 'આમ જ છે' એમ નક્કી ન થાય. બહેનશ્રીને તો તે અંતરમાં નક્કી જ થઈ જતું. તેઓ તરત જ નિર્ણય કરે અને કહે કે—'મને તો આ જ વાત સાચી લાગે છે.' એક વાર તેમની સાથે કોઈ ચર્ચા થતી હતી ત્યારે મેં કહ્યું: 'ક્રોધ આત્માનો સ્વભાવ નથી' એ કઈ રીતે નક્કી થાય? તેમણે તરત જ કહ્યું : ક્રોધ જો આત્માનો સ્વભાવ હોય તો તેનાથી જ્ઞાનને પુષ્ટિ મળવી જોઈએ; સ્વભાવ એકબીજાને હણે નહિ. પરંતુ ક્રોધ કરીએ ત્યારે જ્ઞાન કુંઠિત થાય છે; માટે તે, આત્માનો સ્વભાવ નથી. ક્ષમા જ્ઞાનને રોકતી નથી, માટે ક્ષમા જીવનો સ્વભાવ છે.

ત્યાર પછી — કઈ સાલમાં તે ખબર નથી, કદાચ મોડે હશે — તેમણે પરમાગમના એક અતિ-મહત્ત્વપૂર્ણ સિદ્ધાંતમાં પોતાનો દૃઢ પ્રતીતિભાવ ભારપૂર્વક જાહેર કરેલો. મેં પૂછ્યું : જીવ જ્યારે અશુદ્ધિ કરે ત્યારે પણ તેને સામર્થ્ય-અપેક્ષાએ શુદ્ધિ રહે છે એ શાસ્ત્રસંમત હકીકત છે. જીવ રાગદ્વેષ કરે અને તે જ વખતે એક અપેક્ષાએ—સ્વભાવ-અપેક્ષાએ શુદ્ધ ! એ કઈ રીતે હશે? તેમણે દૃષ્ટાંત આપીને કહ્યું કે — સાકરનો ગાંગડો કાળીજીરીના ભૂકામાં મૂકયો હોય તો શું સાકરનું ગળપણ જતું રહે છે? ઉપર-ઉપર કડવાશ આવે પણ અંદર તો મીઠાશ છે. મેં કહ્યું : તે દૃષ્ટાંત બેસતું નથી; કારણ કે આત્મા તો એક અખંડ પદાર્થ છે અને સાકર તો અનંત પરમાણુઓનો પિંડ છે. વચ્ચેના પરમાણુઓને કાળીજીરી અડી પણ નથી, એટલે તે તો ગળી રહે, કડવી કયાંથી થાય? પણ આત્મા તો એક અખંડ પદાર્થ છે, તેમાં એક જ સમયે શુદ્ધ ને અશુદ્ધ—એ બે એકસાથે એક જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વસ્તુમાં કઈ રીતે હોઈ શકે ? તેમણે કહ્યું : દૃષ્ટાંત બેસતું હોય કે ન બેસતું હોય પણ તત્ત્વ તો એમ જ છે અને મને એમ બેસે છે.—એમ તે કહેતાં. આમ તેમને ઘણાં આધ્યાત્મિક તથ્યો સહજપણે અંદર બેસી જતાં.

આ રીતે તેમણે ઘણા સિદ્ધાન્તો થોડા જ કાળમાં પચાવ્યા. તે ખૂબ રસપૂર્વક ધાર્મિક વાતો સાંભળતાં અને વિચારતાં. આખો દિવસ, ઘરનાં કામકાજ વખતે પણ, તેમને તે જ વિચારો ચાલ્યા કરતા. આખો દિવસ ભાઈ મારી સાથે બેસી રહે અને મને સમજાવે તો સારું—એમ તેમને થયા કરતું. હું તેમને એમ કહેતો : આપણે સ્વતંત્રપણે ને નિષ્પક્ષપણે વિચારવું જોઈએ. 'જૈન'માં જન્મ્યા એટલે તે ધર્મ સાચો છે એમ માનીને ન ચાલવું, નિષ્પક્ષપણે વિચારવું. નિષ્પક્ષપણે વિચારીને પણ તેમને તો જૈન તત્ત્વજ્ઞાન જ બેસતું. તેઓ કહેતાં : હું મધ્યસ્થભાવે—નિષ્પક્ષપણે વિચારું છું તો પણ મને તો આમ જ એટલે કે જિનેન્દ્રે કહ્યા અનુસાર જ સત્ય લાગે છે.

હું તે વખતે અન્ય દર્શનનાં પુસ્તકો પણ શક્તિ પ્રમાણે, ટાઈમ પ્રમાણે વાંચતો. શ્રીમદ્ રાજચંદ્રજીએ 'યોગવાસિષ્ઠ' પુસ્તકની ભલામણ કરી છે એટલે 'યોગવાસિષ્ઠ'નાં પણ કેટલાંક પ્રકરણો વાંચ્યાં હતાં. ગાંધીજીના વિચારો ખૂબ વાંચતો. ગીતા વાંચેલી. તે ઉપરાંત 'રામકૃષ્ણ પરમહંસ', 'રામતીર્થ' ઇત્યાદિનાં જીવનચરિત્રો પણ વાંચવા લઈ આવતો. મને અંદર એમ રહ્યા કરતું કે આપણે 'સત્ય શું છે'—એ ન્યાયપૂર્વક નક્કી કરવું જોઈએ; કેમ કે ગાંધીજી જેવા કેટલાય મોટા માણસો અન્ય ધર્મમાં છે, તો અન્ય ધર્મ ખોટો હોય એમ એકદમ કેમ કહેવાય ?—આવા વિચારોમાં હું અટવાયા કરતો, ત્યારે બહેનશ્રીને તો સહેજે જૈનધર્મમાં કહેલા સિદ્ધાન્તો જ બેસી જતા. 'મને તો આ ન્યાયો જ બેસે છે' એમ તે કહેતાં. અમે પેલી વાતની (જીવમાં અશુદ્ધિ વખતે પણ સામર્થ્ય-અપેક્ષાએ શુદ્ધિ કઈ રીતે રહે છે—એ વાતની) ચર્ચા તો અનેક વાર કરતાં.

તત્ત્વસંબંધી વિચારો સ્પષ્ટ થાય તેમ જ તેનું ઘૂંટણ થાય તે હેતુથી અમે તાત્ત્વિક વિષયો પર નિબંધો—લેખો લખતાં; તેમાં પૂજ્ય બહેનશ્રીએ નીચેના વિષયો પર લેખો લખ્યા હતા :—(૧) જગત શું અને આ વિચિત્રતાનું કારણ શું ? (૨) સુખનું સાચું સ્વરૂપ અને તેનો સાચો ઉપાય. (૩) કયા માર્ગે છું ? (૪)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોક્ષની આવશ્યકતા શી ? (૫) દેહ ને આત્મા જુદા શા ન્યાયે ? (૬) કર્મ ગ્રહણ.કરવાનો આત્માનો સહજ સ્વભાવ નથી. (૭) દયા પણ શુભ રાગ છે; આત્માનો સહજ સ્વભાવ નથી.

ત્યાર પછી હું સુરત ગયો ત્યારે મારા પર તેમના પત્રો આવતા. તેમાં તેઓ પોતાના ધાર્મિક વિચારો જણાવતા. 'ઉદય અને ઉદીરણાનું સ્વરૂપ શું છે ? બે વચ્ચે શો તફાવત છે ? આજે હું આવવાનો હોઉં, પણ જો ન આવી શકું તો તે ઉદય કહેવાય કે ઉદીરણા ? તેમાં મોહકર્મ શો ભાગ ભજવે છે ? તેમાં શાતાવેદનીય કર્મ અથવા અશાતાવેદનીય કર્મ શો ભાગ ભજવે છે ?' ઇત્યાદિ બાબત હું વિચારું અને લખું, બહેનશ્રી પણ વિચારે અને લખે કે મને આમ બેસે છે.—એમ તેમના મુખ્યત્વે ધાર્મિક પત્રો આવતા.

જો કે બહેનશ્રી આજન્મ-વૈરાગી હતાં, મારે આત્માનું કરી જ લેવું છે એવી ઉગ્ર ભાવના તેમને બાળપણથી જ વર્તતી હતી અને તેઓ અનેક સદ્‌ગુણોના ધારક હતાં, તો પણ તેમને મોક્ષમાર્ગના પુરુષાર્થની સાચી વિધિ હાથ આવી તે તો આખીયે, પરમોપકારી ગુરુદેવના પરમ પરમ પ્રતાપથી જ. બહેનશ્રીના હૃદયમાં તારણહાર ગુરુદેવ પ્રત્યે અસીમ પારાવાર ભક્તિ છે. ગુરુદેવના ઉપકારોનું વર્ણન કરતાં તેઓ ગદ્‌ગદ થઈ જાય છે. 'હું તો પામર છું, બધુંય ગુરુદેવે જ આપેલું છે, બધુંય ગુરુદેવનું જ છે' એમ તેમના આત્માનો પ્રદેશે પ્રદેશ પોકારે છે.

એવા પરમોપકારી ગુરુદેવનાં દર્શનનો અને તેમનાં વ્યાખ્યાનશ્રવણનો પ્રથમ પાવન યોગ બહેનશ્રીને વઢવાણમાં શ્રી નારણભાઈની દીક્ષા પ્રસંગે વિ.સં. ૧૯૮૫માં પ્રાપ્ત થયો હતો. તે પ્રસંગે થોડા દિવસ પૂજ્ય ગુરુદેવનાં તત્ત્વજ્ઞાનભરપૂર પુરુષાર્થપ્રેરક પ્રવચનો સાંભળી બહેનશ્રીને અત્યંત આનંદ થયો હતો.

પછી, બીજી વાર બહેનશ્રીને ભાવનગરમાં ઘણા દિવસ વ્યાખ્યાનશ્રવણનો યોગ પ્રાપ્ત થયો હતો. ભાઈશ્રી વજુભાઈ ભાવનગરમાં ઇજનેર તરીકે નોકરી કરતા હતા ત્યારે બહેનશ્રી ત્યાં ગયાં હતાં અને ગુરુદેવની પણ તે વખતે ભાવનગરમાં સ્થિતિ હતી. બહેનશ્રી ખૂબ એકાગ્રતાથી ગુરુદેવનાં વ્યાખ્યાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાંભળતાં અને ઘરે આવીને લખી લેતાં. તે લખાણ દાસભાઈના (પુરુષોત્તમદાસ કામદારના) વાંચવામાં આવ્યું અને વાંચી બહુ જ ખુશી થયા. તેમણે ગુરુદેવને કહ્યું : 'સાહેબ ! વજુભાઈનાં એક બહેન છે, તે આપનું વ્યાખ્યાન ઘરે જઈને બધું લખી લે છે ; એટલું સુંદર લખે છે કે ન્યાય કયાંય જરા પણ મરડાતો નથી કે કોઈ નાની હકીકત પણ છૂટી જતી નથી.' પછી એક વાર ગુરુદેવ વજુભાઈને ત્યાં આહાર વહોરવા પધાર્યા હતા ત્યારે આહાર વહોરાવતી વખતે બહેનશ્રીના શાન્ત, ધીરગંભીર યોગ વગેરે ઉપરથી ગુરુદેવને તેમની સંસ્કારિતા અને સુપાત્રતાનો ખ્યાલ આવી ગયો ; અને ઉપાશ્રયે દાસભાઈને કહ્યું કે—'મેં વજુભાઈનાં બહેનને જોયાં. બહેન સંસ્કારી છે.'

બહેનશ્રી ત્યાર પછી વીંછિયા ગયાં હતાં, પોરબંદર ગયાં હતાં, જામનગર ગયાં હતાં,—એમ જુદે જુદે ગામ ગયાં હતાં. તેઓ ગુરુદેવનું જે સાંભળે તે ઉપલક સાંભળીને કાઢી ન નાખે, પરંતુ તેના ઉપર બરાબર વિચાર કરતાં. પોતાના જીવનમાં કેમ ઉતારવું — એ હેતુથી તે સાંભળતાં. ભલે માત્ર પાંચ-સાત દિવસ સાંભળી આવે, પણ અંતરમાં મંથન કરી તેનું રહસ્ય ગ્રહી લેતાં.

બહેનશ્રીને ગુરુદેવના પ્રવચનશ્રવણના પ્રતાપે અગાઉથી—સમકિત થયા પહેલાં વર્ષ-બે વર્ષ આગળથી—અંદરથી જોર આવવા માંડયું કે 'મારે સમકિત તો લેવું જ છે, આ ભવમાં સમકિત ન લઈએ તો આ મનુષ્યપણું શા કામનું ? સમકિત થશે જ....સમકિત લેવું જ છે.' એક વાર મેં પૂછયું : ચંપા ! સમકિત કેટલું દૂર છે ? તો કોણી સુધીનો હાથ બતાવીને કહે : 'આટલું.' — આમ વિશ્વાસથી કહ્યું. મને મનમાં થયું કે 'બહેનને સમકિત શી ચીજ છે તેની પૂરી ખબર લાગતી નથી. સમકિત થતાં તો સિદ્ધભગવાન જેવા અતીન્દ્રિય આનંદનો અંશે અનુભવ થાય. પણ બહેન સમકિતને સામાન્ય ચીજ ગણીને કહેતી લાગે છે.' પછી હું બીજી વાર વેકેશનમાં સુરતથી પાછો વઢવાણ (કે વાંકાનેર) આવ્યો ત્યારે ફરીને મેં પૂછયું : 'ચંપા ! હવે સમકિત કેટલું દૂર છે ?'— તો અર્ધો હાથ બતાવીને તે કહે કે 'આટલું.'— આમ તેમને અંદરથી એવું જોર આવતું' અને પોતાને પ્રગતિ થઈ રહી છે એમ પણ ભાસતું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિ.સં. ૧૯૮૯ના કારતક માસમાં પૂજ્ય ગુરુદેવનાં દર્શન ને વાણીનો લાભ લેવા અમે ભાઈબહેન જામનગર ગયાં હતાં અને ત્યાં ત્રણ દિવસ રહ્યાં હતાં.

ત્યાં મેં ગુરુદેવને પૂછ્યું હતું કે—'બે જીવોને આઠેય કર્મનાં પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગ ને ઉદય વગેરે બધું સરખું હોય તો તે બે જીવો તે સમયે સરખા ભાવ કરે કે જુદા ભાવ કરે ?' ગુરુદેવે કહ્યું : 'જુદા ભાવ કરે.' મેં કહ્યું : 'સ્વભાવ તો સરખા છે અને બંનેને કર્મના પ્રકારોમાં પણ બધું સરખું છે તો પછી શું કામ જુદા ભાવ કરે ?' તેનો જવાબ આપતાં ગુરુદેવે કહ્યું : 'અકારણ પારિણામિક દ્રવ્ય છે ;' અર્થાત્ જેનું કોઈ કારણ નથી એવા ભાવે સ્વતંત્રપણે પરિણમતું દ્રવ્ય છે, તેથી તેને પોતાના ભાવ સ્વાધીનપણે કરવામાં ખરેખર કોણ રોકી શકે ? તે સ્વતંત્રપણે પોતાનું બધું કરી શકે છે.

ઉપરની પ્રશ્નોત્તરી વખતે એક નિયતિવાદી શેઠ કે, જેઓ નિયતિ પર જોર આપીને પુરુષાર્થ ઉડાડતા, તે ત્યાં બેઠા હતા. ઉપાશ્રયની બહાર નીકળીને મેં તે શેઠને કહ્યું : શેઠ ! પૂજ્ય મહારાજ સાહેબે જીવની સ્વાધીનતાનું કેવું સુંદર સ્પષ્ટીકરણ કર્યું ? શેઠ કહે : "મારે મહારાજ સાથે આ જ વાંધો છે. કાનજીમહારાજ 'પાંચ સમવાય' માનતા નથી ને હું તો પાંચેય સમવાય માનું છું." મેં કહ્યું : "પાંચે સમવાય માને તો પણ સમાન-વજનપણે તો કોઈ ન માની શકે. તમે નિયતિની મુખ્યતા માનો છો ને તેઓ પુરુષાર્થની મુખ્યતા માને છે. તે બે વાતમાં કઈ વાત ન્યાયસંગત છે ? 'પોતાના ભાવ, પોતે કરે તે પ્રમાણે થાય' તે વાત બરાબર છે કે 'નિયતિ' એ ઠોકી બેસાડયું હોય તે પ્રમાણે થાય—તે વાત બરાબર છે ? તમારી માન્યતામાં પણ પાંચનું સમાન વજન તો રહેતું નથી ; પાંચમાં તમે 'નિયતિ' ને મુખ્ય માનો છો અને મહારાજ સાહેબ 'પુરુષાર્થ' ને મુખ્ય માને છે." શેઠ પાસે કોઈ ઉત્તર નહોતો.

પૂજ્ય મહારાજ સાહેબ સમક્ષ જે ચર્ચા-વાર્તા થાય તે હું અમારા ઉતારે જઈને બહેનશ્રીને કહેતો. આ સ્વાધીનતા અને પુરુષાર્થની વાત પણ કરી. તે સાંભળી બહેનશ્રી પ્રમુદિત થયાં. બહેનશ્રીનો પણ, ગુરુદેવની જેમ, પુરુષાર્થ જ જીવનમંત્ર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જામનગર ત્રણ દિવસ રહીને ત્યાંથી પાછા ફરતાં બહેનશ્રી ખૂબ વૈરાગ્યમાં આવી ગયાં હતાં અને મને કહ્યું હતું પણ ખરું કે 'સમય ચાલ્યો જાય છે ; હવે તો સમકિત માટે ખૂબ પુરુષાર્થ કરવો છે.' એ વચનો પ્રમાણે ખરેખર તેમણે ઉગ્ર પુરુષાર્થ કરીને ચાર મહિનામાં (વિ.સં. ૧૯૮૯ના ફાગણ વદ દશમના મંગળ દિને) નિર્વિકલ્પ સમકિત પ્રાપ્ત કર્યું, ભવભ્રમણનો ભય ભાંગ્યો, અંતરમાં અનંતકાળસ્થાયી શાશ્વતી નિરાંત થઈ ગઈ.

અમારા ઘરમાં પહેલેથી જ સદાચારનું તેમ જ સંપ્રદાય પ્રમાણેનું ધાર્મિક વાતાવરણ તો હતું જ. પિતાશ્રી સરળ, શુદ્ધ નૈતિક જીવનવાળા અને અત્યંત પ્રમાણિક હતા તથા અનુકૂળતા પ્રમાણે સવારે વ્યાખ્યાન સાંભળવા તેમ જ સાંજે પ્રતિક્રમણ કરવા જતા. માતુશ્રી તેજસ્વી બુદ્ધિવાળાં, વિશેષ ધાર્મિક વૃત્તિવાળાં અને વીર્યવાળાં હતાં ; ધાર્મિક ક્રિયાઓમાં સારો રસ લેતાં. માતાપિતાને ગુલાબચંદજી મહારાજ ઉપર ઘણી શ્રદ્ધા-ભક્તિ હતી. તે મહારાજ ઘણું કષ્ટ વેઠીને બહુ આકરા આચાર પાળતા. પૂજ્ય ગુરુદેવ પણ કહેતા કે ગુલાબચંદજી બહુ આકરી ક્રિયા પાળતા. તેમની અસરથી અમારા કુટુંબમાં ધાર્મિક સંસ્કારો સારા હતા. વજુભાઈ તો સાંજે સ્કૂલથી આવીને, સ્કૂલની ચોપડીઓ ફેંકીને, તુરત ઉપાશ્રયે દોડી જાય. તેઓ ઉપાશ્રયે ઘણો ટાઈમ ગાળતા ; સામાયિક કરે, કોઈ સાધુમહારાજ હોય તેમની પાસે જઈને નવ તત્ત્વ, ગતિ-આગતિના બોલ વગેરે થોકડા અને સૂત્રની ગાથાઓ વગેરે શીખે, સાંજે પ્રતિક્રમણ કરે ને કયારેક—સાધુની જેમ આચાર પાળવાનું ને વહોરીને આહાર કરવાનું સંપ્રદાયમાં વ્રત કરે છે એવું—દશમું વ્રત કરે. અખિલ કાઠિયાવાડ સ્થાનકવાસી જૈન કોન્ફરન્સની પરીક્ષા આપીને તેમાં તે બીજા નંબરે ઉત્તીર્ણ થયા હતા. આખું 'દશવૈકાલિક સૂત્ર' નાની વયમાં મુખપાઠ કર્યું હતું.

આવા સદાચારી અને ધર્મપ્રેમી કુટુંબમાં જન્મેલાં બહેનશ્રીનાં સદાચાર અને ધર્મપરાયણતા તો કોઈ અનેરી ભાત પાડે એવાં પ્રથમથી જ હતાં. બાલ્યાવસ્થાથી જ તેમના દેહમાં ઉપશમરસના ઢાળા ઢળી ગયા હતા. આ મનુષ્યભવમાં જલદી મોક્ષ માટેનો પુરુષાર્થ પ્રગટ કરી ભવભ્રમણ ટાળવાની તેમને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તીવ્ર ઝંખના રહેતી હતી. તદુપરાંત અનેક સદ્‌ગુણોના તેઓ નિકેતન હતાં.

તેઓ પૂજય ગુરુદેવે શીખવેલા તત્ત્વજ્ઞાન અનુસાર શાસ્ત્રવાંચન કરતાં, તદનુસાર વિચાર-મંથન કરતાં, નિર્ણયની દઢતા માટે ઉદ્યમ કરતાં તથા સ્વપરના ભેદજ્ઞાનનો તેમ જ ધ્યાનનો અભ્યાસ કરતાં.

તેઓ વારંવાર મૌન ધારણ કરતાં. કુટુંબીજનો સાથે પણ બહુ જ ઓછું બોલતાં. બહુધા પોતાના આંતરિક આત્મકાર્યમાં જ રત રહેતાં.

તેઓ સ્વભાવથી જ બહુ એકાન્ત-પ્રિય હતાં. એકાંતમાં બેસીને વાંચન-મનન-ધ્યાન કરવાનું તેમને અતિ પ્રિય હતું. [સમ્યગ્દર્શન પ્રાપ્તિ કર્યા પછી સં. ૧૯૯૦માં તેઓ સુરત આવ્યાં હતાં ત્યારે પણ તેઓ બીજે માળે ઓરડામાં આખો દિવસ એકાંતમાં રહીને જ્ઞાન–ધ્યાન કર્યા કરતાં. ત્યાંના તેમના ચાર માસના વસવાટ દરમ્યાન તેઓ ભાગ્યે જ એક વાર પણ ઘર બહાર નીકળ્યાં હોય. આખો દિવસ એકાંતમાં અધ્યાત્મરતપણે પોતાનું અંદરનું કામ કરતાં થાકતાં જ નહિ.]

તે ઉપરાંત તેઓ ઉપવાસ કરે, લૂખું ખાય, ભોજનમાં અલ્પ દ્રવ્યો જ વાપરે. કેટલીક વાર ઘણા દિવસો સુધી માત્ર છાશ-રોટલા સિવાય કાંઇ ન લે.—આવી આવી કાયકષ્ટની ક્રિયાઓ પણ કરે, અને કહે કે આમાં શી મોટી વાત છે ? નરક-તિર્યંચગતિમાં જીવે પરાધીનપણે કેટલું સહન કર્યું છે ?

ઘરનું કામકાજ કરતાં પણ—રસોઇ કરતાં, કપડાં ધોતાં કે પાણી ભરતાં પણ — તેમને સમ્યક્‌ત્વપ્રાપ્તિની અથવા નિજ જ્ઞાયકભગવાનનાં દર્શનની ઊંડી ખટક રહ્યા જ કરતી. સંસારથી તેઓ ઘણાં ઉદાસીન રહેતાં.

'બહુ પુણ્ય કેરા પુંજથી' એ કાવ્ય બહેનશ્રી વારંવાર વૈરાગ્યભાવે ગાતાં અને તેમાંથી 'હું કોણ છું, કયાંથી થયો, શું સ્વરૂપ છે મારું ખરું' ઇત્યાદિ ભાગ પર બહુ ઊંડાણથી ચિંતન કરતાં. 'દૂર કાં પ્રભુ દોડ તું, મારે રમત રમવી નથી'—એ પ્રભુમિલનની ઝૂરણાનું ગીત, અથવા 'કંચનવરણો નાહ રે મુને કોઇ મિલાવો' એ નિજ જ્ઞાયકભગવાનના વિરહદુઃખનું ગીત અતિ વેદનપૂર્ણ ભાવે ગાતાં મેં બહેનશ્રીને અનેક વાર સાંભળ્યાં છે. સંગત્યાગી, અંગત્યાગી, વચનતરંગત્યાગી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મનત્યાગી, બુદ્ધિત્યાગી, આપા શુદ્ધ કીનો હૈ' એ પદ તથા 'કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા, નિર્ગ્રંથનો પંથ ભવ-અંતનો ઉપાય છે' એ પદ, સ્વરૂપમાં સમાઇ જવાની ભાવનામાં તરબોળ થઇને તેઓ અનેક વાર લલકારતાં. 'મોહિં લાગી લગન ગુરુચરણનકી'—એ ભક્તિગીત ગુરુદેવના સત્સંગની ઉગ્ર ભાવનાથી ભિંજાઇને તેઓ ઘણી વાર ભાવવિભોરપણે ગાતાં.

પૂજ્ય બહેનશ્રીને વારંવાર એવા ભાવ આવતા કે—કાલ ગઇ, આજ ગઇ, એમ કરતાં કરતાં પંદર-સત્તર વર્ષ ચાલ્યાં ગયાં; જિંદગી જતાં શી વાર લાગશે ? માટે પ્રમાદ છોડી, તત્ત્વવિચારપૂર્વક પાકો નિર્ણય કરી, ત્વરાથી આત્મપ્રાપ્તિ કરી લેવા યોગ્ય છે, પ્રમાદ કરવા યોગ્ય નથી.

વળી તેમને એવું જોર પણ આવતું કે 'આ ભવમાં જ પાકો નિર્ણય કરીને અવશ્ય સમકિત લેવું છે.' 'જરૂર સમકિત થશે જ' એમ તેમને અંદરથી વિશ્વાસ આવતો.

— આમ વિવિધ પ્રકારના ઉદ્યમ-પરિણામે પરિણમી, ગમે તેમ કરીને સમ્યક્ પુરુષાર્થને પહોંચી વળી, પૂજ્ય બહેનશ્રીએ આખરે વિ.સં. ૧૯૮૯ના ફાગણ વદ દશમના પવિત્ર દિને વાંકાંનેરમાં નિજ જ્ઞાયકભગવાનનાં મંગલ દર્શન કર્યાં, અપૂર્વ સહજાનંદની પવિત્ર અનુંભૂતિ કરી, સિદ્ધભગવાનના વચનાતીત સુખનો મધુર સ્વાદ ચાખ્યો અને મોક્ષમહેલનાં મંગળમય દ્વાર ખૂલી ગયાં.

સમકિત થયા પછી થોડા દિવસમાં પૂજ્ય બહેનશ્રીને પૂ. પિતાશ્રી પાસે વઢવાણ જવાનું થયું. ચૈત્ર માસમાં ત્યાંથી પિતાશ્રીનું એક કૌટુંબિક પ્રસંગ સંબંધી પોસ્ટ કાર્ડ મારા પર સુરત આવ્યું. તેમાં પાછળના ભાગમા પૂ. બહેનશ્રીએ નીચે પ્રમાણે લખ્યું હતું :-

"સંસાર દુઃખમય છે. માટે આત્માને પુરુષાર્થ કરી તેમાંથી તારી લેવાની જરૂર છે. પ્રમાદ કરવો યોગ્ય નથી. જૈન દર્શન સત્ય છે એમ મેં તો જાણ્યું છે. તમે પણ પ્રમાદ છોડી, વૈરાગ્ય વધારી વિચારશો તો એમ જ જણાશે. પ્રમાદ કર્તવ્ય નથી."

અમે તો બહુ તોળી-તોળીને શબ્દો બોલતાં; એટલે તેમણે જે આમ લખ્યું કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'જૈન દર્શન સત્ય છે એમ મેં તો જાણ્યું છે.' તેમાંથી મને એમ થયું કે "શું બહેનને સમ્યગ્દર્શન થયું હશે ? નહિ તો 'જૈન દર્શન સત્ય છે એમ મેં તો જાણ્યું છે' એવું, આટલા જોરપૂર્વક તે કેમ લખી શકે ?" મેં પછી કાગળ લખ્યો : "બહેન ચંપા ! તું લખે છે કે 'જૈન દર્શન સત્ય છે એમ મેં તો જાણ્યું છે' તો શું તને સમકિત થયું છે ? કારણ કે સમકિત વિના આટલા જોરપૂર્વક આવા શબ્દો નીકળે નહિ." તેનો પત્ર આવ્યો કે—'આ આત્માને પરિભ્રમણનો કિનારો આવી ગયો છે.' તે પત્રમાં બીજું વિશેષ શું લખેલ તે અત્યારે ખ્યાલમાં નથી, કારણ કે તે પત્ર ખોવાઇ ગયો છે. "સંસાર દુઃખમય છે.... જૈન દર્શન સત્ય છે.... પ્રમાદ કર્તવ્ય નથી." — એમ જેમાં લખ્યું હતું તે પોસ્ટ કાર્ડ તો હજી પડ્યું છે. પેલા બીજા પત્રમાંનું એક વાક્ય—'આ આત્માને પરિભ્રમણનો કિનારો આવી ગયો છે' એટલું મને યાદ રહી ગયું છે, આગળપાછળનું લખાણ યાદ નથી. બહેનશ્રીએ 'સમકિત થયું છે' — એમ ન લખ્યું ; પોતે નમ્ર ને ! તેથી નમ્રતાભાવથી ભરેલા માત્ર એટલા શબ્દો નીકળ્યા કે 'આ આત્માને પરિભ્રમણનો કિનારો આવી ગયો છે.'

પછી હું સુરતથી વેકેશનમાં વઢવાણ જયારે આવ્યો ત્યારે મેં પૂજ્ય બહેનશ્રીને પૂછ્યું કે સમકિત થતાં શું થાય ? તો કહે : 'શરીર તો આત્માથી સાવ ભિન્ન લાગે, પરનો ને વિભાવનો કર્તાભાવ છૂટી જાય, સિદ્ધભગવાનના અતીન્દ્રિય સુખની વાનગી પ્રગટે ને અંતરમાં આનંદના સાગર ઊછળે.'—એમ, કહેવા જેટલું કહ્યું.

સમ્યગ્દર્શન પ્રાપ્તિની આનંદકારક વાત પરમોપકારી પૂજ્ય ગુરુદેવને જણાવવા માટે બહેનશ્રી ને હું થોડા દિવસ પછી રાજકોટ ગયાં ; સાથે સુશીલા પણ હતી. બહેનશ્રીનો વિચાર તે વાત ગુરુદેવને એકાન્તમાં કહેવાનો હતો. તે વખતે એકાન્ત ન મળ્યું એટલે અમે પાછાં આવ્યાં. પછી, મારું વેકેશન પૂરું થઇ ગયું એટલે હું તો સુરત ગયો.

પૂજ્ય બહેનશ્રી વાંકાનેર હતાં. તે વખતે દાસભાઇ (પુરુષોત્તમદાસકામદાર) વાંકાનેર આવ્યા. 'અહીંથી હું ગુરુદેવનાં દર્શન કરવા રાજકોટ જાઉં છું' એમ તેમણે કહ્યું. બહેનશ્રીએ તે અવસર લઇ લીધો અને કહ્યું કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'મારે પણ દર્શન કરવા આવવું છે.' એમ કહીને બહેનશ્રી દાસભાઇ સાથે રાજકોટ ગયાં. ભાભી પણ સાથે ગયાં. બહેનશ્રીનો વિચાર ગુરુદેવને એકાંતમાં કહેવાનો હતો એટલે સદરના ઉપાશ્રયે અંદર જઇને પહેલાં દાસભાઇને કહ્યું : 'તમે જરા આઘા ઊભા રહો.' દાસભાઇ, દૂરથી જોઇ શકે એ રીતે, આઘા ઊભા રહી ગયા. બહેનશ્રી ગુરુદેવ પાસે ગયાં, ને ભાવથી દર્શન કરીને વિનયપૂર્વક નમ્રતાથી બોલ્યાં : 'સાહેબ ! આપના પ્રતાપે મને આત્મસાક્ષાત્કાર થયો છે.' ગુરુદેવ કહે : 'દાસભાઇ ! અહીં ઓરા આવો ;' કેમ કે બૈરાં સાથે એકલા ગુરુદેવ વાતો ન કરે ને ! પછી ગુરુદેવે, જે પૂછવું હતું તે બહેનશ્રીને પૂછયું : 'બહેન ! તમને આત્મસાક્ષાત્કાર થતાં શું થયું ?' બહેનશ્રીએ કહ્યું : 'આત્મા અકર્તા થઇ ગયો ; કર્તૃત્વ છૂટી ગયું ને જ્ઞાતા થઇ ગયો.'—ઇત્યાદિ કહ્યું. માત્ર સ્વલ્પ પ્રશ્નોના ઉત્તરોથી જ પૂરો સંતોષ થઇ જવાથી વિશેષ કાંઇ પૂછવાને બદલે ગુરુદેવ ઠરી ગયા, શાન્ત-શાન્ત થઇ ગયા અને થોડી ક્ષણ પછી ગંભીર થઇને સ્વગત ગણગણ્યા : 'ઓહો ! આત્મા કયાં સ્ત્રી કે પુરુષ છે ? આત્મા કયાં બાળક કે વૃદ્ધ છે ?'

( બહેનશ્રીને તે વખતે માત્ર ઓગણીશમું વર્ષ ચાલતું હતું. )

પોતાને પરિભ્રમણનો કિનારો આવી ગયાની આનંદકારી વાત, ઉપર પ્રમાણે પરમોપકારી ગુરુદેવ સમક્ષ પ્રમોદપૂર્વક પ્રસ્તુત કરીને, પૂજ્ય બહેનશ્રી પાછાં વાંકાનેર ( મોટા ભાઇ વજુભાઇને ત્યાં ) પધાર્યાં.

હવે પછી ( સં. ૧૯૮૯થી ) દર વર્ષે પૂજ્ય ગુરુદેવ જે ગામમાં ચાતુર્માસ રહ્યા હોય તે ગામમાં તેઓશ્રીનાં કલ્યાણકારી વ્યાખ્યાનોનો લાભ લેવા અર્થે પૂજ્ય બહેનશ્રીએ ચાર મહિના રહેવાનું શરૂ કર્યું. બહેન શાન્તાબેન તો એ પ્રમાણે રહેતાં જ હતાં. પૂજ્ય ગુરુદેવે તેમને કહ્યું : 'આ બહેન ( ચંપાબેન ) બહુ પાત્ર છે, ગંભીર છે, વિચારક છે, ઊંડપ છે, અને વૈરાગી છે, ઠરેલ છે ; તમને લાભ થાય તેવાં છે. તમારે લાભ લેવા જેવો છે.'—આમ પૂજ્ય ગુરુદેવે ભલામણ કરી. એ રીતે પૂજ્ય બહેનશ્રી (ચંપાબેન) અને બહેન શાન્તાબેનનો ચાતુર્માસમાં સાથે રહેવાનો યોગ શરૂ થયો.

પૂજ્ય ગુરુદેવે વિ.સં. ૧૯૯૧માં સોનગઢ મધ્યે 'પરિવર્તન' કર્યું. ત્યારપછી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સં. ૧૯૯૪માં વૈશાખ વદ આઠમના દિને સ્વાધ્યાયમંદિરના ઉદ્‌ઘાટન સમયે અમ બંને ભાઈઓ માટે એક યાદગાર પ્રસંગ બન્યો. પૂજ્ય ગુરુદેવ તે દિવસે પ્રવચનમાં દઢતાથી બોલ્યા કે – "કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહમાં ગયા હતા ને સમવસરણમાં શ્રી સીમંધરભગવાનની વાણી સાંભળવા માટે ત્યાં આઠ દિવસ રહ્યા હતા. –આ બધી નજરે જોયેલી વાત છે; કોઈ માને કે ન માને પણ આ વાત સત્ય છે."– આવી મતલબનું લગભગ બોલ્યા. વજુભાઈ ને હું વિચાર કરીએ કે – ગુરુદેવ આજે પ્રવચનમાં, 'આ વાત આમ જ છે' વગેરે આટલું બધું જોરપૂર્વક શુ બોલ્યા ? ભાઈ કહે : આપણે ગુરુદેવને પૂછવા જઈએ. અમે બહેનશ્રીને કહ્યું કે – ગુરુદેવ આજે પ્રવચનમાં આવું કાંઈક જે બોલ્યા તે વિષે અમારે તેમને પૂછવા જવું છે. બહેનશ્રી કહે : 'જાવ.' બહેનશ્રીને મનમાં એમ કે ભાઈઓ કંઈક જાણે તો તેમને લાભનું કારણ થાય; મારે તો કહેવું જ નથી, મહારાજસાહેબને કહેવું હશે તો કહેશે; તેથી કહે : 'ભલે જાવ.'

અમે પૂજ્ય ગુરુદેવ પાસે ગયા ને તેમને પૂછયું : 'સાહેબ ! આજે પ્રવચનમાં આપે 'આ નજરે જોયેલી વાત છે' વગેરે શું કહ્યું ? પહેલાં તો ગુરુદેવે, 'એવું અંગત–વ્યક્તિગત કાંઈ પૂછવાનું ન હોય' એમ જરા જોરથી કહ્યું. તે સાંભળી અમે મૌન થઈ ગયા અને ગુરુદેવ સાથે સ્વાધ્યાયમંદિરની ઓસરીમાં આંટા મારવા લાગ્યા. પછી ગુરુદેવ પાટ ઉપર બેઠા, અમે તેમની પાસે નીચે બેસી ગયા. બેઠા પછી પૂજ્ય ગુરુદેવે થોડી ટૂંકી ટૂંકી વાતો કરી. ગુરુદેવ, ગંભીર થઈને, બોલ્યા : બહેનને ( બહેનશ્રી ચંપાબેનને ) સં. ૧૯૯૩માં ચૈત્ર વદ આઠમના દિને, અનુભવમાંથી બહાર આવતાં, પૂર્વભવનું જાતિસ્મરણજ્ઞાન થયું છે. કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહમાં સીમંધરભગવાનના સમવસરણમાં પધાર્યા હતા. ત્યારે બહેન ને અમે ત્યાં હતાં. હું ત્યાં રાજકુમાર હતો. – આમ બહેનને સ્મરણમાં આવ્યું છે. મને અંદરથી આવતું કે 'હું રાજકુમાર છું, મખમલનાં ને જરીનાં વસ્ત્રો પહેર્યાં છે, – વગેરે.' પણ બહેને કહ્યું એટલે ઘણું સ્પષ્ટ થયું, પાકું થયું. બહેન શેઠના દીકરા હતા.–ઈત્યાદિ ટૂંકી ટૂંકી થોડી વાતો કરી. પણ સાથે એમ પણ કહ્યું કે –'આ વાત કોઈને કહેવાની નથી... કોઈને નહિ.' વજુભાઈને તે વખતે બહેનશ્રી ઉપર એટલા બધા ભાવ આવી ગયા કે તેમણે હર્ષાશ્રુ સાથે ગદ્‌ગદ સ્વરે કહ્યું : 'સાહેબ !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બહેનશ્રીને વંદણા કરવાની તો છૂટ આપો.' ગુરુદેવ કહે : 'ના ; તેમને પણ નહિ, કોઈને નહિ ; કેમ કે લોકોમાં બહાર ખબર પડી જાય, શંકા થાય કે ભાઈઓ વંદણા કરે છે માટે કાંઈક લાગે છે !'

પછી બહેનશ્રી પાસે જતાં તેમણે અમને પૂછયું : 'શું તમે ગુરુદેવ પાસે જઈ આવ્યા ?' અમે હસતાં હસતાં કહ્યું : 'ગુરુદેવે તમને પણ કહેવાની ના પાડી છે.' તોય અમે તો, બહેનશ્રીએ જ સ્વયં ગુરુદેવને કહેલી વાત તેમને પણ કહેવાની ગુરુદેવે 'ના' કહી તેથી થયેલા આશ્ચર્ય સાથે, તેમને બધું કહી દીધું. ...

હવે ત્યાર પછીનું તો બધું જાણીતું છે. પહેલાંનું જેટલું યાદ આવ્યું તેટલું કહ્યું. બાકી પ્રસંગો તો ઘણા બન્યા હોય, પણ યાદશક્તિ ઓછી અને તે પ્રસંગોને ઘણાં વર્ષો વીતી ગયાં તેથી ઘણા પ્રસંગો યાદ ન હોય.

[ સભામાંથી પ્રશ્ન :- 'આ આત્માને પરિભ્રમણનો કિનારો આવી ગયો છે'— એ લખાણવાળા પત્રનો તમે શો ઉત્તર લખ્યો તે યોગ્ય લાગે તો કહેવા વિનંતિ. ]

પરિભ્રમણના કિનારાવાળો પત્ર મળ્યા પછી મેં તેમને આ પ્રમાણે લખ્યું હતું :-

"બહેન ચંપા,

કાગળ વાંચીને હું તો દિંગ જ થઈ ગયો છું. કોઈ ને કોઈ જાગ્યા જ કરે છે એમ જાણીને હર્ષ થાય છે. પાંચમા આરાના અંત સુધી શાસન જીવતું છે. કહે છે કે આ કાળમાં સંત મળવા દુર્લભ છે. હું તો સંતને મળવા—શોધવા—ન ગયો તો સંત મારે ત્યાં પધાર્યા હોય એમ લાગે છે ! આટલી દુર્લભતાઓ મળી છતાં જો કાંઈ ન થાય તો કોનો વાંક ?

મારી શંકાઓ શું શું છે, હું કયાં અટકું છું, મારો સ્વભાવ, મારી નિર્બળતાઓ—બધું તારી જાણ બહાર નથી. 'નિશાની કહા બતાવું રે, તેરો અગમ અગોચર રૂપ' એવા જવાબ કરતાં ઘણી વધારે આશા હું રાખું છું."

— આ પ્રમાણે, અપૂર્વ સાનંદાશ્ચર્યની ઊંડી લાગણી વ્યક્ત કરતા શબ્દો પત્રમાં લખાઈ ગયા હતા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખરેખર આ કાળે પરમાર્થને અનુકૂળ સર્વ યોગ આપણને સંપ્રાપ્ત થયા છે – તે આપણું પરમ પરમ સદ્ભાગ્ય છે. આપણને બાહ્ય યોગ મળવામાં તો કાંઈ ન્યૂનતા રહી નથી; હવે પુરુષાર્થ તો આપણે જ કરવાનો રહે છે. સ્વાનુભૂતિયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવનો, ચેતનને જગાડનારો સ્વાનુભૂતિભર્યો મધુર રણકાર વર્ષો સુધી આપણને સાંભળવા મળ્યો, તેમ જ આજે પણ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીનાં સ્વાનુભૂતિરસતરબોળ સાહજિક વચનામૃતોનું મધુર શ્રવણ મળી રહ્યું છે, તેના જેવું પરમ અહોભાગ્ય કયું ? હવે તો જે કાંઈ ખામી છે તે આપણા પુરુષાર્થની જ છે. જ્ઞાનીઓના પ્રતાપે આપણને સાચો પુરુષાર્થ આવડી જાય – એ જ અંતરની ભાવના છે.

સ્વાનુભૂતિપરિણત પરમોપકારી પૂજ્ય ગુરુદેવનાં તેમ જ સ્વાનુભૂતિપરિણત પરમોપકારી પૂજ્ય બહેનશ્રીનાં પવિત્ર ચરણકમળ સદાય હૃદયમાં સંસ્થાપિત રહો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મીઠી મીઠી વિદેહની વાત તારે ઉર ભરી;
અમ આત્મ ઉજાળનહાર, ધર્મપ્રકાશકરી.

*

સીમંધર—ગણધર—સંતના, તમે સત્સંગી;
અમ પામર તારણ કાજ પધાર્યાં કરુણાંગી.

*

તુજ જ્ઞાન-ધ્યાનનો રંગ અમ આદર્શ રહો;
હો શિવપદ તક તુજ સંગ, માતા! હાથ ગ્રહો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# આત્માર્થીઓને ઉપકારી એવું પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું
# જાતિસ્મરણજ્ઞાન

અધ્યાત્મયુગપ્રવર્તક પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના
સદ્‌જ્ઞાનવૈરાગ્યબોધક અધ્યાત્મોપદેશનો અનુપમ લાભ પામીને
જેમણે ૧૮ વર્ષની લઘુ વયમાં નિજાત્માનુભૂતિયુક્ત
સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું છે અને પૂજ્ય ગુરુદેવની
ઉપકાર-છાયામાં જેમને આત્મસાધનાની વિશુદ્ધિ
વૃદ્ધિંગત થઇ રહી છે, એવાં પ્રશમમૂર્તિ
ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને
વિ.સં. ૧૯૯૩, ચૈત્ર વદ આઠમના દિને
સ્વાત્મધ્યાનમાં બેઠાં હતાં ત્યારે
પૂર્વભવનું સ્પષ્ટ જાતિસ્મરણજ્ઞાન
શરૂ થયું છે, જે અનુક્રમે વૃદ્ધિગત થતાં
અનેક ભવો અને લોકોત્તર વિશેષતાઓના સત્ય
તેમ જ અતિ સ્પષ્ટ નિર્મળ જ્ઞાનથી સમૃદ્ધ થતું ગયું છે.
પૂજ્ય ગુરુદેવને આની જાણ થતાં, તેઓશ્રીને વિશેષ જાણવાની
ભાવનાને લીધે, પૂજ્ય બહેનશ્રી, અનુક્રમે જેમ જેમ, જે યથાતથ સ્પષ્ટ સ્મરણમાં
આવતું ગયું તે લખીને મોકલતાં, અને તેની પ્રતિલિપિ પોતાની
પાસે રાખતાં. તે પ્રતિલિપિમાંથી અત્રે આ લખાણ આલેખિક કરવામાં આવ્યું છે.
આમાં જે તિથિઓ અંકિત થયેલ છે તે કોઇ તો સ્મરણ આવ્યાના દિવસની
છે અને કોઇ તો લખાણ કર્યાના દિવસની અથવા પૂજ્ય ગુરુદેવને વાંચવા મોકલ્યાના
દિવસની છે.

પૂજ્ય બહેનશ્રીનું આ દિવ્ય જ્ઞાન આત્માર્થી જીવોને, ભૂત તેમ જ ભાવી ભવોના અસ્તિત્વની સ્પષ્ટ પ્રતીતિ કરાવતું થકું, ધાર્મિક શ્રદ્ધાની દઢતાના વિશેષ લાભનું સાતિશય નિમિત્ત બનો — એ જ ભાવના.

**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું સ્વાનુભૂતિયુક્ત જાતિસ્મરણજ્ઞાન

[ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના હસ્તાક્ષરમાં ]

૧

શ્રી સર્વજ્ઞને નમસ્કાર

શ્રી ગુરુદેવના મહાન ઉપકાર વડે પૂર્વ જન્મોનું નથા

શ્રી સદ્ગુરુદેવના પૂર્વ જન્મોનું ભણકારે ભણકારે સહજ સ્મરણ ચૈત્ર વદ આઠમના મોંઘા અમૂલ્ય દિવસોમાં આવ્યું એવા શ્રી સદ્ગુરુદેવને પરમ ભાવભક્તિ વારંવાર નમસ્કાર કરું નમસ્કાર હો.

આ સર્વ સદ્ગુરુદેવ પ્રભુ છે શ્રી ગુરુદેવનો પરમ પ્રતાપ છે.

(આ વિષે બહાર કોઈએ જાણવાનું નથી)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચંપાબેન

(૨૨)
શ્રી સદ્‌ગુરુદેવને નમઃ ૧૯૯૮ માગસર સુદ
તેમના પરમ ઉપકારને નમસ્કાર સાતમે શુક્રવાર
શ્રી સોનગઢ

૧

## પૂર્વ જન્મનું આવેલું સ્મરણ

ચૈત્ર વદ આઠમને સોમવાર ૧૯૯૩ સવારના દશ વાગ્યા

આત્મ સ્વરૂપના વધતા શ્રી કુંદકુંદાચાર્ય ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં ગયા છે એમ સહજ જાણતા પરિણતિ મહાત્મ્યના લીન સાથે તે ક્ષેત્રમાં આ આત્મા ગુરુદેવ સાથે ત્યાં બેઠી છે શ્રી સીમંધર પ્રભુ ત્યાં બિરાજે રહેતા હતા સામા શ્રી કુંદકુંદાચાર્ય ઉભા છે શ્રી ગુરુદેવના બગીચેના ટીલા ત્યાં બિરાજે રહેતા હતા એમ સ્મરણરૂપ વેદન સહજ આવ્યું શ્રી કુંદકુંદાચાર્ય નગ્ન વસ્ત્ર રહિત દિગંબરપણે હતા મોટા યોગેશ્વર જેવી તેમના દેહની દેખાવ હતી એમના રૂંવાડે રૂંવાડે વીતરાગતા દશા દેખાતા હતા એમના દેહની કદ ઉંચી હતી એમના શરીરની વર્ણ બહુ ધોળો નહિ બહુ રાતો નહિ એવા જાતનો હતો પીંછી કે કમંડલ એમની પાસે નહોતા શરીર પાતળુ નહોતું પણ ઠીક ઠીક ભરાવદાર હતું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્રી તીર્થંકર સીમંધર પ્રભુના શરીરમાં હીરામાં જેમ ચમક થઈ રહી હોય એવી રીતે કંઈક ચમક જેવું પરિણમન થઈ રહ્યું હતું. શ્રી સીમંધર પ્રભુના ગળામાંથી અવાજ છૂટતો હતો તે અવાજમાં ઓંકારના હતા તે ઓંકારનામાં સમજી શકાય એવા ભાતના કંઈક અક્ષરો પડતા હતા. તેમની વાણી અને શરીર બધું જાણે આત્માથી જુદું જુદું તરતું તરતું જણાતું હતું.

આ શ્રી સીમંધર પ્રભુ ને આ શ્રી કુંદકુંદાચાર્ય એમ જ્ઞાન પરિચયનું સહજ સ્મરણરૂપ વેદન પ્રમાણે છે.

પ્રભુ આગળ ત્યાં અંદર બેસવાનું હતું ત્યાં વાતાવરણ ઝગમગાટ પડી રહ્યા હોય એમ સ્મરણ આવે છે. શ્રી સીમંધર પ્રભુનો દેહ જાણે ઘણો મોટો હોય એમ યાદ આવે છે. પણ કેટલો મોટો એનું માપ આવતું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું સ્વાનુભૂતિયુક્ત જાતિસ્મરણ જ્ઞાન (તેમની નોટબુકમાંથી)

*

## શ્રી સર્વજ્ઞને નમસ્કાર

શ્રી ગુરુદેવના મહાન ઉપકાર વડે પૂર્વ જન્મનું તથા શ્રી સદ્‌ગુરુદેવના પૂર્વ જન્મનું વગેરે વગેરે સહજ સ્મરણ ચૈત્ર વદ આઠમથી માંડી અમુક અમુક દિવસોમાં આવ્યું એવા શ્રી સદ્‌ગુરુદેવને પરમ ભક્તિથી વારંવાર નમસ્કાર હો, નમસ્કાર હો.

આ સર્વ સદ્‌ગુરુદેવનું જ છે. શ્રી ગુરુદેવનો પરમ પ્રતાપ છે.

(આ વિષે અંદર રહેવાની ભાવના છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(ગુરુદેવને લખી મોકલ્યું)

૧૯૯૪, માગશર સુદ સાતમને શુક્રવાર શ્રી સોનગઢ
શ્રી સદ્‌ગુરુદેવને તથા તેમના પરમ ઉપકારને નમસ્કાર.

## પૂર્વજન્મનું આવેલું સ્મરણ

ચૈત્ર વદ આઠમ ને સોમવાર, ૧૯૯૩, સવારના દસ લગભગ.

આત્મસ્થિરતા વધતાં, શ્રી કુંદકુંદાચાર્ય અહીંથી મહાવિદેહક્ષેત્રમાં ગયા છે એમ સહજ જ્ઞાનની પર્યાયે પરિણમતાં, તેની સાથે તે ક્ષેત્રમાં આ આત્મા પુરુષદેહપણે ત્યાં બેઠો છે; શ્રી સીમંધર પ્રભુ ત્યાં બિરાજી રહ્યા હતા; સામા શ્રી કુંદકુંદાચાર્ય ઊભા છે; શ્રી શ્રુતકેવળી વગેરેનાં ટોળાં ત્યાં બિરાજી રહ્યાં હતાં; - એમ સ્મરણરૂપ વેદન સહજ આવ્યું.

શ્રી કુંદકુંદાચાર્ય તદ્દન વસ્ત્ર રહિત દિગંબરપણે હતા. મોટો યોગીશ્વર જેવો તેમના દેહનો દેખાવ હતો. એમના રૂંવાડે રૂંવાડે દેહાતીત દશા દેખાતી હતી. એમના દેહનું કદ ઊંચું હતું. એમના શરીરનો વર્ણ બહુ ધોળો નહિ, બહુ રાતો નહિ એવી જાતનો હતો. પીછી કે કમંડલ એમની પાસે નહોતાં. શરીર પાતળું નહોતું પણ ઠીક ઠીક ભરાવદાર હતું.

શ્રી તીર્થંકર સીમંધર પ્રભુના શરીરમાં, હીરામાં જેમ ચમક થઇ રહી હોય એવી રીતે, કાંઇક ચમક જેવું પરિણમન થઇ રહ્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હતું. શ્રી સીમંધર પ્રભુના ગળામાંથી અવાજ છૂટતો હતો. તે અવાજમાં એકાકારતા હતી. તે એકાકારતામાં સમજી શકાય એવી જાતના કાંઈક આકારો પડતા હતા. તેમની વાણી અને શરીર બધું જાણે આત્માથી છૂટું છૂટું તરતું તરતું જણાતું હતું.

આ શ્રી સીમંધર પ્રભુ ને આ શ્રી કુંદકુંદાચાર્ય એમ જ્ઞાનપર્યાયનું સહજ સ્મરણરૂપ વેદન પરિણમે છે.

પ્રભુ આગળ ત્યાં અધ્ધર બેસવાનું હતું. ત્યાં વાજાંના ધમકાર પડી રહ્યા હોય એમ સ્મરણ આવે છે. શ્રી સીમંધર પ્રભુનો દેહ જાણે ઘણો મોટો હોય એમ યાદ આવે છે, પણ કેટલો મોટો એનું માપ આવતું નથી.

હું પુરુષપણે ત્યાં છું, આ ભવ પહેલાંનો તે પુરુષનો સીધો ભવ છે એમ જ્ઞાનમાં સ્મરણરૂપ વેદન પરિણમે છે. ત્યાંની દેહમુદ્રામાં વૈરાગ દેખાય છે, સ્થિરતા દેખાય છે, બ્રહ્મચર્ય દેખાય છે. સાદાં ખાદી જેવાં લુગડાં પહેર્યાં હતાં. બાળબ્રહ્મચારી હતો, પરણ્યો નહોતો, સ્ત્રી વગેરે કાંઈ ન હતું એમ સ્મરણરૂપ વેદન સહજ આવે છે. હું ઘણી ઘણી વાર પ્રભુ પાસે ઉપદેશ સાંભળવા આવતો હતો. ત્યાં હું નિર્વિકલ્પ સમકિત પામ્યો હતો, સ્વસન્મુખ લક્ષને વાળ્યા કરતો હતો એમ યાદ આવે છે. શરીરનો વર્ણ પીળા વર્ણ જેવો સહેજ ઊજળો હતો.

હું નાનો બાળક હતો ત્યારે મારી માતાના ખોળામાં સૂતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હતો, હાથપગ ઉલાળતો હતો તે યાદ આવે છે. મારે માબાપ હતાં, ઘરમાં બીજું કુટુંબ હતું. શું કુટુંબ હતું તે યાદ નથી આવતું. મારી માતાએ પીળા રંગ જેવો સાડલો પહેર્યો હતો તે યાદ આવે છે. અમારાં મકાન ચકચકતા પથ્થરનાં ઊંચી જાતનાં અને વિશાળ હોય તેમ દેખાય છે.

શ્રી તીર્થંકર બિરાજતા હતા તે સમોસરણ નીચે લગભગ એટલામાં ગામના મોટા મોટા રસ્તા નીકળતા હતા. આજુબાજુ એટલામાં મકાન હતાં. તે મકાન કેવાં હતાં તે સ્પષ્ટ યાદ નથી. તેમાંથી નાનો રસ્તો થઈને ફરતો કયાંક જાય છે ત્યાં અમારાં ઘર હતાં.

ત્યાર પહેલાંના ભવમાં દેવલોકમાં દેવ હતો. તે દેવલોકમાં મોટા દરવાજા દરવાજા જેવું યાદ આવે છે. ત્રીજા દેવલોકનો હું દેવ છું એમ જ્ઞાનપર્યાય સહજ પરિણમીને સ્મરણ આવે છે.

ત્યાંથી ચ્યવીને મહાવિદેહક્ષેત્રમાં જન્મ થયો છે એમ યાદ આવે છે. તે મહાવિદેહક્ષેત્રમાં હું ઘણા ટાઈમથી હતો એમ યાદ આવે છે. દેવલોકનું એથી વિશેષ યાદ આવતું નથી.

ભરત, ઐરાવત, પર્વત આદિ લોકનું સ્વરૂપ મેં શ્રી તીર્થંકર આદિ પાસેથી સાંભળ્યું છે તેમ યાદ આવે છે. પુરુષદેહપણે સાંભળ્યું છે, આવી જાતનું સાંભળ્યું છે, પણ તે શું સ્વરૂપ સાંભળ્યું છે તે યાદ આવતું નથી.

અહીં બિરાજે છે તે પરમ કૃપાળુ ગુરુદેવ (કહાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુરુમહારાજ) ત્યાં મહાવિદેહક્ષેત્રમાં રાજકુમારપણે હતા. (એક વાર તે રાજકુમાર ફેંટો બાંધેલા આવે છે ને એક વાર ઉઘાડે માથે આવે છે.) તે ક્ષેત્રમાં એક ડુંગર જેવું હતું, નીચે થોડાં પગથિયાં હતાં. તે પગથિયાં ચડતા રાજકુમારને મેં જોયા. તે વખતે જરીનાં લુગડાં પહેરેલા હતા ને માથા ઉપર તદ્દન ખૂલતા બદામી રંગ જેવો ફેંટો બાંધેલો હતો. તે વખતે તેમનું શરીર રાજને યોગ્ય પુણ્યવંત હતું. તેમના પગની નીચે પાનીનો ભાગ વિશેષ પુણ્યવંત દેખાતો હતો તેમ યાદ આવે છે. તે કુમાર રૂપે ગુણે શોભિત હતા.

તે રાજકુમારને પાછા બીજી વાર તીર્થંકર પ્રભુની સમીપમાં જોયા ત્યારે માથે કાંઈ બાંધેલું નહોતું, ઉઘાડું હતું; જરીનાં લુગડાં ત્યારે પહેર્યાં હતાં. તે વખતે શરીરનો બાંધો ઠીક હતો; - તેના કરતાં પગથિયે ચડતા જોયા ત્યારે શરીર પાતળું હતું.

તે રાજકુમાર વારંવાર તીર્થંકરનો ઉપદેશ સાંભળવા આવતા હતા. રાજકુમારને અધ્યાત્મતત્ત્વનો બહુ રંગ હતો. આ રાજકુમાર ભવિષ્યે એટલે કાળક્રમે તીર્થંકર થવાના છે તેવી વાણી ત્યાં મહાવિદેહક્ષેત્રમાં પુરુષદેહપણે મેં શ્રી તીર્થંકર અને શ્રી શ્રુતકેવળી બંને પાસેથી સાંભળી છે તેમ સહજ સ્મરણરૂપ વેદનની જ્ઞાનપર્યાય પરિણમે છે.

આ સીમંધર પ્રભુ છે તેવા આ રાજકુમાર થવાના છે એમ ત્યાં મહાવિદેહમાં મને થતું હતું, એને લઈને અને રાજકુમારને અધ્યાત્મતત્ત્વનો હૃદયગત રંગ એટલે મને ત્યાં રાજકુમાર પ્રત્યે બહુ મહિમા હતી; તેમની સાથે હું પ્રશ્નચર્ચા કરતો હતો એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સહજ સ્મરણ આવે છે. આ રાજકુમાર ભવિષ્યે કાળક્રમે તીર્થંકર થવાના છે એવી શ્રી તીર્થંકર તથા શ્રુતકેવળીની વાણી લોકસમુદાયમાં પ્રસરી રહી હતી. તેને લઈને ત્યાંના લોકસમુદાયમાં પણ ચારે તરફ રાજકુમાર રાજકુમાર એમ મહિમા થઈ રહી હતી.

તે રાજકુમારનો સીધો ભવ અત્યારે પૂજ્ય સદ્‌ગુરુ મહારાજ સાહેબ તરીકેનો જ (અત્યારે બિરાજતા જગત-ઉદ્ધારક શ્રી કહાનગુરુદેવ તરીકેનો જ) છે, તેમ સહજ સ્મરણ આવે છે. રાજકુમાર ભવિષ્યે તીર્થંકર થશે તેવી શ્રી પ્રભુ આદિની નીકળેલી વાણીનો ભાવ મને બરાબર યાદ આવે છે.

હું મહાવિદેહક્ષેત્રમાં શેઠનો પુત્ર હતો. હું જયાં જતો ત્યાં ઉઘાડે માથે જતો, માથે સાદા વાળ હતા, મુદ્રા ગોળ હતી, આંખ મોટી હતી, શરીરનો બાંધો સારો હતો - મધ્યસ્થ હતો.

અહીંનો એક આત્મા (મારી સાથે શાન્તાબેન તરીકે છે તે) ત્યાં મહાવિદેહક્ષેત્રમાં પુરુષદેહપણે હતો, ત્યાં શેઠના પુત્રપણે હતો. એના મકાનમાં તે પુરુષ ઊભો હતો, ત્યાં મેં તેને જોયો; ઝીણાં મલમલ જેવાં લુગડાં પહેર્યાં હતાં, શરીર બહુ પાતળું હતું, ઊંચું કદ હતું, શરીરનો વર્ણ પીળે વર્ણે ઊજળો હતો, એમનાં મોટાં મોટાં મકાન હતાં, એમને સ્ત્રી વગેરે કુટુંબ હતું, એમની સ્ત્રીએ ગુલાબી રંગનાં લુગડાં પહેર્યાં હતાં; તે આત્માનો સીધો ભવ ત્યાં પુરુષદેહપણે હતો તેમ સહજ સ્મરણ આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ સર્વ હકીકત જેમ સહજ સ્મરણ આવ્યું છે તેમ, જેટલું આવ્યું છે તેટલું, મધ્યસ્થ ભાવથી લખાયું છે. જે જે વાત બરાબર સ્મરણમાં નથી આવતી તે નથી લખી.

શ્રી વીતરાગ આદિ પરમપુરુષોને નમસ્કાર.

**

## (સંક્ષેપ)

૧૯૯૩, ચૈત્ર વદ આઠમ ને સોમવાર, સવારના દસ

લગભગ – શ્રી કુંદકુંદાચાર્યનું, પૂર્વભવના પુરુષપણાનું, શ્રી સીમંધર પ્રભુનું સામાન્ય સ્મરણ, બ્રહ્મચારીપણા વગેરેનું સહજ સ્મરણ.

૧૯૯૩, વૈશાખ સુદ ત્રીજ – લોક આદિનું સ્વરૂપ.

વૈશાખ સુદ ૬, સવારના નવ લગભગ – નાના બાળકનું સ્મરણ.

વૈશાખ સુદ ૧૨, સવારના આઠથી સાડા આઠ લગભગ - – પૂર્વનું સમ્યગ્દર્શનપણું, ઘણા ટાઈમથી મહાવિદેહક્ષેત્રમાં હતો તે સ્મરણ, રસ્તા વગેરેનું સામાન્ય સ્મરણ.

વૈશાખ સુદ તેરશ, સવારના નવ લગભગ – ત્રીજા દેવલોકથી ચ્યવીને મહાવિદેહક્ષેત્રમાં પુરુષદેહપણે જન્મ તેમ સ્મરણ.

જેઠ વદ તેરશ, સવારના છ થી સાડા છ – પૂજ્ય સાહેબનો પૂર્વભવ રાજકુમાર, ફેંટો બાંધેલા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧૯૯૪, કારતક વદ બારશ, બપોરના ત્રણથી સાડાત્રણ લગભગ - ઉઘાડે માથે રાજકુમાર, ભવિષ્યે તીર્થંકર, તેમની સાથે ચર્ચા, શ્રી સીમંધર પ્રભુનું, વાણી આદિનું સામાન્ય સ્મરણ; શાન્તાબેનના પૂર્વભવનું, તેમના ઘરનું, વગેરેનું સામાન્ય સ્મરણ.

**

૧૯૯૪, માગશર વદ ૧

## પરમ પુરુષોને નમસ્કાર

શ્રી શ્રુતકેવળીના દેહના દેદારમાં ગંભીરતા અને જ્ઞાનનો દરિયો કેમ હોય ! — એવી જાતનો એમના દેહના દેદારનો દેખાવ હતો; એમના શરીરનો વર્ણ ઊંચી જાતનો તેજસ્વી હતો; એમના શરીરની આકૃતિ મોટા જબરા આડાભીડ યોગી જેવી દેખાતી હતી; — તે પ્રકારે સામાન્ય સ્મરણ આવે છે. તેથી વિશેષ યાદ આવતું નથી.

રાજકુમારનું નામ અત્યાર સુધી સ્મરણમાં આવ્યું નહોતું. આજે બપોરે પ્રશ્નો આવતાં, તે વિચારની ધૂન ચડતાં, અંતર સ્થિરતા વધતાં, નિર્વિકલ્પ સ્થિતિ થતાં તેમાંથી બહાર આવતાં જરા વાર પછી તે રાજકુમારનું નામ ફતેહમંદકુમાર એમ આવ્યું. તે વખતે તે કુમારને તેમના મહેલ તરફ જતા જોયા; તેમનો મહેલ નગરથી થોડો દૂર હતો ને ઊંચા ઊંચા માળ હતા, ઠેઠ ઉપર ગોળ ગોળ કાંઈક નવીન જાતનો આકાર હતો, ઠેઠ ઉપર વચ્ચે મહેલ જેવું હતું, આજુબાજુ ને ઉપર નવીન જાતનાં ગોળ ગોળ છત્ર ને કોતરણી હતી તેમ સહજ યાદ આવ્યું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પછી સાંજે ચાર વાગ્યે, ફતેહકુમાર નામ સહિત શ્રી તીર્થંકર પ્રભુની સમીપમાં રાજકુમારનું સ્મરણ આવ્યું; તેની સાથે બીજી વાર ફતેહ રાણાસાહેબ એવા નામ સહિત, રસ્તામાં ચાલ્યા જતા હતા તેવી રીતે, તે કુમારનું સ્મરણ આવ્યું.

આવી રીતે બે ત્રણ પ્રકારે નામ સાવ સહજ યાદ આવ્યું.

તે કુમારને માતાપિતા હતા એમ યાદ આવે છે. તે માતાપિતા કેવાં હતાં તેનું સ્વરૂપ યાદ આવતું નથી. રાજકુમારનું નામ ફતેહકુમાર ઉપરાંત બીજું પણ નામ હોય તેમ સહજ સ્મરણમાં આવે છે પણ તે નામ શું હતું તે યાદ આવતું નથી.

કુમારનું નામ આવ્યું તેની સાથે, સાંજે ચાર વાગ્યે, તેમના મહેલમાં ઠેઠ ઉપર એમને રાધા... નામની રાણી છે. (રાધાની પછવાડે લક્ષ્મી જેવું, એવું કાંઈક લાંબુ નામ છે પણ બરાબર યાદ આવતું નથી, પણ રાધા નામ બરાબર યાદ આવે છે.) એમ સાવ સહજ યાદ આવ્યું. તે રાણીએ વાદળી રંગનું ઓઢેલું ને જરિયાનની કોર હતી, તેનું પુણ્ય ને ગુણ સારા દેખાય છે એમ ટૂંકી ભાષામાં લખ્યું છે.

તે રાજકુમારને રાણી હોવા છતાં બ્રહ્મચારી હતા એમ સહજ યાદ આવે છે. ગુણવાન રાજકુમાર બ્રહ્મચારી પહેલેથી જ હતા કે ક્યારથી હતા તે કાંઈ યાદ આવતું નથી. તે કુમારને આ એક હતી કે બીજી કોઈ વધારે રાણી હતી તે કાંઈ ખ્યાલમાં આવતું નથી. આ એક રાણી બરાબર યાદ આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ બધું ભક્તિભાવથી જણાવવા ખાતર લખ્યું છે.

આ બંને કાગળમાં, જેટલું આવ્યું છે તેટલું લખ્યું છે. આથી વિશેષ યાદ આવ્યું નથી.

**

## પરમકૃપાળુ સદ્ગુરુદેવને નમસ્કાર

૧૯૯૪, માગશર વદ દશમ, પરોઢિયે સવા પાંચ

ગઈ કાલે નોમની રાત્રે સાતથી સાડા સાત સુધીમાં એમ સ્મરણ આવ્યું કે શાન્તાબેનનો આત્મા ત્યાં પુરુષદેહપણે હતો ; તે અને હું કંઈક વાત કરતા હતા ; શું વાત કરતા હતા તે યાદ આવતું નથી ; તેમનું નામ લાભ... ભાઈ હતું ; હું એમને લાભભાઈ કહીને બોલાવતો હતો ; મારું નામ દેવાભાઈ હતું ; તે મને દેવા... ભાઈ કહીને બોલાવતા હતા ; – એવી જાતના ભાવો યાદ આવે છે. (લાભ... ભાઈ અને દેવા... ભાઈનું લાંબુ નામ યાદ આવતું નથી.) તે સ્મરણ ત્યાંથી તે વખતે અટકી ગયું.

ત્યાંથી ફતેહમંદકુમાર સહજ સ્મરણમાં આવ્યા. સ્વયં ધર્મી બ્રહ્મચર્યરંગી એવા રાજકુમાર કહેતા હતા કે દેવાભાઈ ! રાધારાણી ધાર્મિક વૃત્તિમાં બહુ સજ્જડ છે. આવી જાતના ભાવો યાદ આવે છે. તેમની રાણી નિર્વિકલ્પ સમકિત પામેલ હતાં અને બહુ ગુણી હતાં એમ સહજ યાદ આવે છે. રાજકુમારને તે રાણીના ગુણોનું બહુમાન હતું. આ બધું બરાબર યાદ આવે છે.

આ ભવમાં કોઈની સાથે કરેલી વાતચીત યાદ આવે છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેવી જ રીતે નિઃશંકપણે યાદ આવે છે.

'રાજકુમાર ભવિષ્યે કાળક્રમે તીર્થંકર થવાના છે' તે વાતને રાજકુમાર પોતે, તીર્થંકર આદિની વાણીના જ્ઞાન સહિત, અંતરમાંથી જાણતા હતા. 'હું તીર્થંકર થવાનો છું' એમ એમનું હૃદય કહેતું હતું. આ સ્મરણ અહીંથી અટકી ગયું.

ત્યાર પછી સાડા આઠ થી સવા નવ સુધીમાં —

હું દેવલોકમાં દેવ હતો તેનું સ્મરણ આવ્યું ; ત્યાં દેવી હતી ને કેટલાક દેવો હતા ; તે દેવલોક, ત્યાંનાં લુગડાં ને દાગીના વગેરે જુદી જાતનું લાગે છે. કઈ ભાષામાં લખવું ને બોલવું તે કાંઈ સ્પષ્ટ આવતું નથી, વેદનમાં ગંભીરતા બહુ ભાસે છે. દેવીના શરીર ઉપર ને દેવલોકમાં ને મારા દેવપણાના શરીર ઉપર જુદી જુદી જાતના ચળકાટ, જુદી જુદી જાતના રંગના ચળકાટવાળાં લુગડાં-તે લુગડાં મખમલ જેવાં હોય તેમ જણાતું હતું — ને દાગીના વગેરે તથા દેવલોક પણ જુદી જુદી જાતના રંગ સહિત ઝગઝગાટવાળું યાદ આવે છે. બધા દેવો ભેગા થઈને નાચ કરતા હતા. (હું તાળી પાડતો હતો.) ત્યાં નલિની નામનું કોક હતું, તે દેવીનું નામ હતું કે બીજા કોઈનું નામ હતું, તે યાદ આવતું નથી. હું જાણે દેવ છું ને બધા પરિચિત દેવો — અમે બધા ભેગા થઈને નાચ કરીએ છીએ એવું બધું જાણે દેવનો જ ભવ કેમ હોય એવું લાગે છે. શું નાચ હતો તે સ્પષ્ટ યાદ આવતું નથી. તે દેવના ભવ પહેલાં મહાવિદેહક્ષેત્રમાં બળદિયો હતો એમ સાવ સહજ યાદ આવે છે. તે બળદ લાલ વર્ણે હતો, શરીર પાતળું સુકાયેલ જેવું હતું. એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બળદનું એટલું યાદ આવે છે, એથી વિશેષ યાદ આવતું નથી. હું બળદ છું તે પ્રકારે સહજ યાદ આવે છે.

### ત્યાર પછી રાત્રે દશ સાડા દશે

હું તથા (અત્યારે મારી સાથે શાન્તાબેન છે તે આત્મા) લાભ... ભાઈ નાના હતા ત્યારે સાથે નિશાળે જતા હતા; બીજા ત્યાંના બે ત્રણ ભાઈબંધ નિશાળના અથવા ત્યાં આજુબાજુ રહેવાવાળા યાદ આવે છે. તેમાંથી એક ચંદ... ભાઈ નામે હતા. લાભભાઈની બા અને મારી બાને મેળ અને સંબંધ હતો. નિશાળ કેવી હતી તે બરાબર યાદ આવતું નથી.

લાભ... ભાઈને ત્યાં છાશમાંથી માખણ નીકળતું હતું; દેવાભાઈ તથા લાભ... ભાઈ અમે નાના હતા અને રમતા હતા ત્યારે કોઈ પ્રસંગે નિશાળના ભણતરની અને માખણ છાશ વગેરે વસ્તુની વાત કરતા હતા. આવા ભાંખો યાદ આવે છે. તે વિષે વિશેષ સ્પષ્ટ યાદ આવતું નથી. લાભ... ભાઈ પરણ્યા ત્યારે આછા ગુલાબી રંગનું, અંદર સોનેરી લીંટી હતી એવી જાતનું, શરીર ઉપર રેશમી જેવું પહેર્યું હતું.

### ત્યાર પછી તરત બીજું સ્મરણમાં આવ્યું.

શ્રી તીર્થંકર પ્રભુનું સમોસરણ થોડું થોડું સ્પષ્ટ ને અસ્પષ્ટ યાદ આવે છે. વચ્ચે બેસવાનું મોટું વિશાળ ક્ષેત્ર હતું. કેવડું મોટું હતું તે યાદ નથી આવતું. આજુબાજુ રાતા રંગના ચળકાટ કરતા મોટા મોટા વાંકિયા જેવો આકાર હતો. તેના ચળકાટ ઉપરથી તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રત્ન આદિના કેમ હોય - તેમ જણાતું હતું. તેની નીચે ને ઉપર વાંકિયા ઉપર કાંગરાની કોતરણી, તેના નીચે સીધો દેખાવ, તેના નીચે રત્નની સળીના થપ્પાના વાંકિયાનો મોટો મોટો આકાર કેમ હોય - તેમ જણાતું હતું, નીચે પીળા રંગનો સીધો દેખાવ હતો, દરવાજાની કમાનમાં રાતી રાતી લીટીઓ હતી, જુદી જાતના આકારવાળું કાંઈક હતું. એક ઠેકાણે દરવાજો જોવામાં આવ્યો હતો ; ત્યાં અડખેપડખે ને ઉપર અડી અડીને ઉપરાઉપરી કમાન વાળેલો, કમાન ઉપર બીજો નવીન જાતનો દેખાવ હતો. ત્યાંથી પગથિયાં નીકળતાં હતાં. પગથિયાંનું સ્વરૂપ યાદ નથી. વાંકિયા આદિ તેને માટે ભાષા લખાય, બાકી તો કાંઈક જુદી જ જાતનો દેખાવ હતો. કોઈ દિવસ અહીંયાં દષ્ટિએ જોયો ન હોય એવી જાતનો આશ્ચર્યકારી દેખાવ લાગે છે. અંદર બહુ મહિમા આવ્યા કરે છે પણ ભાષામાં કહેવું કે લખવું, તેનું વર્ણન કરતાં – થોડું થોડું સ્મરણ આવ્યું છે તેથી - આવડતું નથી. ત્યાં અધ્ધર શ્રી સીમંધર પ્રભુ બિરાજી રહ્યા હતા, પદ્માસન હતું, તેમનું શરીર બહુ જ મોટું હતું, તેમના શરીરમાં પ્રકાશની ચમત્કૃતિ થઈ રહી હતી, પ્રભુથી નીચે દેવો નાચ કરી રહ્યા હતા, શું નાચ કરી રહ્યા હતા તે યાદ આવતું નથી. શ્રી સીમંધર પ્રભુનું સ્મરણ આવતાં અત્યારે સાક્ષાત્ દર્શન પ્રભુનાં કેમ થતાં હોય – તેમ લાગી જાય છે, ને તેમને બહુમાનથી હૃદય નમી પડે છે. ત્યાં શ્રી શ્રુતકેવળી (ગણધર દેવનું નામ) શંભુ... હતું. (લાંબુ નામ પાછળ છે પણ સ્પષ્ટ બરાબર યાદ આવતું નથી.) શંભુ બરાબર યાદ આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમોસરણ, શ્રી સીમંધર પ્રભુ વગેરેનું સ્મરણ આવતાં આ જન્મને ક્ષણવાર ભૂલી જવાણું કેમ હોય ! ત્યાં વૃત્તિની તન્મયતા થઈ જાય છે ને હું સમોસરણમાં શ્રી પ્રભુની સમક્ષ જ કેમ બેઠો હોઉં ! સાંભળવા આવ્યો હોઉં ! એમ થઈ જાય છે. સમોસરણની અદ્‌ભુતતા લાગે છે. મહાવિદેહક્ષેત્રમાં જ કેમ હોઉં ! એમ લાગી જાય છે. ત્યાંના પરિચિત જીવો દેખાય છે અને બધું જાણે આવવું-જવું ત્યાંનું થઈ રહ્યું હોય એવું લાગે છે.

(માગશર વદ બારશ, સવારના નવ પછી આવેલું)
(ચૌદશને સવારે લખાયેલું)

સમોસરણમાં ઝાડ અને પાણીના નાના કુંડ જેવો દેખાવ હતો. ઝાડ કેવાં હતાં તે સ્પષ્ટ યાદ આવતું નથી. ત્યાં મોટા મોટા થંભ જેવું હતું. થંભનો રંગ પીળો અને ભૂરા જેવો હતો. થંભ ઉપર ધજા જેવો દેખાવ હતો, રાતા રંગની દેખાતી હતી, અંદર ધોળી ધોળી લીટી હતી. ત્યાં મોટાં મોટાં કમળ જેવો દેખાવ હતો, રમણીક છોડવા ઊગેલા હોય એવી જાતનો દેખાવ હતો. જ્યાં બેસવાનું હતું ત્યાં મખમલ જેવા દેખાવનું કાંઈક હતું. પ્રભુના શરીરમાંથી પ્રકાશની લાઈટ પડી રહી હતી. પ્રભુનું આસન હતું પણ વર્ણન થાય એવી રીતે સ્પષ્ટ યાદ આવ્યું નથી.

ત્યાં ઘણા માણસો હતા તેમાં ફતેહકુમાર, ચંદ... ભાઈ, લાભ... ભાઈ, લાભ ભાઈની સ્ત્રી વગેરે જોવામાં ઘણાં આવ્યાં હતાં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્રી ગુરુદેવના પરમ કૃપામય ઉપકારને
અત્યંત ભક્તિથી નમસ્કાર

**

**શ્રી સર્વજ્ઞને નમસ્કાર**
**સત્પુરુષોની કૃપાને નમસ્કાર**

૧૯૯૪, પોષ સુદ ૧૪, પરોઢિયે લખાયેલ

પોષ સુદ નોમ ને સવારે સાતથી સાડા સાત સુધીમાં સહજ સ્મરણ આવ્યું.

મહાવિદેહક્ષેત્રમાં જે ગામમાં હતા તે ગામનું નામ નૌવલપુર હતું. શ્રી શ્રુતકેવળી એવું કાંઈક બોલતા હતા કે આ નૌવલા નગરીમાં – એવું કાંઈક કહેતા હતા.

હું રાજકુમારને કહેતો હતો કે આપણા નૌવલપુરની અંદર... (કોક માણસ હતો એના વિષે કાંઈક વાત કરતો હતો), તથા હું રહું છું તે આ ગામનું નામ નૌવલપુર છે, – એમ સહજ સ્મરણ થાય છે.

પોષ સુદ ૧૧ ને બુધવાર, રાત્રે દશ પછી–

તે નૌવલપુરના રાજાનું નામ દીપોહમંદ હતું. તે રાજા ફતેહમંદ કુમારના પિતા હતા. દીપોહમંદ રાજાનાં રાણી ફતેહકુમારનાં માતાનું નામ સુલેહા રાણી અથવા સુલેહણા રાણી એમ બે પ્રકારે સ્મરણ આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દીપોહમંદ રાજાનું મોટું જબરું શરીર, શરીરનો બાંધો ઘણો સારો, શરીરનો વર્ણ ઊંચી જાતનો પુણ્યવંત, તેમના ચહેરા ઉપરથી તે બુદ્ધિશાળી અને ઊંચા ગુણોવાળા દેખાય છે. વિશેષ સ્વરૂપ તેમનું યાદ આવતું નથી.

સુલેહારાણીએ ધોળું અને આછા પીળા રંગ જેવું અંદર કાંઈક લીટી હતી એવું, ઓઢેલું હતું. તેમના ગુણો રાજરાણીને યોગ્ય તેમના શરીર ઉપરથી દેખાય છે. તેમના વર્ણન વિષે એટલું યાદ આવે છે.

તે રાજાને બીજા કેટલાક કુંવર હોય તેમ સ્મરણ સહજ આવે છે, પણ કેટલા કુંવરો હતા તે યાદ આવતું નથી. તેમાંથી એક કુંવરનું નામ બાળ... કુમાર હતું; બીજા એક કુંવરનું નામ નંદ... કુમાર હતું. આ બંને કુંવરો ફતેહકુમારથી નાના હતા. બીજા કોઈ કુંવર હતા કે નહોતા તે યાદ આવતું નથી. બંને કુંવરનું વર્ણન થાય એવી રીતે શરીર આદિ કાંઈ યાદ આવતું નથી.

દીપોહ રાજાને બીજા કોઈ રાણી હતાં કે નહોતાં તે યાદ આવતું નથી.

નૌવલપુરમાં બે શેઠ હતા; તેમાં એક શેઠનું નામ જીવા.. શેઠ અથવા જીવન... શેઠ એમ બે પ્રકારે યાદ આવે છે. બીજા શેઠનું નામ પરમ... શેઠ હતું. તે બંને શેઠ હોવાથી રાજા સાથે કામપ્રસંગને લઈને સંબંધ હતો.

તે ગામમાં બીજા શેઠ હશે પણ મને યાદ આવતા નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવા... શેઠ અને પરમ... શેઠ નગરશેઠ જેવા હોય તેમ જણાતું હતું. તે પરમ... શેઠ લાભભાઈના પિતા હતા અને જીવા... શેઠ મારા પિતા હતા.

પરમ... શેઠ એકદમ ખૂબ જ ઘેરા રંગની રાતા રંગની પાઘડી બાંધતા હતા; તે કોઈ કોઈ વાર કામપ્રસંગે રાજા પાસે જતા; તે શેઠનું સ્વરૂપ એટલું યાદ સહજ આવે છે. તેમની સ્ત્રીનું નામ ગણધારી અથવા ગણા અથવા ગણધારા એમ ત્રણ પ્રકારે યાદ આવે છે. તેમનો દેખાવ મોટાં જબરાં શેઠાણી જેવો હતો. તેમને ઘેર નોકરો-ચાકરો હતા; મોટું વિશાળ તેમના ઘરનું કામકાજ નગરશેઠ જેવું હતું; તેમને કેટલુંક દીકરા વગેરે કુટુંબ હતું, તેમાંથી લાભભાઈ અને બીજા એક ચખુભાઈ એ બેનાં નામ યાદ આવે છે, બીજા કોઈનાં નામ યાદ આવતાં નથી, બીજા દીકરા હતા કે નહોતા તે પણ યાદ આવતું નથી. ગણધારી તે લાભ... ભાઈની માતાનું નામ હતું. તે વિષે એટલું યાદ આવે છે. કોઈના શરીર આદિના વર્ણન વિષે, વર્ણનમાં આવે એવી રીતે, યાદ આવતું નથી.

જીવા... શેઠ અથવા જીવનશેઠ મારા પિતાનું નામ હતું. તે શેઠ સારા સ્વભાવના અને વૈભવવાળા હતા. મારી માતાનું નામ ભદ્રા અથવા ભદ્રવાહા હતું. શેઠાણીને યોગ્ય તેમના ગુણો હતા. મારા પિતા ધોળી પાઘડી બાંધતા હતા. — તે વિષે વર્ણનમાં એટલું યાદ આવે છે. તે માતા-પિતા ધાર્મિક હતાં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હું મારાં માબાપને એક જ હતો, બીજાં કોઈ ભાઈબહેન નહોતાં, ઘરમાં મારા કાકા વગેરે કુટુંબ હતું.

નૌવલપુર ગામથી થોડે દૂર બીજું વણવીંશ નામનું ગામ હતું. ત્યાંથી લાભ... ભાઈ કન્યા પરણીને લાવ્યા હતા. તે કન્યાનું નામ ગુણભદ્રા હતું. તે કન્યાના પિતાની માતા અથવા તે કન્યાની માતા ત્યાં હતાં તે યાદ આવે છે.

રથ જેવું કાંઈક હતું, તેમાં બેસીને લાભ... ભાઈ આવતા હતા. તે વિષે વિશેષ યાદ આવતું નથી.

ત્રણે એક જ ગામમાં હતા, એક જ ગામમાં રહેતા હતા, એમ સહજ યાદ આવે છે. આ બધું સહજ સ્મરણમાં બરાબર આવે છે તે પ્રકારે મધ્યસ્થતાથી લખાયું છે.

હું તથા રાજકુમાર કોઈ એક સ્થાને બેઠા હતા. ત્યાં ફતેહકુમાર ધાર્મિક વાત કરતા હતા.

પોષ સુદ ૧૦ ને સવારે એમ સ્મરણ આવ્યું હતું કે

શ્રી કુંદકુંદાચાર્ય ત્યાં મહાવિદેહક્ષેત્રમાં આવ્યા ત્યારે શ્રી તીર્થંકરદેવનું નીકળેલું પદ સહજ સ્મરણમાં આવ્યું. શ્રી કુંદકુંદાચાર્ય ત્યાં આવ્યા ત્યારે પ્રભુની વાણીમાંથી ક્ષાયિકનું સ્વરૂપ, યતિઓનું સ્વરૂપ, શ્રાવકનું સ્વરૂપ વગેરે વાણી છૂટી હતી. પ્રભુની વાણી તો અદ્ભુત, ઊંડી ને ગહન અને ઘણા પ્રકારની છૂટી હોય, પણ ત્યાં મારી શક્તિ પ્રમાણે પકડાયેલ; એમાંથી અમુક એટલું યાદ આવે છે. આ બધું સાવ સહજ યાદ આવે છે. તે વખતે મારી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શક્તિ પ્રમાણે પકડાયેલું એક પદ યાદ આવે છે :

ક્ષપકત્વશ્રેણી ભૂદાદ્વૈ ભૂત્વા ।

• • • • • • • • • ॥

પોષ સુદ ૧૧ને રાત્રે -

હું તથા રાજકુમાર જયાં અમુક સ્થાને બેઠા હતા ત્યાં રાજકુમાર કાંઈક ધાર્મિક વાત કરીને આ ઉપલું પદ બોલ્યા, ત્યાર પછી તરત બીજું પદ રાજકુમાર બોલ્યા -

સિદ્ધિ-ગવેષાં • • • • ।

• • • • • • • • • ॥

આ બીજું પદ શ્રી શ્રુતકેવળીનું હતું. તે રાજકુમાર બોલતા હતા ને હું સાંભળતો હતો. રાજકુમાર એમ કહેતા હતા કે શ્રુતકેવળી આમ કહે છે.

ઉપરના બંને પદમાં કાનોમાત્રાનો કે શબ્દ વગેરેનો ફેરફાર હોય તો ખ્યાલ નથી.

શ્રી શ્રુતકેવળી ત્રણ પ્રકારે ક્ષાયિકના નામવાળું સ્વરૂપ કહેતા હતા તે ત્રણ પ્રકાર સ્મરણમાં રહેલા તે યાદ આવ્યા. પોષ સુદ ૯ ને બપોરે સ્મરણમાં આવ્યા હતા.

પોષ સુદ ૧૧ ને રાત્રે-

પાછા ફરીને રાજકુમાર સાથે વાત કરતા હતા ત્યારે રાજકુમારને પણ તે ત્રણ પ્રકારની ખબર હતી. રાજકુમાર કહે કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્રુતકેવળી ક્ષાયિકનો એક ધારાપ્રવાહીનો પ્રકાર કહે છે. – એમ રાજકુમાર કહેતા હતા.

એક ધારાપ્રવાહી, બીજું જોડણી અથવા જોડરૂપ ક્ષાયિક, ત્રીજું યુગલ ક્ષાયિક.

ધારાપ્રવાહી શરૂઆતની ધારાનો પ્રવાહ ક્ષાયિકની યોગ્ય શ્રેણીનો તે ધારાપ્રવાહી—એવો તેનો ભાવ યાદ આવે છે.

બીજું જોડણી અથવા જોડરૂપ ક્ષાયિક તે.

પૂર્વ કૃતકૃત્યતાના અદ્‌ભુત સુખ માંહેનું અંશ-કૃતકૃત્ય પણું પ્રગટ થઈને તે અંશ દ્વારા વિશેષ કૃતકૃત્યતાના અંશોનું જોડાવું, આવું ક્ષાયિક જે કહેવાય છે તેવા ક્ષાયિકને ત્યાં જોડણી અથવા જોડરૂપ એવા સ્વરૂપે કહેતા હોય એમ ભાવ ભાસે છે. એક અંશ દ્વારા વિશેષ અંશોનું પરસ્પર જોડાવું તેનું નામ જોડણીક્ષાયિક એમ ટૂંકાણમાં ભાવ યાદ આવે છે.

પૂર્ણ કેવળીના અથવા સિદ્ધના ક્ષાયિકને યુગલ ક્ષાયિક કહેતા હોય એમ યાદ આવે છે.

હું તથા રાજકુમાર બંને આ પ્રકારે જાણતા હતા. આથી વિશેષ યાદ આવતું નથી. આ બધું યાદ સહજ આવે છે.

ચંદ ભાઈ કોણ છે તે અહીંના કેટલાક જીવો પ્રત્યે મધ્યસ્થભાવથી દૃષ્ટિ મૂકતાં તે જીવોમાં ચંદ ભાઈ હોય તેમ મારા સ્મરણમાં જણાતું નથી. બીજા એક તેમની સાથે શિશુભાઈ નામે હતા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તીર્થંકરપદ કેટલે ભવે એમ સ્મરણમાં સહજ આવતું નથી, પણ કાળક્રમે ટૂંકા કાળે તીર્થંકર થશે એમ સ્મરણ સહજ થાય છે.

શ્રી તીર્થંકરદેવને નમસ્કાર.

ગુરુરાજના અદ્દ્ભુત પ્રતાપને અહોનિશ ભક્તિથી વારંવાર નમસ્કાર.

**

## શ્રી વીતરાગ આદિ સત્પુરુષોને નમસ્કાર

૧૯૯૪, પોષ વદ ૭ (લખાયેલું)

પોષ વદ પાંચમને પરોઢિયે –

શ્રી કુંદકુંદાચાર્ય ત્યાં મહાવિદેહક્ષેત્રમાં લગભગ આઠેક દિવસ રહ્યા હોય તેમ સહજ સ્મરણ આવ્યું. મોટા અધિપતિ ચક્રેશ્વરી ત્યાં સમોસરણમાં હતા એવી રીતે સહજ સ્મરણ આવ્યું. તે ચક્રેશ્વરીનું–શરીર આદિનું-વર્ણન થાય એવી રીતે સ્પષ્ટ સ્મરણ આવતું નથી.

પોષ વદ છઠને સાંજે લગભગ ચાર વાગ્યા પછી –

શ્રી કુંદકુંદાચાર્ય પધાર્યા તે ગામનું નામ કંડલ, કુંડીલા, કુંડલપુરી અથવા કુંડલી હતું. શ્રી કુંદકુંદાચાર્ય તે કુંડલપુરીમાં પધાર્યા હતા તેમ સહજ સ્મરણ આવે છે.

પોષ વદ છઠ ને રાત્રે દશ વાગ્યે લગભગ પાછું ફરી વાર -

શ્રી કુંદકુંદાચાર્ય ત્યાં કુંડલપુરીમાં પધાર્યા હતા ને આઠેક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દિવસ રોકાયા છે એમ સ્મરણ આવ્યું.

પોષ વદ ૭ ને લગભગ સાડા દશ, અગિયાર –

શ્રી કુંદકુંદાચાર્ય ત્યાં કુંડલપુરમાં પધાર્યા હતા, આઠ દિવસ રહ્યા હતા એમ બરાબર સ્મરણ આવે છે.

આઠ દિવસ સુધી ત્યાં મોટા ઓચ્છવ જેવું થયું હતું. ત્યાંના ચક્રવર્તીએ તેમનો બહુ આદરસત્કાર કર્યો હતો ને મોટા ઓચ્છવ અથવા ઉજવણા જેવું ચક્રવર્તી તરફથી થયું હતું; તે બરાબર યાદ આવે છે.

બધી જાતનો આઠે દિવસનો ઓચ્છવ ચક્રવર્તી તરફથી થયો હતો કે દેવો તરફથી થયો હતો તે યાદ આવતું નથી.

શ્રી કુંદકુંદાચાર્યને બહુ જ આદરસત્કારથી ચક્રવર્તી તરફથી, મોટા થાળ જેવું હતું તેમાં કાંઈક ફળો આદિ (બીજું કાંઈક વનસ્પતિ જેવું) હતું, તે ફળાદિ કુંદકુંદાચાર્યને વહોરાવવામાં આવ્યાં હતાં.

ફળો આદિ વહોરાવ્યાં હતાં તે બરાબર યાદ આવે છે પણ ચક્રવર્તીએ વહોરાવ્યાં કે બીજા કોઈએ તે બરાબર યાદ આવતું નથી.

હું ત્યાં કુંડલપુરમાં હતો તે બરાબર યાદ આવે છે. પ્રભુનાં દર્શન માટે આવ્યો હોઉં અથવા બીજા કોઈ પ્રસંગે આવ્યો હોઉં, તે યાદ આવતું નથી.

**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આજે પોષ વદ આઠમ, સાડા દશથી અગિયારે આવેલું સ્મરણ –

શ્રી કુંદકુંદાચાર્યના પગને, ફળાદિ વહોરાવ્યાં તે ટાઈમે, સુગંધી પાણી, પુષ્પ વગેરે ઊંચી ચીજો – કુંકુ જેવું કાંઈક હતું વગેરે ચીજો – થી પૂજવામાં આવ્યા હોય તેમ બરાબર સ્મરણ આવે છે.

ફળાદિનો થાળ હતો તે રત્નજડિત જેવો હોય તેમ યાદ આવે છે.

આ બધું બરાબર સ્મરણ સહજ આવ્યું તેમ લખ્યું છે.

ભરતક્ષેત્રમાંથી મહાવિદેહક્ષેત્રમાં જઈને
શ્રી સીમંધર પ્રભુનાં દર્શન કરનાર
પરમ યોગીશ્વર શ્રી કુંદકુંદાચાર્યને
પરમ ભક્તિથી નમસ્કાર,
વારંવાર નમસ્કાર.

**

## પરમ-પુરુષોને નમસ્કાર

૧૯૯૪, પોષ વદી તેરશ –

શ્રી કુંદકુંદાચાર્ય ત્યાં કુંડલપુરમાં પધાર્યા ત્યારે ઓચ્છવને લઈને ભક્તિનો પ્રકાર બહુ જ દેખાય છે.

કુંડલપુરમાં શ્રી કુંદકુંદાચાર્ય પધાર્યા ત્યારે ફતેહમંદકુમાર પણ ત્યાં આવેલ હતા, બહુમાનથી ઉલ્લાસ-પૂર્વક શ્રી કુંદકુંદાચાર્ય પ્રત્યે હાથ જોડતા ઊભેલા જોયા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાજકુમાર એક વાર કહેતા હતાઃ આત્મા એક છે, તેનો ડંકો નૌવલપુરમાં વગાડવો છે. આ સ્મરણ છેલ્લું લખાણ આપ્યા પછી બીજે દિવસે આવ્યું.

પોષ વદી બારશને રાત્રે આઠ થી નવ લગભગ આવેલું સ્મરણ –

રાજકુમારના નૌવલપુરની અંદર કોઈ એક બીજા ગામમાંથી એક બાઈ આવીને રહેલ હતી. તેનું નામ અજયા હતું. તેને એક (અજ) બાહુ નામનો દીકરો હતો. 'બાહુ' બરાબર યાદ આવે છે, પણ 'અજ' હતું કે શું હતું તે બરાબર યાદ આવતું નથી. તેનો દીકરો પણ નૌવલપુરમાં આવ્યા પછીથી ધર્મપ્રેમી થઈ ગયેલ હોય તેમ જણાય છે. તે (અજ) બાહુ એક ડુંગર ઉપર દિગંબર મુનિની પ્રતિમાનાં દર્શન કરતી વખતે સહજ સ્મરણમાં આવ્યો. તે ધાર્મિક વૃત્તિનો થઈ ગયો હોય તેમ જણાય છે. આ સ્મરણ પહેલાં પણ આવેલું હતું, પાછું બીજી વાર આવ્યું. તે અજબાહુ ધર્મ તરફ વળેલ હોવાથી તથા જ્ઞાનમાં કાંઈક બળિયો હોવાથી રાજકુમારને તેના ઉપર પ્રેમ હતો. તે (અજ) બાહુ કોઈ કોઈ વાર સમોસરણમાં પણ જોવામાં આવે છે.

પછીથી કોઈ કારણસર તે અજયાબાઈના દીકરાના અભિપ્રાયો વસ્તુસ્થિતિથી બદલાણા, ને તે પ્રમાણે તે રાજકુમાર પાસે સજ્જડતાથી આગ્રહપૂર્વક સ્થાપતા; રાજકુમારને, તેનું નિમિત્ત પણ પોતા વડે, તે અભિપ્રાયો બેસતા. તેમાંથી બધા યાદ આવતા નથી, કેટલાક યાદ સહજ આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાજકુમાર પ્રત્યે લાભભાઈને તથા દેવાભાઈને મહિમા હોવાથી તે પણ (અજ) બાહુના અભિપ્રાયો કેટલીક વાર સાંભળવા જતા. તેમાંથી તેમને પણ પોતા વડે કેટલાક બેસતા. રાજકુમારને (અજ) બાહુના અભિપ્રાયો ઘણાખરા બેસતા.

આ નીચે મુજબ (અજ) બાહુ કહેતા હતા –

આત્મા દેશપ્રત્યક્ષ છે, સર્વપ્રત્યક્ષ નથી;

ગુણ પ્રત્યક્ષ છે, દ્રવ્ય પ્રત્યક્ષ નથી.

અમુક લુગડું હોય છતાં પણ મોક્ષ થાય છે.

સખતાઈ પણે કહું છું કે જ્ઞાનશક્તિ જ ખરી છે, બીજું સર્વ પાણીનું પૂર છે.– એવો એકાંત આગ્રહરૂપ, નિષેધરૂપ અભિપ્રાય.

ત્યાં ભક્તિનો પ્રકાર બહુ દેખાવાથી તેના નિષેધરૂપ અભિપ્રાય.

– આવી જાંતના ભાવો યાદ આવે છે. આવા કેટલાક અભિપ્રાયો સહજ સ્મરણમાં આવ્યા છે તે જણાવ્યા છે.

(અજ) બાહુએ કહેલા અભિપ્રાય વિષે રાજકુમાર દેવાભાઈને કહેતા, તે વિષે વાત કરતા.

સર્વના અભિપ્રાયો અમુક પ્રકારે આવી રીતે કેટલાક પરિણમતા હતા. મૂળ વિશેષ વિરાધના (અજ) બાહુથી થઈ છે, તેમ સહજ સ્મરણરૂપ વેદનમાં આવે છે તેમ જણાવ્યું છે.

જેમ અત્યારના થયેલા પરિણામો સ્મરણમાં આવે તેમ પૂર્વના થયેલા અમુક પરિણામો સહજ સ્મરણરૂપ વેદનમાં આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ તો બહારના નિમિત્તે થયેલ અમુક પ્રકાર યાદ આવે છે. અભિપ્રાયમાં વિશેષે શું થયું હોય તે યાદ આવતું નથી.

અમારાથી માયા શું થઈ છે તે યાદ આવતું નથી.

(અજ) બાહુ તે નારણભાઈનો આત્મા છે, તેમ બે ત્રણ વાર ઊછળી ઊછળીને સહજ સ્મરણ આવે છે, પણ ત્યાંથી આ તેમનો સીધો ભવ હોય તેમ સહજ સ્મરણ આવતું નથી.

ખ્યાલમાં નહિ એવો આ વિરાધનાનો પ્રકાર સહજ સ્મરણમાં આવ્યો છે.

આવા ઊંધા અભિપ્રાયના બહારના પ્રકાર વખતે રાધારાણી નહોતાં. તેમનો આત્મા બીજી ગતિમાં ગયેલ હતો.

રાજકુમારને બીજાં બે રાણી હતાં, તેમાંથી એક સુભંગા અને બીજાં પટોધરા નામે હતાં. તે રાણીના વર્ણન વિષે વિશેષ યાદ આવતું નથી.

રાજકુમાર છેવટે વેદનાની સ્થિતિમાં સખત પુરુષાર્થપણે રહી શકયા નહોતા તેમ સહજ સ્મરણ આવે છે. રાજકુમારને હું ત્યાં, તેમના શરીરને, જોવા ગયો હતો; પલંગ જેવું હતું, તેમાં રાજકુમાર સૂતા હતા; તે વિષે વિશેષ યાદ આવતું નથી.

રાજકુમાર ત્યાંથી અહીં આવ્યા તે પ્રકાર પણ યાદ આવે છે. નૌવલપુરના માણસોના હૃદયમાં ખેદ પ્રસરી રહ્યો હતો. – તે વિષે વિશેષ યાદ આવતું નથી.

ત્યાંનું દેવાભાઈનું દેહપ્રમાણ અહીંના દેહ સાથે મેળ ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખાય તેવડું સ્મરણમાં આવે છે.

આ લખાણ, જેમ આવ્યું છે તેમ, મધ્યસ્થતાથી લખાયું છે.

શ્રી વીતરાગાય નમઃ

પરમ કૃપાળુ સદ્‌ગુરુદેવને નમસ્કાર

**

મહા સુદ બારશે આવેલું સ્મરણ

બળદના ભવ પહેલાંના ભવે હું ઘોડે સવાર થઈને કયાંક જતો હતો, રસ્તામાં-જંગલમાં-કોકે મને મારી નાખ્યો, ત્યાંથી મરીને બળદ થયો તેમ સહજ સ્મરણ આવે છે.

૧૯૯૪, ફાગણ વદ અમાસ –

રાજકુમાર ભવિષ્યે તીર્થંકર થશે તેવું સહજ સ્મરણ ફરી ફરી આવ્યા કરે છે અને પૂજય કૃપાળુ સદ્‌ગુરુદેવ પ્રત્યે—જગત-ઉદ્ધારક પ્રત્યે—બહુ મહત્તા આવે છે.

ૐ નમઃ

**પરમપુરુષોને નમસ્કાર**

ચૈત્ર વદી સાતમ ને ગુરુવાર, ૧૯૯૪ લખાયેલું -

શ્રી કુંદકુંદાચાર્ય મહાવિદેહક્ષેત્રમાં કુંડલપુરમાં પધાર્યા ત્યારે નૌવલપુરથી દીપોહમંદ રાજા—તેમની મોટી સેના સહિત-તેમનાં રાણી એટલે ફતેહકુમારની માતા, (કૃપાળુ ગુરુદેવનો આત્મા) ફતેહકુમાર, તેમની રાણીઓ વગેરે કુટુંબ, રથ, બીજી જાતનું કાંઈક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાહન હતું (તે નામ આવડતું નથી), હાથી, ઘોડા વગેરે સાથે હતું; ગામના ઘણા માણસો સાથે હતા; પરમ શેઠ, લાભભાઈ (શાન્તાબેનનો આત્મા) વગેરે, જીવન શેઠ, હું વગેરે ઘણા માણસો સાથે હતા; ચંદ ભાઈ અને શિશુ પણ હતા.

ત્યાંના હિસાબે નૌવલપુરથી કુંડલપુર બહુ દૂર નહોતું, પણ નજીક હતું.

કેટલાક માણસો ચાલતા હતા, કેટલાક વાહનોમાં બેઠા હતા. રાજકુમાર થોડી વાર ચાલતા હતા, થોડી વાર કોઈ વાહન ઉપર બેસતા હોય તેમ જણાય છે.

રસ્તામાં રાજકુમાર સાથે પુણ્ય-પાપ વિષે વાત થઈ હતી. શું વાત થઈ હતી તે યાદ આવતું નથી. કુંડલપુરમાં ગયા ત્યારે સમવસરણનાં પગથિયાં હું તથા લાભભાઈ સાથે ચડતા હતા; રાજકુમાર, એમનું કુટુંબ વગેરે આગળ ચડતા હતા.

સમવસરણમાં (અજ) બાહુ જોવામાં આવ્યા હતા, પણ તે નૌવલપુરથી આવ્યા હતા કે બીજા કોઈ ગામથી - તે યાદ આવતું નથી.

(આ ઉપરનું સ્મરણ ચૈત્ર સુદ આઠમને દિવસે સામાન્યપણે આવ્યું હતું, પાછું ચૈત્ર વદ ચોથને સાંજે સ્પષ્ટ આવ્યું.)

ત્યાં નૌવલપુરમાં આર્યભાષા હતી તેમ સહજ સ્મરણ આવે છે. લખાણમાં કેટલાક ત્યાંના ભાવો અને ભાષા અહીંની લખી છે ને કેટલીક ત્યાંની ભાષા પણ છે; જેમ કે દેશપ્રત્યક્ષ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સર્વપ્રત્યક્ષ, પાણીનું પૂર વગેરે કેટલીક ત્યાંની ભાષા છે.

આ ભાષાનો પ્રકાર સાવ સહજ યાદ આવે છે. (આ વિષે સ્પષ્ટ સ્મરણ ચૈત્ર વદ છઠને સવારે સાડા દશે આવ્યું)

નૌવલપુરમાં રાજકુમાર સાથે હું અને લાભભાઈ કોઈ કોઈ વાર ફરવા જતા. જે રસ્તેથી સેના કુંડલપુર તરફ ગઈ હતી તેનો આજુબાજુનો રસ્તો હોય તેમ જણાય છે.

વિરાધનાના પ્રકાર વખતે દેવાભાઈને એટલે મને જ્ઞાનના પ્રયત્નનો કિનારો નથી, સ્થિરતાના પ્રયત્નનો કિનારો છે– આવા ભાવો થઈને જ્ઞાન પ્રત્યે પાછળથી પરિણામમાં નિષેધ જેવો ભાવ આવી જતો.

ઉપરનો નિષેધના ભાવવાળો અભિપ્રાય લાભભાઈને પણ બેસતો લાભભાઈ કહેતા : દેવાભાઈ ! તમારી વાત સાચી છે. વિરાધનાનો આ એક પ્રકાર લખ્યો, બાકી પરિણામમાં મંદતા-તીવ્રતા સર્વના ભાવમાં રહી હોય તે જુદી વાત છે.

(અજ) બાહુ સાથે રાજકુમારને મેળ થયો તે મને તથા લાભભાઈને રુચ્યું નહિ. હું તથા લાભભાઈ તે વિષે ખાનગી વાત કરતા. શું વાત કરતા તે યાદ આવતું નથી. અમારા અભિપ્રાયો અમે રાજકુમારને તથા (અજ) બાહુને જણાવતા નહોતા; તે વર્તનમાં અમારાથી માયા થઈ છે તેમજણાય છે. આમ થવા છતાં અમને રાજકુમાર પ્રત્યે મહિમા હતી.

માયાના બીજા કોઈ વિશેષ પ્રકારો થયા છે કે કેમ તે યાદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવતું નથી.

આ બધું સહજ યાદ આવ્યું તે જણાવ્યું છે.

નૌવલપુરમાં કોઇ એક સ્થાને હું, રાજકુમાર તથા લાભભાઇ ધાર્મિક વાત કરતા હતા.

હું દેવલોકમાં દેવ હતો ત્યારે, ભગવાનની ત્યાં દેવલોકમાં પ્રતિમા હતી તેનાં દર્શન કરવા જતો; દેવીઓ વગેરે તીર્થંકરનો ઓચ્છવ કરવા કયાંક જતાં હોય તેમ યાદ આવે છે.

હું જતો હતો કે નહિ તે યાદ આવતું નથી, તે વિષે વિશેષ યાદ આવતું નથી.

એક વાર દેવાભાઇ એટલે મેં, શ્રી શંભુ સિવાયના બીજા કોઇ ગણધર ત્યાં અધ્ધરથી નીચે આવતા હતા, તેમને જોઇને કહ્યું :

પધારો જિનરાજ ! પધારો. આ પ્રમાણે સહજ યાદ આવે છે.

શ્રી સીમંધર ભગવાન કોઇ એક વૃક્ષ નીચે કેવળજ્ઞાન પામ્યા છે એમ શ્રી ગણધરદેવ કહેતા હતા.

પ્રભુની ધ્વનિનો અવાજ કયા દ્વારથી બહાર નીકળતો હતો તે યાદ આવતું ન થી.

આ બધું ઉપરનું સ્મરણ ચૈત્ર વદી છઠને સવારે સાડાદશે લગભગ આવ્યું હતું.

આ બધું, સહજ સ્મરણ આવ્યું તે લખ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂર્વના પરિચિત આત્માઓને ઓળખવા, તે આત્માઓના જન્મ ફરી જવા છતાં ઓળખવા, તેનું સ્મરણ થાય એવા સંસ્કાર અથવા ધારણા હોતી નથી છતાં પણ મતિની કોઇ એવી નિર્મળતારૂપ સ્થિરતાને કારણે—સ્મરણ સાથેની નિર્મળતાને કારણે – (જોકે અરૂપી આતમા દેખાતો નથી તોપણ) વર્તમાન એની દેહપર્યાય ખ્યાલમાં હોય ને પૂર્વની દેહપર્યાય પણ જોયેલી હોય, પરિચયમાં હોય, તેથી પૂર્વે જે પુરુષ જોયો હતો તે જ આ પુરુષ છે તેમ જાણી શકાય છે, ઓળખી શકાય છે.

પૂર્વે જે આ પુરુષ જોયો હતો અથવા આ આત્માઓ પૂર્વે જે જોયા હતા તે 'જ' આ આત્માઓ છે એમ મતિની નિર્મળતારૂપ સ્થિરતાને કારણે જ્ઞાનમાં સહજ સચોટપણે નિઃસંદેહપણે પકડાઇ જાય છે. તે આત્મા સીધો અહીં જન્મ પામેલ છે કે બીજે કયાંય વચ્ચે ગયેલ છે તે પણ જણાય છે; જો સીધો આવેલ હોય તો પૂર્વના પુરુષની ને અત્યારના પુરુષની સીધી સંધિ, જ્ઞાનમાં આવે છે; નહિ તો સીધી સંધિ આવતી નથી પણ વચ્ચે આડું કયાંય ગયેલ હોય તેમ જ્ઞાનમાં આવે છે.

**પરમકૃપાળુ સદ્ગુરુદેવના કૃપામય ઉપકારને**
**અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર**

શ્રી પ્રભુ સીમંધર ભગવાનનો તો અત્યારે આ કાળે વિરહ પડ્યો, પણ પરમકૃપાળુ સદ્ગુરુદેવનો નજીકનો પરિચય ઇચ્છવા છતાં વર્તમાન તેમનાથી દૂર પડ્યા તે પૂર્વ પરિણતિનો દોષ છે.

તે અપરાધોની ક્ષમા ઇચ્છીએ છીએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગયા વર્ષે સ્મરણની શરૂઆત થયા પહેલાં એક વાર સ્વપ્ન આવ્યું હતું કે લાભને ટાઈમે લાભ લીધો નથી, લાભના કાળે લાભ લીધો નથી, તેથી અકાળે અવતાર થયા છે.

આ સહેજ જણાવવા ખાતર લખ્યું છે. ૧૯૯૪–

આ સર્વ સ્મરણમાં કૃપાળુ ગુરુદેવનો પરમ કૃપામય ઉપકાર છે, પરમ કૃપામય પ્રતાપ છે.

શ્રી ગુરુદેવનાં ચરણકમળમાં પરમ ભક્તિથી વારંવાર નમસ્કાર

★★

પૂજ્ય ગુરુદેવના તીર્થંકરપણાનું વારંવાર સ્મરણ આવતું હતું તેની સાથે આ ગણધરપણાનું સ્મરણ આવ્યું હતું.

પરમકૃપાળુ શ્રી સદ્‌ગુરુદેવશ્રીને પરમ ભક્તિથી વારંવાર નમસ્કાર.

૧૯૯૪માં આવેલ સ્મરણ –

(૨૦૦૪, પોષ સુદ ચૌદશે લખાયેલું)

સહજપણે એમ સ્મરણ આવેલ છે કે આ દેવાભાઈનો આત્મા છે તે, આ રાજકુમાર ભવિષ્યે તીર્થંકર થવાના છે તેના ભવિષ્યે ગણધર થવાના છે. – એમ સીમંધરભગવાને કહ્યું છે. આમ સ્પષ્ટપણે સ્મરણ આવેલ છે. જગતનાથ જગ-શ્રેષ્ઠ તીર્થંકરદેવને નમસ્કાર.

સં. ૨૦૦૪, પોષ સુદ ૧૩ના રોજ આવેલું સ્મરણ –

ગણધરપણાનું ફરી ફરી સ્મરણ આવે છે. મહાવિદેહક્ષેત્રમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્રી સંમીધરભગવાને રાજકુમારના મહિમાયુક્ત વિશ્વવંદ્ય તીર્થંકરપણા વિષે તથા આગલા અને પાછલા ભવાંતરો વિષે વાત કરી છે એમ બરાબર યાદ આવે છે ;પણ તે કયા કયા ભવો અને શું શું વાત છે તે યાદ આવતું નથી. તે ભવોની વાત કરી તેમાં એમ કહ્યું હતું કે 'આ રાજકુમાર ભવિષ્યે તીર્થંકર થવાના છે.' તેની સાથે સંબંધવાળી ગણધરપણાની વાત હોવાથી તે વાત આવી હતી તે બરાબર સ્પષ્ટપણે સહજ સ્મરણમાં આવે છે. તીર્થંકરદેવના ભવો વિષે શું શું વાત હતી તે સ્પષ્ટપણે સ્મરણમાં આવતું નથી.

(આ વાતને લગતા પ્રસંગને કારણે આ વાત લખાઇ જાય છે.)

શ્રી કૃપાળુ ગુરુદેવના કૃપામય ઉપકારને વારંવાર નમસ્કાર.

**

**અજોડ રત્ન કૃપાળુ ગુરુદેવનાં ચરણકમળમાં**
**પરમ ભક્તિથી વારંવાર નમસ્કાર**

૨૦૦૪, પોષ વદ બીજના રોજ આવેલું સ્મરણ –

પૂર્વભવે શ્રી સીમંધર ભગવાન પાસેથી સાંભળ્યું છે તેમાંથી સ્મરણ આવે છે કે આ રાજકુમાર ભવિષ્યે ઘાતકીખંડ દ્વીપના વિદેહક્ષેત્રમાં તીર્થંકર થશે, તેમનું નામ શ્રી સૂર્યકીર્તિસ્વામી તથા શ્રી સર્વાંગસ્વામી એમ બે પ્રકારે નામ યાદ આવે છે એટલે કે બે જાતના નામ હોય તેમ યાદ આવે છે. આ દેવાભાઇ આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાજકુમારના ભવિષ્યે ગણધર થવાના છે. તે સૂર્યકીર્તિ રાજાના એટલે કે સૂર્યકીર્તિ તીર્થંકરના દેવેન્દ્રકીર્તિ નામના રાજકુમાર થશે; આ લાભભાઈ આ રાજકુમારના ભવિષ્યે ગણધર થવાના છે, તે સૂર્યકીર્તિ રાજાના એટલે કે સૂર્યકીર્તિ તીર્થંકરના બીજા ચંદ્રકીર્તિ નામના રાજકુમાર થશે, એટલે કે સૂર્યકીર્તિ તીર્થંકરના દેવેન્દ્રકીર્તિ અને ચંદ્રકીર્તિ નામના પુત્રો થશે અને તેમના બંને ગણધર થશે.

આ બધું શ્રી સીમંધર ભગવાન પાસેથી સાંભળ્યું છે તેમાંથી યાદ આવે છે; આ સ્મરણ સાવ સ્પષ્ટ છે.

ભાવિ તીર્થાધિનાથ કૃહાનગુરુદેવને પરમ ભક્તિથી નમસ્કાર.

જગત-ઉદ્ધારક પરમ કૃપાળુ શ્રી સદ્‌ગુરુદેવ (કાનજીમહારાજશ્રી) તે, પૂર્વભવના ફતેહમંદ રાજકુમાર ભવિષ્યે ધાતકીખંડ દ્વીપના વિદેહક્ષેત્રમાં તીર્થંકર થશે એમ શ્રી સીમંધર ભગવાને કહેલું છે.

બળદેવ-વાસુદેવના સ્વપ્નાની આપે અમને વાત કરી ત્યાર પછી તે વિચાર બહુ રહ્યા કરતા હતા તેથી આ સ્મરણ આવેલું છે.

આ સ્મરણ વારંવાર સ્પષ્ટપણે આવ્યા કરે છે. દેવાભાઈ એટલે આ આત્મા, લાભભાઈ એટલે શાન્તાબેનનો આત્મા. પરમ કૃપાળુ જ્ઞાનનિધિ ગુરુદેવના પરમ ઉપકારને વારંવાર

નમસ્કાર

★

**અજોડ રત્ન પરમ કૃપાળુ ગુરુદેવનાં ચરણકમળમાં**
**પરમ ભક્તિથી વારંવાર નમસ્કાર.**
**૨૦૦૪, ચૈત્ર સુદ પૂનમે લખાયેલ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્રી સીમંધર ભગવાન દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ કહેતા હતા; તેમની વાણી અનંત અનંત રહસ્યોથી ભરેલી હતી, તેમ સ્મરણ આવ્યા કરે છે; તીર્થંકર અને ગણધર પણાની વાતનું વારંવાર સ્મરણ આવ્યા કરે છે. આ રાજકુમાર ભવિષ્યે ઘાતકીખંડ દ્વીપના વિદેહક્ષેત્રમાં શ્રી સૂર્યકીર્તિસ્વામી તથા શ્રી સર્વાંગસ્વામી નામના તીર્થંકર થશે, આ દેવાભાઈ તેમના દેવેન્દ્રકીર્તિ નામે ગણધર તથા તેમના પુત્ર થવાના છે. (દેવેન્દ્રકીર્તિ કુમારનું આ નામ સહિત બીજું પણ નામ હોય તેમ ખ્યાલમાં આવે છે.) આ લાભભાઈ તેમના બીજા ચન્દ્રકીર્તિ નામે ગણધર તથા પુત્ર થવાના છે, તે બધી વાતનું વારંવાર સ્પષ્ટપણે સ્મરણ આવ્યા કરે છે.

મહાવિદેહક્ષેત્રનાં જિનમંદિરો મોટાં મોટાં ભવ્ય હતાં તેમ સ્મરણ આવે છે. કોઈ જુદી જાતનાં રત્નો મંદિરની ભીંતોમાં હતાં, તે રત્નોનો પ્રકાશ એવો હતો કે આખું મંદિર પ્રકાશથી છવાઈ રહ્યું હતું; ભગવાનનાં પ્રતિમાજી રત્નોનાં, પ્રકાશવાન, અદ્‌ભુત હતાં. આપણે બધા જિનમંદિરે દર્શન કરવા જતા હતા એમ સ્મરણ આવે છે. ભગવાનના પ્રતિમાજી વિષે આટલું સ્મરણમાં આવે છે. આથી વિશેષ વર્ણન થાય એવી રીતે સ્મરણમાં આવતું નથી. (આ જીવે પૂર્વે દેવાભાઈના ભવમાં જોયલું હોય તે યાદ આવે છે.)

જ્ઞાનસાગર ગુરુદેવના કૃપામય ઉપકારને
વારંવાર પરમ ભક્તિથી
નમસ્કાર.

**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## દિવ્ય જ્ઞાનમૂર્તિ ભારતના ભગવાન
## પરમકૃપાળુ ગુરુદેવનાં ચરણકમળમાં
## પરમ ભક્તિથી નમસ્કાર

૨૦૧૦, જેઠ વદ પાંચમને દિવસે સ્મરણ આવ્યું છે કે દેવલોકમાં આયુસ્થિતિ પૂરી થતાં પરમ કૃપાળુ કહાન ગુરુદેવના આત્માનો આ જંબુદ્વીપમાં કોઈ પણ ક્ષેત્રમાં રાજકુમારપણે જન્મ થશે ;તે ક્ષેત્રમાં કોઈ પણ તીર્થંકર ભગવાનની હાજરી હશે, તેમને ઘેર પૂ. કહાન ગુરુદેવનો જન્મ થશે; ત્યાં આપ મહાન થશો; ત્યાંથી આબેહૂબ મુનિપણું પાળીને ઊંચી જાતના દેવલોકમાં પૂ. ગુરુદેવ અહમિન્દ્ર થશે; કયા દેવલોકમાં અહમિન્દ્ર થશે તે સ્મરણમાં આવતું નથી, પણ અહમિન્દ્ર થશે તેમ સ્મરણમાં આવે છે. આ આત્મા પણ અને શાંતાબેનનો આત્મા પણ ત્યાં આપના કુટુંબી તરીકે બંને જણા જન્મશું, ત્યાંથી દેવલોકમાં પણ અમારા આત્માને આપનો સાથ રહેશે.

તીર્થંકર ભગવાનના સમીપતાવાળા (પુત્ર તરીકેના) મનુષ્યભવમાં આપને એટલે કે પૂ. ગુરુદેવને તીર્થંકરગોત્ર બંધાશે, ત્યાંથી દેવનો ભવ કરીને આપ ઘાતકીખંડ દ્વીપના વિદેહક્ષેત્રમાં તીર્થંકર ભગવાન જિનેન્દ્રદેવ થશો.

આ, ગુરુદેવના ભવોની વાત શ્રી સીમંધર ભગવાન પાસેથી પૂર્વભવે સાંભળી છે, તેમાંથી સ્મરણમાં આવી છે, આ વાત સાવ સ્પષ્ટ છે. દેવલોકથી સીધું તીર્થંકરપણું સ્મરણમાં આવતું નથી– તેમ ભવની સીધી સંધિ આવતી નથી પણ અહમિન્દ્રપણા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પછી તીર્થંકરપણું થશે તેમ ભવની સીધી સંધિ સાવ સ્પષ્ટપણે સ્મરણમાં આવે છે.

સર્વ ઠેકાણે પૂજ્ય ગુરુદેવનો જ પરમ પ્રતાપ વર્તી રહ્યો છે.

**પરમપ્રતાપી પરમ ઉપકારી કૃપાળુ ગુરુદેવને**
**વારંવાર નમસ્કાર**

૨૦૦૪, ચૈત્ર વદ છઠ –

પૂજ્ય કહાન ગુરુદેવ જંબુદ્વીપના કોઈપણ ક્ષેત્રમાં તીર્થંકરદેવના ઘેર જન્મશે તેમ સ્મરણમાં આવ્યું હતું.

(આ વિષે અંદર રહેવાની ભાવના છે.)

અંતરમાં આ બધી વાતો ઘોળાતી હોય છે તેથી લખાઈ જાય છે.

**

**ભાવી તીર્થંકર ભગવંતને પરમ ભક્તિથી**
**વારંવાર નમસ્કાર**
**જીવન-આધાર દિવ્યજ્ઞાનધારી પરમ કૃપાળુ કહાનગુરુદેવને**
**આ પામર દાસના પરમ ભક્તિથી**
**વારંવાર નમસ્કાર**

૨૦૧૪, પરમ કૃપાળુ કહાન ગુરુદેવ પૂર્વભવે મહાવિદેહક્ષેત્રમાં ફતેહમંદ નામના તેજસ્વી રાજકુમાર હતા. ત્યાં શ્રી સીમંધર ભગવાનની વાણીમાં એમ આવ્યું હતું કે આ

રાજકુમાર (કહાનગુરુદેવ) ભવિષ્યે તીર્થંકર થવાના છે - તે વાત બરાબર સ્પષ્ટપણે યાદ આવે છે અને તે કહાનગુરુદેવ પ્રત્યે બહુ મહિમા આવે છે. શ્રી સીમંધર ભગવાનની વાણીમાં ફતેહમંદ રાજકુમારના ભવાંતરની વાત આવી હતી તેને કારણે અને જ્ઞાનની કોઇ જાતની સ્પષ્ટતાને કારણે રાજકુમારના (કહાનગુરુદેવના) કોઇ કોઇ ભવ યાદ આવે છે, અને તે બધું સ્પષ્ટપણે યાદ આવે છે.

આ રાજકુમાર (એટલે કે કહાનગુરુદેવ) થોડા ભવો પહેલાં એક મનુષ્યના ભવપણે હતા, તે બરાબર સ્પષ્ટપણે યાદ આવે છે; ત્યાં મનુષ્યભવમાં તેમની શક્તિ દિવ્ય હતી, તેથી તે દિવ્યતાવાળા પુરુષ હતા. આ ભવમાં તેમને પુણ્યના ફળનો રસ ઘણો હતો. એક વાર કોઇ કારણસર દેવો તેમના ઉપર પ્રસન્ન થયા હતા; ક્યા કારણે પ્રસન્ન થયા હતા તે યાદ આવતું નથી, પરંતુ પ્રસન્ન થયા હતા તે વાત બરાબર યાદ આવે છે. દેવોએ પ્રસન્ન થઇને કોઇ પ્રકારની સહાયતા તેમને કરી હતી અને બહુ પ્રસન્ન થવાથી તે ફતેહમંદ રાજકુમારના આત્માને (એટલે કે કહાનગુરુદેવના આત્માને), તે દિવ્યતાવાળા ભવમાં, મેરુપર્વતનાં શાશ્વતાં જિનમંદિરો અને શાશ્વતાં જિનપ્રતિમાઓનાં દર્શન કરવા તેડી ગયા હતા.

આ મનુષ્યભવમાં તેમને સારાં, સુગુણોવાળાં કુટુંબીજન હતાં એટલે કે તેમને સુશીલ સજ્જનતાવાળા ગૃહપરિવાર, માતાપિતા વગેરે કુટુંબ હતું; વૈભવશાળી તેમનાં ઘર હતાં.

– આ બધી વાત સાવ સ્પષ્ટપણે, પ્રત્યક્ષતાની માફક, યાદ આવે છે અને નિઃશંકતા બહુ આવે છે.

આ સ્મરણ આસો વદ એકમને દિવસે થોડું થોડું આવ્યું, ત્યાર પછી વધતાં વધતાં દિવાળીને દિવસે સ્પષ્ટતાપૂર્વક થયું. (આસો વદ અમાસ, ૨૦૧૩) આ દિવસે આ સ્મરણ સ્પષ્ટપણે થયું.

આ ભવ પછી, ફતેહમંદ રાજકુમારનો (એટલે કે કહાન ગુરુદેવનો), આ (દિવ્ય) મનુષ્યપણાના ભવ પછીનો બીજો ભવ પણ, મનુષ્યપણાનો થયો; ત્યાં પણ તેઓ પુણ્યશાળી હતા, સર્વ કાર્યોમાં જીત મેળવે એવી અજબ તેમની શક્તિ હતી. કયાં કાર્યોમાં જીત મેળવી હતી તે સ્પષ્ટ યાદ આવતું નથી, પરંતુ જીત મેળવતા હતા તે વાત યાદ આવે છે; આ બધી વાત સ્પષ્ટપણે યાદ આવે છે.

તે ભવમાં તેમને કેટલોક ગૃહપરિવાર વગેરે હતું. એક વાર તેઓ કેવળી ભગવાનનો ઉપદેશ સાંભળવા ગયા હતા અને ઉપદેશ સાંભળ્યા પછી તેઓએ મુનિરાજનાં દર્શન કર્યાં અને ભાવ આવતાં તેઓએ મુનિને પોતાના ભવોની વાત પૂછી. મુનિએ ભવોની વાત કરી. મુનિરાજે પૂર્વભવોની અને આવતા ભવોની શું વાત કરી તે યાદ આવતું નથી; પરંતુ મુનિરાજે કહ્યું કે તમે ભવાંતરે તીર્થંકર થવાના છો, તે વાત બરાબર યાદ આવે છે. (તીર્થંકર ભગવાનનું દ્રવ્ય અદ્‌ભુત હોવાથી મુનિરાજની વાણીમાં

પણ તે વાત આવી હતી.)

આ બધી વાત પૂર્વભવે સીમંધર ભગવાન પાસેથી સાંભળી છે અને જ્ઞાનની કોઇ જાતની સ્પષ્ટતાને કારણે યાદ આવે છે, નિઃશંકપણે સ્પષ્ટપણે યાદ આવે છે.

આ બધું સ્મરણ આસો વદ એકમને દિવસે થોડું થોડું આવ્યું, ત્યાર પછી વધતાં વધતાં દિવાળીને દિવસે સ્પષ્ટતાપૂર્વક થયું (આસો વદ અમાસ, ૨૦૧૩), આ દિવસે આ સ્મરણ સ્પષ્ટપણે થયું.

આ ભવ પછી (કહાન ગુરુદેવનો આત્મા) દેવભવમાં ગયા, ત્યાર પછી પુણ્યનો રસ મધ્યમ પ્રકારનો થતો ગયો એમ યાદ આવે છે અને અમુક થોડા સાધારણ ભ વો કરીને દેવના ભવ પછી મહાવિદેહક્ષેત્રમાં જન્મ્યા એમ યાદ આવે છે; પરંતુ કયા, કેટલા ભવો એમ સ્પષ્ટપણે યાદ આવતું નથી. આ સ્મરણ પણ ઉપલા સ્મરણની સાથે જ આવ્યું હતું.

૨૦૧૪, કારતક સુદ બારશને પરોઢિયે સ્વપ્ન આવ્યું હતું કે, પહેલા મનુષ્યના ભવમાં એટલે કે દૈવી પુરુષના ભવમાં રથમાં બેસીને તે દૈવી પુરુષ તીર્થે તીર્થે યાત્રા કરવા નીકળ્યા હતા, સુગુણોવાળા કુટુંબીજનો અને નોકર-ચાકર સાથે હતા, વનજંગલમાં રથ ચાલ્યો જતો હતો, સ્થાને સ્થાને જિનપ્રતિમાનાં, જિનમંદિરોનાં દર્શન કરતાં કરતાં યાત્રા કરતા હતા. તેવું સ્વપ્ન આવ્યું હતું. આ સ્વપ્ન સાવ સ્પષ્ટ હતું.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પરમ-ઉપકારી અપૂર્વ મહિમાવંત ગુરુદેવના ચરણોમાં વારંવાર નમસ્કાર

## ૨૦૧૪, કારતક વદ સાતમ –

પૂર્વભવે આ જીવે દેવાભાઈના ભવમાં સીમંધર ભગવાનની વાણી સાંભળેલી, તેમાંથી જે શક્તિ પ્રમાણે ગ્રહણ થયેલું, તેમાંથી થોડું થોડું યાદ આવે છે. ભગવાન કરોડાકરોડ સાગરનું માપ બતાવતા હતા. શું માપ તે યાદ આવતું નથી. આ જીવ આવા પરિણામ કરે તો આવા સાગરનો બંધ થાય છે. તે સાગર કોને કહેવાય તે ભગવાન બતાવતા હતા.

ભગવાનની વાણી પ્રશમરસઝરતી એવી લાગતી કે જાણે પ્રશમરસનો સમુદ્ર ઝરતો હોય, સાંભળવામાં એવી મીઠાશ આવે કે જે વર્ણવી ન શકાય.

ભગવાનની પ્રશમરસઝરતી વાણી એવી રહસ્યભરી મીઠી કે સાંભળીને જડચૈતન્યના ભેદ પડી જાય.

એવી આશ્ચર્યભરી રહસ્યભરી વાણી સાંભળીને એમ થતું હતું કે ભગવાનથી કાંઈ છાનું નથી, ભગવાનની વાણીમાં બધુંય આવે છે, ચૌદ બ્રહ્માંડનું આખુંય સ્વરૂપ ભગવાનની વાણીમાં આવે છે. એવી વાણી સાંભળીને ચિત્ત તો એકદમ ઠરી જાય ! અત્યારે સ્મરણ આવતાં પણ ચિત્તમાં એકદમ શાંતિ થઈ જાય છે અને બહુ આનંદ આવે છે.

ભગવાનની વાણીમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવનું સ્વરૂપ, સ્વદ્રવ્ય-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પરદ્રવ્યની ભિન્નતાનું સ્વરૂપ, બંધન-મુકિતનું સ્વરૂપ, નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ અદ્‌ભુત રહસ્યભરેલું, સૂક્ષ્મ, ગહન-પ્રશમરસઝરતી વાણીમાં—આવતું હતું. તે બધાંનો વિસ્તાર શું હતો તે યાદ આવતું નથી.

૨૦૧૪, કારતક વદ ૧૩ –

સીમંધર ભગવાનની વાણી જાણે સમુદ્ર ઊછળ્યો હોય તેવી ઘેરગંભીર, ઉપમા આપી ન શકાય તેવી, ચારે બાજુથી અપેક્ષિત, સત્‌ના સૂક્ષ્મ અંશો પ્રકાશનારી, સ્વદ્રવ્ય-પરદ્રવ્યની સ્વતંત્રતાની પ્રધાનતા બતાવનારી, ચારે બાજુથી સૂક્ષ્મ રહસ્ય સહિત પૂર્ણ સ્વરૂપ પ્રકાશનારી એવી અદ્‌ભુત યાદ આવે છે, મહિમા બહુ આવે છે. ભગવાનની અભેદ વાણીમાં અનંતા ભાવોનો પ્રકાશ થાય છે, – વગેરે યાદ આવતાં મહિમા બહુ આવે છે ; એની વિશેષ સ્પષ્ટતા યાદ આવતી નથી.

૨૦૧૪, કારતક વદ સાતમ –

આ જીવ આ ભવ પહેલાં મહાવિદેહક્ષેત્રમાં દેવા... ભાઈ નામે, એક શેઠને ત્યાં પુત્ર હતો ; ત્યાર પહેલાં દેવભવમાં હતો. તે દેવલોકનું થોડું વર્ણન યાદ આવે છે, સ્પષ્ટતાને કારણે સાક્ષાત્‌ જેવું જણાતું હોય તેમ ભાસે છે.

દેવલોકનાં ભોંયતળિયાં રત્નનાં હતાં, લીલા, ગુલાબી આદિ રંગોનાં હતાં ; ભીંતો રત્નની હતી ; કમાન વાળેલા દરવાજા હતા, તેમાં પચરંગી રત્નો હતાં ; રત્નોના પ્રકાશથી સર્વ પ્રકાશમય

હતું. દેવલોકના બાગબગીચા, મહેલો સર્વ રત્નમય હતું. બાગબગીચા બધું રત્નોનું હોવા છતાં ફરકતાં હતાં. દરેક મહેલોમાં જુદા જુદા રંગનાં અને જુદી જુદી જાતનાં રત્નો હતાં; દેવલોકમાં ફરવાનાં સ્થાન જુદાં રત્નમય હતાં; બેસવાનાં સ્થાન, આસનો બધાં જુદાં હતાં; જ્યાં દેવો નાટક દેખાડે તે સ્થાન જુદાં; દેવોને પહેરવાનાં, અનેક પ્રકારનાં રત્નોનાં વસ્ત્રાભરણના પટારા મહેલોમાં હતા.

શોભીતાં જિનાલયો હતાં; કમાન વાળેલા, સ્ફટિક જેવા સફેદ રત્નનાં મોટાં ઊંચાં દ્વારો જિનાલયોમાં હતાં. દેવલોકમાં જિનાલયમાં પૂજા વગેરે દેવો કરતા હતા, શાશ્વતાં પુસ્તકો રત્નમય હતાં; પૂઠાં રત્નનાં, અક્ષરો રત્નના હતા. દેવલોકની સર્વ ચીજ રત્નમય હતી. વ્યવહારે તે સ્વર્ગપુરી આશ્ચર્યકારી છે.

શોભીતાં જિનાલયો, તેમાં સમવસરણ હતાં; નદી, તળાવ, મોટાં મોટાં ચળકતાં રત્નના ગઢો, ભગવાનનું સિંહાસન, જિનાલયનાં શિખરો મોટાં મોટાં, અનેક કારીગરીથી ભરેલાં, રત્નોનાં, વર્ણવી ન શકાય એવાં હતાં;– જાદુભરી સમવસરણ-રચના હતી. જે રચના હતી તેમાંથી બધું યાદ આવતું નથી, થોડું ઉપર પ્રમાણે યાદ આવે છે;- તેની સાથે સ્પષ્ટતાને કારણે નિઃશંકતા બહુ આવે છે.

આ રહી રત્નમય દીવાલ, આ રહ્યાં રત્નમય જિનાલયો, આ રહ્યાં જુદાં જુદાં મહેલનાં સ્થાનો, આ રહ્યાં ફરવાનાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બાગબગીચા વગેરેનાં—સ્થાનો, આ રહ્યા જુદા જુદા મહેલો, એમ સ્પષ્ટપણે સાક્ષાત્ જેવું જણાય છે; પરંતુ બધાં કેવાં રત્નનાં, કેવી કારીગરીવાળાં છે તેમ તેનો વિસ્તાર જણાતો નથી; બધું રત્નનું છે તેમ જણાય છે, પણ વિસ્તાર જણાતો નથી.

દેવલોક અદ્ભુત પ્રકાશમય, — સફેદ રત્ન, લાંલ રત્ન, ગુલાબી રત્ન—અનેક પ્રકારનાં રત્નોમય યાદ આવે છે.

દેવલોકમાંથી અમે બધા દેવો ભગવાનના જન્માભિષેક માટે મેરુપર્વત પર ગયા હોઈએ તે કારણથી અથવા કોઈ પણ કારણથી મેરુપર્વત થોડો થોડો યાદ આવે છે, વિશેષપણે યાદ આવતો નથી.

દ્વીપ-સમુદ્ર પણ થોડા થોડા યાદ આવે છે. તે, સ્પષ્ટતાને કારણે સાક્ષાત્ કેમ જણાતું હોય તેમ ભાસે છે.

આ રહ્યો સમુદ્ર, આ રહ્યા પર્વતો, આ રહ્યો દ્વીપ, આ રહી ચક્રવર્તીની નગરી વગેરે નગરીઓ; છે તેમ જણાય છે, પણ તેનો વિસ્તાર જણાતો નથી. કોઈ પર્વત રૂપાનો, કોઈ રત્નનો છે;– આ રહ્યો રૂપાનો, આ રહ્યો રત્નનો તેમ જણાય છે, પણ તેનો વિસ્તાર જણાતો નથી. આ રહ્યો સમુદ્ર વગેરે તેમ જણાય છે પણ વિસ્તાર જણાતો નથી.

ભગવાનની ધ્વનિમાં આ જીવે પૂર્વે દેવાભાઈના ભવમાં ભવ વગેરેનું વર્ણન સાંભળેલું હોય અથવા દેવલોકમાં, મેરુપર્વત જે જે જોયેલું હોય તે યાદ આવતું હોય અને સ્પષ્ટતાને કારણે યાદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવતું હોય એમ દરેક કારણ હોય, પણ જણાય છે તે યથાર્થ છે.

૨૦૧૪ કારતક વદ દશમ –

મેરુનાં જિનાલયો, મેરુનાં વનો અદ્‌ભુત હતાં. મેરુ પર્વત ચળકતો, શોભીતો અને વિશાળ હતો. મેરુપર્વતનાં જિનાલયોમાં લાલ રત્નનાં શિખરો હતાં, ગુલાબી રત્નના શિખરો હતાં, જાંબુડા (રંગ જેવા) રત્નનાં શિખરો હતાં – વિવિધ રંગનાં શિખરો હતાં, શિખરોમાં અનેક પ્રકારની કારીગરી હતી. નવા નવા રંગનાં રત્નજડિત મંદિરો હતાં. સફેદ રત્નનાં પ્રતિમા, લાલ રત્નનાં પ્રતિમા, ગુલાબી રત્નનાં પ્રતિમા, લીલાં રત્નનાં પ્રતિમા, જાંબુડાં રત્નનાં પ્રતિમા હતાં. અનેક પ્રકારના રંગના પ્રતિમા ખ્યાલમાં આવે છે, તેની સાથે પ્રતિમાજીનાં દર્શન કેમ થતાં હોય તેમ લાગે છે. આ રહ્યાં પ્રતિમાજી, આ રહ્યાં જિનાલયો, તેમ જણાય છે. પરંતુ તેનું માપ કેવડું છે તે યાદ આવતું નથી, મોટાં છે તેટલું યાદ આવે છે. પરંતુ વિશેષ વિસ્તાર યાદ આવતો નથી. કોઈ પણ કારણે આ યાદ આવે છે તે યથાર્થ છે.

સ્પષ્ટતાને કારણે સીમંધર ભગવાનના સાક્ષાત્ જેવાં દર્શન કેમ થતાં હોય તેમ લાગે છે, આ રહ્યા સીમંધર ભગવાન તેમ લાગે છે; ભગવાનનો, ક્ષણભર વિરહ ભુલાઈ જતો હોય તેમ લાગે છે, દિલ ઊલસી જાય છે, મહિમા બહુ આવે છે; ભગવાનની મુદ્રાનું સ્પષ્ટીકરણ કરતાં આવડતું નથી, અદ્‌ભુતતા ભાસે છે.

૨૦૧૪, માગશર સુદ એકમ -

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મેરુનાં શાશ્વતાં પ્રતિમા પ્રકાશમય રત્નનાં હતાં. મેરુપર્વતના જિનાલયમાં બધું રત્નમય હોવા છતાં ઝાડ-પાન ફરકી રહ્યાં છે, સમોસરણમાં પણ વનસ્પતિ નહિ હોવા છતાં ઝાડ-પાન ફરકી રહ્યાં છે. શાશ્વતાં જિનાલયોનાં શિખરોની પંક્તિ અદ્દ્ભુત હતી, રંગરંગના પ્રકાશવાળાં શિખરો અદ્દ્ભુત હતાં.

એક ડુંગર ઉપર સીમંધર ભગવાનનું સમોસરણ હતું; સમોસરણમાં ભગવાન કમળ વગેરેમાં બિરાજમાન હતા. કમળ વગેરેમાં ભગવાન એવા સુંદર લાગતા હતા ! વગેરે યાદ આવતાં દિલ ઊલસી જાય છે.

ભગવાનના, જિનાલયના, જિનપ્રતિમાના અમુક પ્રકારે સ્પષ્ટ દર્શન થતાં મહિમા બહુ આવે છે, અદ્દ્ભુતતા ભાસે છે. આ બધાંનો વિશેષ વિસ્તાર યાદ આવતો નથી.

૨૦૧૪, કારતક વદ ૧૧ —

સીમંધર ભગવાન પાસેથી ભવિષ્યની કેટલીક વાત સાંભળેલી તેમાંથી કેટલીક વાત યાદ આવે છે, અને કેટલીક બીજા કોઈ કારણથી એટલે કે જ્ઞાનની સ્પષ્ટતાથી યાદ આવતી હોય, પણ યાદ આવે છે તે યથાર્થ છે.

પરમ કૃપાળુ પૂજ્ય કહાનગુરુદેવ આ ભવમાં છે, ત્યાંથી દેવલોકે જશે; ત્યાંથી કોઈ ક્ષેત્રની જમીન સુંદર અને હરિયાળી હશે, ત્યાં કોઈ ધર્મધુરંધર એવા તીર્થંકર રાજાને ઘેર તેમના પુત્રપણે પરમ કૃપાળુ કહાનગુરુદેવનો જન્મ થશે. એક સુંદર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મહેલમાં માતા સૂતાં હશે, તેમને શુભ સ્વપ્નાં આવશે, ત્યાં કહાનગુરુદેવનો જન્મ થશે.

તે તીર્થંકર ભગવાનનું નામ 'સુજય' અથવા 'જય' હશે; પાછળ લાંબું નામ છે પરંતુ યાદ આવતું નથી. પૂજ્ય ગુરુદેવ તે ભવમાં આબેહૂબ મુનિપણું પાળીને દેવલોકમાં અહમિન્દ્ર થશે, અને અમારા બંનેના આત્માને મનુષ્યમાં અને દેવમાં પૂ. ગુરુદેવનો સાથ રહેશે; ત્યાંથી ધાતકીખંડદ્વીપમાં પરમ કૃપાળુ કહાન ગુરુદેવ તીર્થંકરપણે જન્મશે, અને આ આત્મા એટલે કે દેવાભાઈનો આત્મા તેમના ગણધર તથા પુત્રપણે જન્મશે અને શાન્તાબેનનો આત્મા એટલે કે લાભભાઈનો આત્મા તેમના ગણધર તથા પુત્રપણે જન્મશે.

અહીંથી પૂ. કહાનગુરુદેવ દેવલોકે જશે, ત્યાંથી તીર્થંકર ભગવાનને ઘેર જન્મશે અને આ આત્મા એટલે કે દેવાભાઈનો આત્મા અને લાભભાઈનો આત્મા તેમના કુટુંબી તરીકે જન્મશું. પૂ. ગુરુદેવ ત્યાંથી મુનિપણું પાળીને ઊંચા દેવલોકમાં જશે, ત્યાંથી પરમકૃપાળુ કહાનગુરુદેવ ધાતકીખંડ દ્વીપમાં તીર્થંકરપણે જન્મશે એટલે કે સૂર્યકીર્તિસ્વામી નામે તીર્થંકર ભગવાન થશે. આ વાત મહાવિદેહક્ષેત્રમાં, સમવસરણમાં સીમંધરભગવાન વગેરે પાસેથી સાંભળેલી છે એમ સ્પષ્ટપણે યાદ આવે છે, નિઃશંકતા બહુ આવે છે.

આ બધો પ્રતાપ ગુરુદેવનો જ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવી તીર્થંકર ભગવાન પરમ કૃપાળુ કહાન ગુરુદેવનાં
ચરણકમળોમાં વારંવાર પરમ ભક્તિથી
નમસ્કાર

હે ગુરુદેવ ! આપનાં ચરણે હું શું ધરું ? બધો પ્રતાપ આપનો જ છે, આ પામર સેવક ઉપર આપે અપાર ઉપકાર કર્યો છે.

**દિવ્ય જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યનો ચમત્કાર પ્રગટાવનાર**
**અને પ્રકાશનાર, દિવ્ય અમૃત વરસાવનાર**
**ગુરુદેવનાં ચરણકમળમાં**
**વારંવાર નમસ્કાર**

(આ વિષે અંદર રહેવાની ભાવના છે.)

પૂજ્ય ગુરુદેવના વ્યાખ્યાનમાં ઉપયોગની સહજ એકાગ્રતા
થતાં આ ધારાની શરૂઆત થઈ તે પરમ ઉપકારી
ગુરુદેવનાં ચરણકમળમાં વારંવાર નમસ્કાર.

**પરમ ઉપકારી શ્રુતસંમુદ્ર ભારતના અજોડ રત્ન**
**પરમ મહિમાવંત ગુરુદેવને પરમ ભક્તિથી**
**વારંવાર નમસ્કાર**

૨૦૧૮, અષાડ સુદમાં લખાયેલ –

૨૦૧૮, જેઠ સુદ તેરશથી માંડીને જેઠ વદ એકમ સુધીમાં પરમ કૃપાળુ ગુરુદેવના પરમ પ્રતાપથી કેટલીક વાત ઉપયોગની સહજ એકાગ્રતા થતાં જાણવામાં આવી, સ્મરણમાં આવી, જોવામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવી તે પરમ ઉપકારી (કહાન) ગુરુદેવનાં ચરણોમાં વારંવાર નમસ્કાર.

ઉલ્લાસ આવવાથી આ બધું લખાઈ જાય છે.

આ મધ્યલોકમાં દેવોનાં નગર છે, તે એવી રીતે જણાય છે કે આ રહ્યાં દેવોનાં નગર, આ રહ્યા પર્વતો, આ રહ્યાં વનો—તેમાં કોઈ ચાંદી જેવા ચળકતા, કોઈ લીલા રત્ન જેવા ચળકતા પહાડો નજરે પડે છે; એનો વિશેષ વિસ્તાર જણાતો નથી. દેવોના મહેલો દિવ્યતાવાળા છે; તે મહેલો વનમાં, પર્વત ઉપર, નદી પાસે — મધ્ય લોકમાં ઠેર ઠેર દેવોના મહેલો છે, અનેક જાતનાં રત્નોવાળા સુશોભિત છે, અનેક જાતના દિવ્ય પ્રકાશમય છે; રત્ને જડિત રસ્તાઓ છે, રત્નોથી સુશોભિત દેવોને ફરવાનાં સ્થાનો છે; — દેવોનાં નગર અદ્‌ભુત છે. આ રહ્યાં દેવોનાં નગર તેમ જણાય છે. લીલા, સફેદ, રાતા વગેરે રંગરંગના મોટા સુશોભિત મહેલો છે. દિવ્ય વૈભવવાળાં જિનમંદિરો જોવામાં આવે છે, તે દિવ્ય પ્રકાશમય રત્નોથી સુશોભિત છે. મહિમા બહુ આવે છે.

ભિન્ન ભિન્ન ક્ષેત્રોની અસ્તિ જણાય છે. આ રહ્યાં ભિન્ન ભિન્ન ક્ષેત્રો, તેમ જણાય છે પરંતુ તેનો વિસ્તાર જણાતો નથી. રત્નેજડિત મોટા મોટા દરવાજાઓ ખંડામાં છે તેમ જણાય છે.

આ બધું — દેવોનાં નગરની અસ્તિ, જુદા જુદા ખંડોની અસ્તિ, રંગબેરંગી મહેલો, જિનમંદિરોની દિવ્યતા વગેરે — પ્રત્યક્ષની જેમ જણાય છે. તેનો આ વિસ્તાર પૂર્વે જોયેલું, સાંભળેલું હોય તેમાંથી યાદ આવે છે, અને જ્ઞાનની નિર્મળતાને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કારણે પ્રત્યક્ષની જેમ જણાય છે. જે જણાય છે તે નિઃસંશય છે.

ઉપયોગની એકાગ્રતા થતાં નરકની અસ્તિ, નરકની પૃથ્વી નજરે પડે છે. નરકની ભૂમિ જોવા ઉપર ઉપયોગ સહજ ચાલ્યો જાય છે.

નરકની ભૂમિ ઉપર અશુચિનો કાદવ છે, તે કાદવ દુર્ગંધથી ભરેલો છે; લોહી, માંસ, હાડકાં જેવાં પરિણમનથી પરિણમેલી ભૂમિમાં સડેલો દુર્ગંધમય કાદવ છે; તેવી દુર્ગંધમય ભૂમિમાં નારકી જીવો રહે છે, તેવા સડેલા કાદવમાં નારકી જીવો જીવનપર્યંત રહે છે; નરકમાં અગ્નિના મોટા મોટા ભડકાઓ છે, જેની ઉષ્ણતા કયાંય સુધી ચાલી જાય છે. નરકની પૃથ્વી અતિ ઉગ્ર ઉષ્ણતારૂપે પરિણમેલી છે, મોટી અગ્નિની ભટ્ટીઓ બળે છે; લોહી વગેરે જેવા અશુચિના ભરેલા કુંડ છે, તે કુંડ ચમારના ઘર કરતાં વિશેષ દુર્ગંધમય છે.

ભાલાં, બરછી, ચાકાં, તરવાર આદિ શસ્ત્રોરૂપે પરિણમેલાં સ્થાનો છે. એવાં શસ્ત્રોથી ભરેલી ભૂમિ છે.

કયાંય સુધી જેની ઠંડી જાય એવા, દુર્ગંધયુકત, બરફ જેવા ઠંડા પહાડો છે, વિષ્ટા આદિનાં સ્થાનો કરતાં અધિક દુર્ગંધમય છે; તે પહાડો બરછી, ભાલાં વગેરે શસ્ત્રો જેવાં પરિણમનથી પરિણમેલા છે.

નરક**ની** અશુચિમય કાદવ બીજા જીવોથી સહી ન શકાય તેવી અતિ ઉગ્ર દુર્ગંધમાં નારકી જીવો રહે છે; **અતિશય** પ્રતિકૂળતાના પ્રકારોમાં, અનેક શસ્ત્રોરૂપે પરિણમેલાં **સ્થાનોમાં**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નારકી જીવો રહે છે; અતિશય દુઃખમાં જીવન જીવે છે; નારકી જીવો અરસપરસ લડતા હોય છે, કયાંય તેમને શાંતિનું સ્થાન નથી. આવી અગ્નિ, દુર્ગંધ અને શસ્ત્રોથી ભરપૂર સ્થાનોમાં નારકી જીવો નિરંતર દુઃખી હોય છે, વિલાપ કરે છે, રુદન કરે છે. સુખની ઈચ્છાએ તે જયાં જાય ત્યાં દુઃખી થાય છે.

આ વાત જોવામાં આવતાં, જાણવામાં આવતાં દયા આવે છે, કરુણા આવે છે, વૈરાગ્ય આવે છે; આ બધું પ્રત્યક્ષ નજરે જોતી હોઉં તેવી રીતે જણાય છે.

નરકની અશુચિમય પૃથ્વી કોઈ પ્રકારની જ્ઞાનની નિર્મળતાને કારણે પ્રત્યક્ષની જેમ જણાય છે.

આ વાત પૂર્વે દેવભવે જોયેલી હોય, તેમાંથી યાદ આવતી હોય. નરકની અશુચિમય પૃથ્વી, નરકની અતિશય પ્રતિકૂળતા તે પ્રત્યક્ષની જેમ જણાય છે; જે જણાય છે તે નિઃસંશય છે.

મેરુપર્વતમાં મોટાં સમવસરણ છે, મોટાં મોટાં ચળકતાં રત્નનાં પાંદડાંની વનભૂમિ છે, મોટાં પ્રતિમાઓ છે, રંગરંગનાં ઝગઝગાટ કરતાં હોય તેવાં જોવામાં આવે છે. ગુલાબી રત્નનાં, પીળાં રત્નનાં, જાંબલી રત્નનાં, સફેદ રત્નનાં—વિવિધ રત્નનાં જિનેન્દ્ર ભગવાનનાં પ્રતિમાઓ છે તેમ જણાય છે. મોટાં મંદિરો છે, મંદિરમાં અનેક જાતનાં શિખરોની પંક્તિ છે. વિવિધ રંગનાં રત્ને જડિત, સુવર્ણે જડિત શિખરો છે; રાતાં, ગુલાબી, સફેદ રત્ન જડિત અનેક જાતનાં શિખરો છે. વિવિધ રત્ને જડિત અનેક

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાતનાં શિખરો ઝગઝગાટ કરતાં નજરે પડે છે. તીર્થંકર ભગવાનનાં મંદિરો દેખી હૃદય નમી પડે છે, ઉલ્લાસ આવે છે, બહુમાન આવે છે.

મેરુપર્વત વગેરે વારંવાર લક્ષમાં નિઃશંકપણે આવ્યા કરે છે તેથી લખાઈ જાય છે.

વૈમાનિક દેવોનાં વિમાન ઉપર છે તે બહુ દિવ્યતાવાળાં, મોટાં, વિશાળ અને જીવોને આશ્ચર્યકારી છે. અનેક રત્ને જડિત મોટા મોટા કમાનવાળેલા મહેલો છે, તેમાં રત્ને જડિત પ્રકાશમાન મોટા થંભ છે. વિવિધ રંગનાં રત્નોના મહેલો અદ્‌ભુત દિવ્યતાવાળા પ્રકાશમાન છે, ત્યાં ફળફૂલ રત્નોનાં છે. રત્નોનાં ફળોથી દેવો ભગવાનની પૂજા કરે છે. જયાં રત્નોનાં પાંદડાં અને રત્નોનાં ફળોથી ભરેલાં વનો છે, અદ્‌ભુત જિનમંદિરો છે, સ્ફાટિક રત્નનાં અને વિવિધ રત્નોથી ભરપૂર જિનમંદિરો છે, આશ્ચર્યકારી જિનપ્રતિમાઓ છે, જેની શોભા અદ્‌ભુત છે.

આ બધું પ્રત્યક્ષની જેમ જણાય છે, વિશેષ ભાષામાં કહી શકાય તેવો વિસ્તાર જણાતો નથી. દેવોની વિભૂતિ આશ્ચર્યકારી અને દિવ્યતા ભરી વ્યવહારે છે.

આમાંથી આ વાત પૂર્વે દેવભવમાં જોયેલી હોય તેને કારણે યાદ આવે છે; અને જ્ઞાનની નિર્મળતાને કારણે પ્રત્યક્ષની જેમ જણાય છે. આ રહ્યા મેરુપર્વતનાં જિનમંદિરો, આ રહ્યા વૈમાનિક દેવોના મહેલો, આ રહી નરકની અશુચિમય પૃથ્વી, આ રહ્યાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મધ્ય લોકના દેવોનાં નગર, એમ નિઃશંકપણે પ્રત્યક્ષની જેમ જણાય છે. દેવભવમાંથી કેટલીક વાત યાદ આવે છે તેની સાથે આ બધાં સ્થાનો પણ પ્રત્યક્ષની જેમ નજરે પડે છે; અને જિનમંદિરો દેખી બહુ મહિમા આવે છે અને ઉપયોગની એકાગ્રતા થતાં ઉપયોગ વારંવાર ત્યાં જાય છે. આ બધી વાતનો વિશેષ વિસ્તાર યાદ આવતો નથી.

આ સર્વ, ગુરુદેવનો પરમ પ્રતાપ છે.

૨૦૧૮, અષાડ સુદ બીજી પાંચમે આવેલું –

ભગવાનનું સમોસરણ વારંવાર યાદ આવે છે. મોટાં મોટાં રત્નનાં પાંદડાંની વનભૂમિ, મોટો શ્રીમંડપ (જેનાં રત્નોની પ્રભા ચારે બાજુ પડી રહી છે એવો મંડપ), મોટા ગગને અડતા માનસ્તંભો યાદ આવે છે. વિવિધ વસ્તુઓથી અનોખો શણગારેલો માનસ્તંભ દિવ્ય અને આશ્ચર્યકારી છે. તેનો વિસ્તાર વિશેષ યાદ આવતો નથી. (અનેક પ્રકારની દેવતાઇ વસ્તુઓના પ્રદર્શનથી ભરપૂર સમોસરણ હતું. વિશેષ વિસ્તાર યાદ આવતો નથી.)

ભગવાનની વાણી જાણે સમુદ્ર ઊછળતો હોય તેવી પરમ અદ્‌ભુત લાગે છે. ભગવાનની વાણીમાં ભેદજ્ઞાનની વાત વારંવાર આવતી હતી તેમ યાદ આવે છે. જે સાંભળીને બીજા જીવો ભવપાર થઇ જાય એવી, પરમ રહસ્યથી ભરેલી ભગવાનની વાણી છે. વિશેષ સંધિપૂર્વક ભગવાનની વાણી યાદ આવતી નથી. ભગવાનની વાણી અનંત પડખાંઓથી ભરપૂર હોય છે ; પરંતુ આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવના પૂર્વભવમાં – દેવાભાઈના ભવમાં – જે ગ્રહણ થયું હોય તે યાદ આવે છે. પૂર્વભવે એટલે કે આ ભવ પહેલાં (કહાન) ગુરુદેવનો આત્મા ફતેહમંદ રાજકુમાર-પણે હતા અને શાન્તાબેનનો આત્મા લાભભાઈ-પણે હતા અને હું એટલે કે આ આત્મા દેવાભાઈ-પણે હતો; ત્યાં સીમંધર ભગવાનના સમોસરણમાં જવાથી તે વખતે ભગવાનની વાણીમાંથી જે ગ્રહણ થયું હોય તે યાદ આવે છે.

આત્મામાં અનંત ગુણપર્યાય ઊછળે છે; ચૈતન્ય ગુણરત્નાકર છે; આત્મામાં અનંત સૂક્ષ્મ ભાવાંશો છે અને સૂક્ષ્મ અનંત રસાંશો ઊપજે છે; વગેરે વાત અનંત ગહનતા ભરેલી આવતી હતી.

જ્ઞાનગુણની અનંત પર્યાયોની પ્રગટતા, જીવ અસ્તિ છે, પુદ્ગલ અસ્તિ છે, આત્મા સુધાનો સાગર છે, સુધાનો પ્રવાહ વહે છે, વગેરે અનંત પડખાંઓથી ભરપૂર, ગહન રહસ્યથી ભરપૂર, જાણે સમુદ્ર ઊછળતો હોય તેવી રીતે ભગવાનની વાણી છૂટતી હતી.

ભગવાનની વાણી શાંતરસથી ભરપૂર, મીઠીમધુરી, અમૃતરસ જેવી, મીઠો મેઘ ગાજતો હોય તેવી ગંભીર, થોડી વારમાં ચૌદ બ્રહ્માંડનું સ્વરૂપ કહેનારી અદ્‌ભુત છે. સૂક્ષ્મ રહસ્યથી ભરપૂર, ઊંડી ઊંડી વાત કહેનારી, ચારે તરફથી શીઘ્ર પહોંચી વળનારી, સમુદ્ર ગાજતો હોય અને સમુદ્રમાં તરંગો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઊછળતાં હોય તેવી અદ્‌ભુત છે. સાંભળનારને જલદી ચૈતન્યસ્વરૂપની પ્રાપ્તિ થઇ જાય તેવી છે.

સીમંધર ભગવાનની વાણીની શું મહિમા થાય ! આ તો ઉલ્લાસ આવતાં લખાઇ જાય છે. અગણિત અનંત સ્વભાવો અને અગણિત અનેક અનેરા વાચકોથી ભરપૂર, અનંત ગંભીરતાથી ભરેલી વાણીની શું વાત થાય ! ભગવાનની વાણી એકાક્ષરી હોવા છતાં અનંત પડખાંઓથી ભરપૂર હોય છે.

સમવસરણમાં સીમંધર ભગવાનનાં દર્શન થતાં બહુ ઉલ્લાસ આવે છે, વંદન થઇ જાય છે.

ગણધરદેવ અને મુનિરાજો યાદ આવે છે ને હૃદય નમી પડે છે.

દેવલોકમાં રત્ને જડિત શાશ્વતાં શાસ્ત્રો છે, જેમાં રત્ને જડિત અક્ષરો છે. મોટાં મોટાં રત્ને જડિત શાસ્ત્રો છે, તેમાં ચૌદે બ્રહ્માંડના સ્વરૂપનું વર્ણન છે. જેમાં —

સત્ સોહામણું અખંડ વિશ્વ,
સ્વાધીન સુખકારી તત્ત્વ,
સમ્યક્‌રૂપે પરિણમેલી દૃષ્ટિ,
દ્રવ્યનું સામર્થ્ય,
ગુણસાગર ચૈતન્ય આત્મા,
આનંદસ્વરૂપી આત્મા,
ચૈતન્યસૂર્યનો પ્રકાશ,

— વગેરે વાતોનું સ્વરૂપ રહસ્યથી ભરપૂર વિસ્તારથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભરેલું છે તેમ યાદ આવે છે.

ભગવાનની વાણીમાં ભવાંતરની વાત આવેલી, તેથી (કહાન) ગુરુદેવનો આત્મા પૂર્વભવે રાજકુમાર હતા વગેરે ગયાકાળના દિવ્યતાવાળા ભવો અને આવતા કાળના દિવ્ય ભવોની વાતો વારંવાર યાદ આવ્યા કરે છે ; અને ભવિષ્યે તીર્થંકર થવાના છે તે વાત વારંવાર યાદ આવે છે અને મહિમા બહુ આવે છે.

મહાન આત્મા (કહાન) ગુરુદેવનાં ચરણોમાં
વારંવાર નમસ્કાર

આ બધો ગુરુદેવનો પરમ પ્રતાપ છે ; આ બધું આપનું છે. પરમ આશ્ચર્યકારી, શ્રુતસમુદ્ર, ભાવીના ભગવાન ગુરુદેવનાં ચરણકમળમાં પરમ ભક્તિથી વારંવાર નમસ્કાર.

ગુરુદેવના વ્યાખ્યાનમાં ઉપયોગની એકાગ્રતા સહજ થતાં આ ધારાની શરૂઆત થઈ તે પરમ ઉપકારી ગુરુદેવનાં ચરણોમાં વારંવાર નમસ્કાર.

આ બધો, પરમ પ્રતાપી એવા ગુરુદેવનો જ પ્રતાપ છે.

અદ્‌ભુત આત્મા એવા કહાન ગુરુદેવનાં ચરણકમળમાં
વારંવાર નમસ્કાર

**

૨૦૧૯, માહ માસ –

આ જાતની ધૂન ઘણા મહિનાઓ સુધી રહ્યા કરતી હતી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અને જિનમંદિરો વગેરેનાં દર્શનથી આશ્ચર્ય થતું હતુંઃ અહા ! કુદરતનું આવું સ્વરૂપ છે ! એમ વારંવાર આશ્ચર્ય થયા કરતું હતું.

અચિંત્ય આત્મા કહાન ગુરુદેવના મહિમાવંત ભવો વારંવાર યાદ આવ્યા કરે છે, ને પરમ મહિમાવંત કૃપાળુ ગુરુદેવનાં ચરણોમાં હૃદય ભક્તિથી નમી પડે છે.

શુદ્ધાત્મદ્રવ્યની તેમ જ શુદ્ધ પરિણતિની મુખ્યતા, મહિમા અને શ્રુતચિંતવનની મહિમા લાગવાથી શ્રુતચિંતવન તરફ ઉપયોગનું વલણ રહ્યા કરે અને શુદ્ધાત્મ દેવ મુખ્ય રહીને શુદ્ધ પરિણતિ તરફ પુરુષાર્થની ગતિ, પરિણમનની ગતિ સહજ રહ્યા કરે, તો પણ સહજપણે ઉપયોગની એકાગ્રતા થતાં ઉપયોગ ભવાંતર જોવા તરફ, જાણવા તરફ, મેરુપર્વત, દેવલોક વગેરે જોવા તરફ, જાણવા તરફ ચાલ્યો જાય છે અને શાશ્વતાં જિનાલયોનાં દર્શન થતાં મહિમા બહુ આવે છે.

આ બધો પ્રતાપ શ્રી કૃપાળુ ગુરુદેવનો જ છે.

અપૂર્વ ગુણધારી પૂ. ગુરુદેવનાં ચરણોમાં વારંવાર નમસ્કાર. પરમાગમશાસ્ત્રોના પ્રકાશનાર, અનુપમ શ્રુતધારી, જેમની વાણી સુણતાં ચૈતન્યશ્રુત ખૂલે એવા ગુરુદેવની શું મહિમા થાય ! જેમણે સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય, નિયમસાર, અષ્ટપાહુડ વગેરે શાસ્ત્રો તથા ધવલ, જયધવલ, મહાધવલ વગેરે શાસ્ત્રોની મહિમા પ્રકાશી, તે શાસ્ત્રોની સૂક્ષ્મતાને પ્રકાશનાર, કેવળજ્ઞાન સ્વભાવની સૂક્ષ્મતાનું જ્ઞાન કરાવનાર, જ્ઞાયક દ્રવ્યની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મહિમા પ્રકાશનાર, તેનું ગહન સ્વરૂપ બતાવનાર, મુક્તિ માર્ગને બતાવનાર એવા કહાન ગુરુદેવના ગુણોનું શું વર્ણન થાય !

સમયસાર, પ્રવચનસાર વગેરે સર્વ શાસ્ત્રોનું ગહન રહસ્ય પ્રકાશક, ઊંડા અર્થો ઉકેલનાર, ચૈતન્યદ્રવ્યની અનુપમ મહિમાનું ભાન કરાવનાર, સમ્યક્ માર્ગે દોરનાર, જેમના મુખકમળથી અમૃતધારા વરસે છે, જેમના ચૈતન્યના પ્રદેશે પ્રદેશે શ્રુતજ્ઞાનના દીપક પ્રકાશી રહ્યા છે, શ્રુતની પર્યાયો પ્રગટી રહી છે, જેઓ શ્રુતરસમાં તરબોળ છે, – એવા જ્ઞાનાવતારી મહિમાવંત દિવ્યમૂર્તિ કહાનગુરુદેવ આ ભારતમાં અજોડ છે. તે દિવ્યમૂર્તિના દર્શનથી, જેમની શ્રુતધારાના દર્શનથી-શ્રવણથી ચૈતન્યમાં સુખાદિ નિધિ પ્રગટે એવા ગુરુદેવનાં ચરણકમળમાં હૃદય વારંવાર નમી પડે છે, અંતર ઊલસી પડે છે.

પરમ કૃપાળુ ગુરુદેવનાં ચરણકમળમાં વારંવાર પરમ ભક્તિથી વંદન હો.

૨૦૧૮, જેઠ સુદ સાતમે એમ સ્વપ્ન આવ્યું હતું કે –

પૂ. ગુરુદેવની વાણીનો અનુપમેય સૌષ્ઠવ ઝરો અને ભાગ્યનો કાળ.

આ સ્વપ્ન સવારે સવા પાંચ વાગ્યે આવેલું.

**

૨૦૨૨, ફાગણમાં લખાયેલ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## સાતિશય જ્ઞાનધારી પરમ પ્રતાપી કહાન ગુરુદેવને પરમ ભક્તિથી નમસ્કાર

૨૦૨૨, ફાગણ સુદ પાંચમથી આઠ-દસ દિવસ સુધી લગભગ, ગુરુદેવના વ્યાખ્યાનમાં ઉપયોગ સૂક્ષ્મ થઈ જાય છે.

પૂર્વભવ વારંવાર યાદ આવ્યા કરે છે.

એ રત્નોમય અદ્‌ભુત દેવલોક, ગુરુદેવના પ્રતાપી ભવોની વારંવાર સ્પષ્ટતા, સમવસરણનું વારંવાર યાદ આવવું; એ તળાવ, રત્નમય રસ્તા, દરવાજા, મંદિરો, સમવસરણ વગેરે બહુ યાદ આવે છે. વિશેષ વિસ્તાર યાદ આવતો નથી.

ત્યાંનાં-મહાવિદેહક્ષેત્રનાં-દેવાભાઈનાં (અમારાં) મોટા મહેલ જેવાં ઘરો યાદ આવે છે. ગાય ભેંસ વગેરે ઘેર હતાં. અમારું ત્યાં કુટુંબ હતું. માતા, પિતા, કાકા વગેરે કુટુંબ યાદ આવે છે. બાગબગીચાથી શોભાયમાન ઘર હતાં; (દેવાભાઈના) અમારા ઘરની સમીપ રત્નસ્થંભથી શોભિત જિનમંદિર હતું, ત્યાં અમે પૂજા કરવા જતા હતા. અમારે ઘેર અનેક જાતનાં શુદ્ધ ભોજન થતાં હતાં; કોઈ કોઈ વાર મુનિરાજ પધારતા હતા. રાજભુવનની નજીક અમારાં ઘર હતાં.

ફતેહમંદ રાજકુમાર વારંવાર યાદ આવે છે. અમારા ઘરની સામે એક જૈનંદ અથવા જયંદ નામના ધાર્મિક ગુણોવાળા ભાઈ રહેતા હતા તે ભાઈ જેવા સંબંધવાળા હતા તે પણ યાદ આવે છે. રત્નનું જિનમંદિર, મુનિરાજ વગેરે યાદ આવતાં ચિત્તમાં ખેદ થાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. વિશેષ વિસ્તાર જણાતો નથી.

આ બધી વાત વધારે સ્પષ્ટપણે યાદ આવતાં ચિત્તમાં દુઃખ થાય છે, કે કયાં એ ક્ષેત્ર ! કયાં એ નગર ! કયાં એ ભગવાનનાં દર્શન ! વાણી ! વગેરે યાદ આવતાં ખેદ થાય છે. કેટલીક વાર એકાગ્રતા થતાં આ ક્ષેત્ર ભૂલી જવાય છે, ને ત્યાં જ હોઉં એમ થઈ આવે છે.

તે નગરના રસ્તા, મકાનો વગેરે યાદ આવે છે ; સીમંધર ભગવાનનો સુયોગ વારંવાર યાદ આવે છે. અરેરે ! જીવ પોતાના જ પરિણામથી કયાંથી કયાં આવે છે.

રત્નમય દેવલોક, જિનમંદિર, ભગવાનનું અદ્‌ભુત સમવસરણ, નરકનું દુઃખ વગેરે વારંવાર જણાતાં વૈરાગ્ય આવે છે.

ભગવાનનાં દર્શન, મુનિરાજનાં દર્શન, ભગવાનની મધુરી અદ્‌ભુત વાણી-ચૈતન્યના અનંત ગુણોને કહેનારી - તે બધી વાતો વારંવાર યાદ આવતાં દુઃખ થાય છે.

સીમંધર ભગવાનની વાણી દ્રવ્યોના સામાન્ય અને વિશેષ સ્વભાવોને પ્રકાશનારી, અનંત રહસ્યોથી ભરપૂર હતી તેમ યાદ આવે છે, પરંતુ તેનો વિશેષ વિસ્તાર યાદ આવતો નથી. આ બધી વાતનો વિશેષ વિસ્તાર જણાતો નથી, અંતરમાં ભાવના ઘોળાતી હોવાથી લખાઈ જાય છે.

પરમકૃપાળુ કહાન ગુરુદેવનો આ પંચમ કાળમાં અદ્વિતીય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અવતાર છે, જેમનાં દર્શન અને અમૃતમય વાણી ભગવાનના વિરહને ભુલાવે એવી છે, જેમની વાણીની અનુપમ ધારા ચૈતન્યને પલટાવે એવી અદ્ભુત છે. અહો ! એવા પરમ ઉપકારી કહાનગુરુદેવનો શું મહિમા થાય !

પરમકૃપાળુ ગુરુદેવનાં ચરણોમાં પરમ ભક્તિથી નમસ્કાર.

**

૨૦૨૩, આસો માસ

**શ્રુતસમુદ્ર પરમ ઉપકારી ગુરુદેવને નમસ્કાર**

મહાવિદેહક્ષેત્ર વારંવાર યાદ આવે છે. એ નૌવલપુર નગર અને શોભીતો બજારનો દેખાવ યાદ આવે છે. વિશેષ વિસ્તાર યાદ આવતો નથી.

અમારા ઘરની નજીક જિનમંદિર હતું. તે અનેક અનેક રત્નથંભોથી શોભિત જિનમંદિર હતું; તેમાં રત્નોના પ્રકાશમય ભગવાન બિરાજી રહ્યા હતા; હું (દેવાભાઇ) અને મારી માતા સામગ્રી લઇને પૂજા કરવા જતાં હતાં.

કોઇ પ્રસંગોમાં રાજકુમાર અને નગરજનો સાથે પણ પૂજનનો પ્રસંગ બની આવતો હતો.

આ વાતનો વિશેષ વિસ્તાર યાદ આવતો નથી.

કોઇ ઉત્સવ પ્રસંગે માતાપિતા અને હું (દેવાભાઇ) બીજા કોઇ નગરમાં જતા હતાં; ત્યાં ધાર્મિક ઉત્સવ ઉજવાઇ રહ્યા હતા. એના વિશે વિશેષ યાદ આવતું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહક્ષેત્રમાં પધાર્યા હતા, તે પ્રસંગ ઘણી વાર યાદ આવે છે.

મહા સમર્થ કુંદકુંદાચાર્ય દેવનાં ચરણોમાં નમસ્કાર હો, વંદન હો.

આ જીવે દેવાભાઇના ભવમાં જોયેલું છે તે યાદ આવે છે.

સમવસરણમાં સીમંધર ભગવાનની વાણીમાં આવ્યું હતું કે આ રાજકુમાર ભવિષ્યે તીર્થંકર થવાના છે તે વાત પણ વારંવાર યાદ આવ્યા કરે છે ; અને કહાન ગુરુદેવ પ્રત્યે બહુ મહિમા આવે છે ને હૃદય નમી પડે છે.

આશ્ચર્યકારી અને દિવ્યમુદ્રાધારી સીમંધર ભગવાનની મુદ્રાનું શું વર્ણન થાય ! ભગવાનની દિવ્ય વાણીના અવાજની મધુરતાનું શું વર્ણન થાય ! ત્રિલોકીનાથ સીમંધર ભગવાનનાં ચરણોમાં હૃદય નમી પડે છે.

પરમ મહિમાના ભંડાર જિનેન્દ્ર ભગવાનની શું મહિમા થાય ! ભગવાનનાં ચરણકમળોમાં આ દાસના વારંવાર નમસ્કાર.

સમવસરણને, વિદેહક્ષેત્રને ઉપમાયોગ્ય અહીં કોઇ વસ્તુ નથી. મહાવિદેહક્ષેત્રના મહેલો ને મકાનો પણ કેવી રીતે જણાવી શકાય ! સમવસરણની વસ્તુને તો કયાંથી ઉપમા આપી શકાય ! આ ભરતક્ષેત્રમાં કોઇ એવો પ્રકાર નથી કે મહાવિદેહક્ષેત્રની કોઇ પણ વસ્તુને આ ચર્મચક્ષુથી જોઇ શકાય અથવા તુલના કરીને વર્ણવી શકાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરેરે ! કયાં હતા ને કયાં આવ્યા !

જેમણે ભરતક્ષેત્રમાં અમૃતવર્ષા વરસાવી એવા
ભાવી તીર્થાધિનાથ કહાનગુરુદેવનાં
ચરણકમળોમાં વારંવાર
નમસ્કાર

**

૨૦૨૩, આસો માસ —

**અપૂર્વ–જ્ઞાનધારી ગુરુદેવનાં ચરણકમળોમાં**
**વારંવાર નમસ્કાર**

પૂર્વભવ સહજપણે યાદ આવ્યા કરે છે. એ મહાવિદેહના નૌવલપુર નગરના રસ્તા, ચોક, વન, નદી, રત્ન જેવા કિનારાઓથી શોભિત તળાવ વગેરે યાદ આવે છે. મહાવિદેહને યોગ્ય એ પૂર્વભવનાં (આ જીવનાં–દેવાભાઈનાં) ઘર, ઘરના ચોક, ચોક ફરતાં મકાન, વાત્સલ્યયુક્ત માતાપિતા વગેરે યાદ આવે છે.

પુણ્યશાળી ફતેહમંદ રાજકુમાર, તેમના મોટા મહેલ વગેરે યાદ આવે છે. (વિશેષ વિસ્તાર જણાતો નથી.)

અનંત ગુણોના નિધાન ચૈતન્યદેવ એવા અનુપમ, દિવ્યમુદ્રાધારી, દિવ્યદેહધારી સીમંધર ભગવાન વારંવાર યાદ આવે છે. તેમનાં અપૂર્વ દર્શન થતાં ઉલ્લાસ બહુ આવે છે.

ભગવાનનો અહીં વિરહ હોવાથી ખેદ પણ થાય છે.

સ્વરૂપપરિણતિ સહિત આ વાત વારંવાર સહજપણે યાદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવવાથી, મહિમા આવવાથી લખાઇ જાય છે.

આસો વદ અમાસથી કારતક વદ એકમ સુધી ભગવાન વારંવાર યાદ આવવાથી, અપૂર્વ દર્શન થવાથી ઉલ્લાસ આવતાં લખાઇ જાય છે.

એ ભગવાન જુદા, ભગવાનની વાણી જુદી ; ભગવાનની વિભૂતિ, રત્નની અનેક વસ્તુઓથી ભરપૂર સમવસરણ બધું જુદું દિવ્ય આશ્ચર્યકારી અદ્‌ભુત છે. આ જીવે પૂર્વે દેવાભાઇના ભવમાં બધું જોયેલું છે તેથી યાદ આવ્યા કરે છે. વિશેષ વિસ્તાર જણાતો નથી.

પરમ ઉપકારી કહાનગુરુદેવને
પરમ ભક્તિથી નમસ્કાર

શ્રી કહાનગુરુદેવનો પરમ પ્રતાપ છે. આ બધું આપના પ્રતાપે છે માટે આપનું છે. અંદરમાં આ બધી વાત ઘોળાતી હોવાથી જે આવ્યું તે લખાઇ ગયું છે. વિશેષ વિસ્તાર જણાતો નથી. આ વિષે અંદર રહેવાની ભાવના છે.

**

**ભરતક્ષેત્રમાં અમૃત વર્ષા વરસાવનાર**
**અપૂર્વ શ્રુતસમુદ્રધારી ગુરુદેવને નમસ્કાર**

૨૦૨૭, આસો સુદ એકમની સાંજે આવેલું સ્મરણ
આપનો (ગુરુદેવનો) પ્રશ્ન આવતાં આવેલું સ્મરણ
૨૦૨૩ની સાલમાં આ જાતનું સામાન્ય સ્મરણ આવ્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હતું. પૂ. ગુરુદેવનો પ્રશ્ન આવતાં સ્પષ્ટપણે આવ્યું. (આસો સુદ બીજને દિવસે પણ આ સ્મરણ સહજપણે આવ્યા કરતું હતું.)

શ્રી કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહક્ષેત્રમાં પધાર્યા હતા તે પ્રસંગ સ્મરણમાં આવે છે. તે ટાઇમે સીમંધર ભગવાનનાં દર્શન કરવા જવાનો પ્રસંગ બન્યો હતો. ત્યારે મારે એટલે દેવાભાઇના જાણવામાં હતું અને લોકમાં પણ તે વાત પ્રસરેલી હતી તે યાદ આવે છે કે આ રાજકુમાર અહીંથી ભરતક્ષેત્રમાં જન્મશે, ત્યાં આ આચાર્યદેવના એટલે કે કુંદકુંદાચાર્યદેવના માર્ગે ચાલીને પંચમકાળમાં ધર્મતીર્થનો પ્રકાશ કરશે.

ત્યાં તેમને બાળવયથી ધાર્મિક સંસ્કારો જાગવાથી ત્યાગીપણે રહીને આ રાજકુમાર આ આચાર્યદેવના—આ આચાર્યદેવના કહેલા—માર્ગે ચાલીને ભરતક્ષેત્રમાં પંચમ કાળમાં ધર્મતીર્થનો પ્રકાશ કરશે.

આવા ભાવો ભગવાનની વાણીમાં આવ્યા હતા કે મુનિરાજના કહેલા હતા તે સ્પષ્ટ યાદ આવતું નથી. પરંતુ તેમાંના કોઇ દ્વારા આ વાત પ્રગટ થયેલી હતી, લોકસમુદાયમાં પ્રસરેલી હતી, અને હું એટલે દેવાભાઇ પણ આ વાતને જાણતા હતા. આ વાત સાવ સ્પષ્ટ છે. મહાવિદેહક્ષેત્રમાંથી ભરતમાં આવ્યા તે વાત યાદ કરતાં ખેદ થાય છે, તેથી ઉપયોગ તે વાત ઉપર વિશેષ જતો નથી. જે યાદ આવ્યું તે લખ્યું છે.

ગયા ભવના રાજકુમાર, વર્તમાનના શ્રી કહાનગુરુદેવનો આત્મા આ ભરતક્ષેત્રમાંથી દેવભવમાં જશે, ત્યાંથી જંબુદ્વીપમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઇ પણ ક્ષેત્રમાં—જે જમીનમાં રસ વૃદ્ધિ પામ્યા હોય એવી હરિયાળી જમીનમાં—કોઇ તીર્થંકર રાજાને ઘેર તેમના પુત્રપણે જન્મશે; ત્યાં તે મનુષ્યભવમાં તેમને તીર્થંકર ગોત્ર બંધાશે, ત્યાં આબેહૂબ મુનિપણું પાળીને અહમિન્દ્ર થશે; ત્યાંથી શ્રી કહાનગુરુદેવનો આત્મા ધાતકીખંડદ્વીપમાં, જયાં સદા ધર્મકાળ વર્તી રહ્યો છે એવા વિદેહક્ષેત્રમાં સૂર્યકીર્તિસ્વામી નામના તીર્થંકર ભગવાન થશે.

આ જન્માન્તરોની વાત આ જીવે એટલે કે દેવાભાઇએ વિદેહક્ષેત્રમાં સાંભળી હતી તે યાદ આવે છે.

આ વાતનું વર્ણન પહેલાં આવી ગયું છે, તો પણ ફરીને થોડું લખ્યું છે.

સીમંધર ભગવાનનું સમોસરણ યાદ આવે છે. ભગવાનના દરબારમાં, સમવસરણમાં પ્રવેશ કરતાં અનેક અનેક જોવાની વસ્તુઓ આવે છે, સુગંધથી ભરપૂર ઘનતાવાળી રત્નની પુષ્પોની વાડી, ફળ ને ફૂલોવાળાં શોભીતાં ઝૂલતાં રત્નનાં વૃક્ષો, દેવોની વૈક્રિયક-શક્તિથી થયેલ બજાર જેવો દેખાવ, અનેક જાતની વસ્તુઓ, રત્નનાં વસ્ત્રાભૂષણ, શંખ, ચક્ર જેવી વસ્તુઓ—કોઇ દેવતાઇ વસ્તુઓ—, અનેક જાતની વસ્તુઓનું જયાં પ્રદર્શન હતું; દેવોના મહેલો અને દેવોને ફરવાનાં સ્થાનો વગેરે હતું; તે ફરવાનાં સ્થાનોમાં રત્નના ઝૂલા જેવો દેખાવ હતો. તે બધું યાદ આવવાથી લખાઇ જાય છે. જે, સમોસરણમાં અનુપમ દિવ્યમૂર્તિ ભગવાન બિરાજી રહ્યા છે તે જગતથી જુદા જ હતા; હોઠ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચાલતા નથી તો પણ મધુરી ધ્વનિ આવ્યા કરે છે, ચૌદ બ્રહ્માંડનું સ્વરૂપ કહી રહ્યા છે. આ બધી વાતનું શું વર્ણન થાય ! આશ્ચર્ય લાગવાથી લખાઇ જાય છે; વિશેષ વિસ્તાર જણાતો નથી.

પૂજ્ય ગુરુદેવની ભક્તિને કારણે આ બધી વાત લખાઇ જાય છે.

ભાવી તીર્થાધિનાથ કહાનગુરુદેવને
પરમ ભક્તિથી નમસ્કાર.

**

૨૦૨૭, આસો વદ બારશ

**શ્રુતસમુદ્રમાં કેલી કરનાર અજોડ રત્ન ગુરુદેવને**
**પરમ ભક્તિથી નમસ્કાર.**

પૂર્વભવનું નૌવલપુર નગર યાદ આવે છે. તે નગરમાં જિનેન્દ્રમંદિરોનો કોઇ મહોત્સવ હતો તે સ્મરણમાં આવે છે. તે નગરના રાજા, ફતેહકુમારના પિતાજી તરફથી તે ઓચ્છવ થતો હતો.

જિનમંદિરો શણગારવામાં આવેલ હતાં. તે મહોત્સવમાં રાજકુમારના પિતાજી દીપોહમંદ રાજા તથા રાજકુમાર બધા સામેલ હતા. જિનમંદિરમાં ભવ્ય દિગંબર રત્નમય પ્રતિમાજી બિરાજી રહ્યાં હતાં. એ રત્નમય જિનપ્રતિમાની શું મહિમા થાય ! તેનો વિશેષ વિસ્તાર યાદ આવતો નથી.

પૂર્વભવે મહાવિદેહક્ષેત્રમાં બીજા કોઇ નગરમાં માતાપિતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સહિત આ આત્માને એટલે કે દેવાભાઈને જવાનું બન્યું હતું. ત્યાં તે નગરમાં પણ ધાર્મિક ઉત્સવ ઉજવાઈ રહ્યો હતો. ત્યાં દુધ વગેરે બીજી વસ્તુઓનું કોઈ મુનિરાજના હાથમાં આહારદાન દીધેલ હતું તે અવસર યાદ આવે છે.

પૂર્વે દેવાભાઈના ઘેર સારી જાતનાં અને શુદ્ધ ભોજન થતાં હતાં; અમારે ઘેર મુનિરાજ અને ત્યાગીઓ પધારતા હતા. ત્યાં રસોઈઘરની તદ્દન બાજુમાં કોઈ સફેદ ફળ વગેરે બીજી વસ્તુઓ સહિત મુનિરાજના હાથમાં આહારદાન દેવામાં આવેલ હતું તે પ્રસંગ પણ યાદ આવે છે. આનંદકારી પ્રસંગ હોવાથી જે યાદ આવ્યું તે લખાઈ જાય છે.

મહાવિદેહક્ષેત્રમાં કોઈ નગરોમાં તેમ જ ભગવાનના સમોસરણમાં આત્માની સાધના સાધનાર દિગંબર મુનિરાજના અને ત્યાગીઓના સમૂહ (ટોળાં) નજરે પડે છે, યાદ આવે છે. ધન્ય તે ક્ષેત્ર ! ધન્ય તે કાળ !

તે ક્ષેત્રમાં રાજા, રાજકુમાર, નગરજનો અને લોકસમૂહને મુનિરાજનાં દર્શન અને આહારદાનના પ્રસંગો સુલભપણે બની જાય એવો ત્યાં ધર્મકાળ હતો.

નૌવલપુર નગરમાં પણ મુનિરાજો અને ત્યાગીઓ પધારતા હતા.

ધર્મક્ષેત્રમાંથી જીવના પરિણામને કારણે આ કાળમાં ભરતક્ષેત્રમાં આવવાનું થયું તે ખેદ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ સ્મરણ સાવ સ્પષ્ટ છે ; વિશેષ વિસ્તાર જણાતો નથી ; જે યાદ આવે છે, જણાય છે તે બધું મધ્યસ્થભાવથી લખાય છે.

(આ પ્રકારનું થોડું સ્મરણ ૨૦૨૨ અને ૨૦૨૩ની સાલમાં આવ્યું હતું.)

**ચૈતન્યરસની ધારા વરસાવનાર પરમ ઉપકારી**
**શ્રી ગુરુદેવનાં ચરણકમળોમાં**
**પરમ ભક્તિથી નમસ્કાર**

**

(૨૦૨૮, કારતક વદ આઠમે લખાયેલ)

ભગવાનના સમોસરણમાં, રત્નોના રંગોના પ્રકાશવાળી એવી વિશાળ ઊંચી મંગળમય પીઠિકાઓ ઉપર, રત્ન તથા હીરા જેવી વસ્તુઓ જડિત સિંહાસન તથા અનેક પાંખડીઓના દળવાળા રત્નમય સુગંધી કમળનાં આસનોમાં અધ્ધર, પ્રકાશના પુંજ એવા સીમંધર ભગવાન બિરાજી રહ્યા હતા, ચૌદ બ્રહ્માંડના પદાર્થોનું અજાયબ સ્વરૂપ દિવ્ય ધ્વનિ દ્વારા કહી રહ્યા હતા.

ભગવાનની ઉપર રત્નોનાં શિખરોનો દેખાવ હતો. તે શિખરોની નીચે ચારે બાજુ રત્નોનાં પુષ્પો અને રત્નોની વસ્તુઓના શણગારની શોભા અપાર હતી. આ બધી વસ્તુઓ દિવ્ય છે ; એનું શું વર્ણન થાય !

વિશેષ વિસ્તાર જણાતો નથી.

પ્રકાશમય અને મંગળના પુંજસ્વરૂપ, મંગળકર્તા સીમંધર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાનની દિવ્યતાનું શું વર્ણન થાય !

ભગવાન વારંવાર યાદ આવે છે, હૃદયમાં તરવરે છે તેથી, મહિમા આવવાથી લખાઈ જાય છે.

ભગવાનનો દિવ્ય દેહ પ્રકાશમય હોવા છતાં સમોસરણમાં સ્પષ્ટપણે દર્શન થતાં હતાં.

ભગવાન મંગળના પુંજસ્વરૂપ હોવાથી તેમના પાસેની વસ્તુઓ બધી મંગળમય દેખાતી હતી; જયાં વાજિંત્રોના મંગળ સૂર વાગી રહ્યા હતા.

ભગવાનના દરબારમાં દેવોનાં નાટકની જાદુભરી રચના હતી. ઘડીમાં દશ્ય ઘડીમાં અદશ્યપણે દેવોનાં નાટક જુદા પ્રકારનાં હતાં. નાટક દ્વારા દેવો જિનેન્દ્ર ભગવાનના ગુણોની મહિમા પ્રકાશિત કરતા હતા.

શુદ્ધાત્માની શુદ્ધ પરિણતિ સિવાય કયાંય વિશ્રાન્તિ નથી, તો પણ આ બધું જાણવા તરફ ઉપયોગ સહેજે ચાલ્યો જાય છે.

પૂર્વે દેવાભાઈના ભવમાં આ જીવ મહાવિદેહક્ષેત્રમાં ઘણા ઘણા કાળથી હોવાથી અને ઉપયોગ સહજપણે તે તરફ જવાથી આ બધી વાત યાદ આવ્યા કરે છે.

"ધન્ય તે નગરી ! ને ધન્ય તે વેળા !" જયાં ભગવાન બિરાજી રહ્યા છે; જયાં સમોસરણમાં ભગવાનનાં દર્શન કરવા જતા હતા, સમોસરણમાં બેસતા હતા, ધ્વનિ સુણતા હતા. સમવસરણમાં રત્નજડિત ઊંચા ગઢના રત્નોથી શોભીતા ઊંચા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દરવાજામાં પ્રવેશ કરતાં આગળ જઈએ છીએ ત્યાં સીમંધર ભગવાન બિરાજી રહ્યા છે. તે પરમ મહિમાધારી ભગવાનનું શું વર્ણન થાય ! કેમ કરી બતાવી શકાય !

સમોસરણની વિભૂતિ અને સીમંધર ભગવાન અંતરમાં તરવરતાં હોવાથી "આ રહ્યા ભગવાન, આ રહ્યાં સમવસરણ" એમ પ્રત્યક્ષની જેમ જણાતાં હોવાથી, મહિમા આવવાથી આ બધું લખાઈ જાય છે. વિશેષ વિસ્તાર જણાતો નથી.

પંચમ કાળમાં જન્મ થયો તે ખેદ છે.

પરમ ઉપકારી, ભરતક્ષેત્રમાં અપૂર્વ શ્રુતધારા વરસાવનાર
મંગળમૂર્તિ ગુરુદેવને પરમ ભક્તિથી નમસ્કાર

**

અત્યારે ભરતક્ષેત્રમાં પણ પૂ. કહાનગુરુદેવની ચૈતન્યરસથી ભરપૂર, અપૂર્વ રહસ્યમય નિરંતર વાણી સુણવાનો યોગ અને ભાવીના તીર્થંકર ભગવાન એવા શ્રી કહાનગુરુદેવના પાવનકારી આહારદાનના પ્રસંગો તેમ જ પૂ. ગુરુદેવના તીર્થયાત્રાના અવસરો, શ્રી જિનેન્દ્ર પ્રતિમાઓના કલ્યાણક-અવસરો વગેરે પુનિત પ્રસંગો તે બધા પુણ્યોદયે બને છે. તે પ્રસંગો યાદ કરતાં ઉલ્લાસ આવે છે.

પૂજ્ય ગુરુદેવના ભવો યાદ આવ્યા કરે છે અને પૂજ્ય કહાન ગુરુદેવ પ્રત્યે બહુ મહિમા આવે છે.

ભાવી તીર્થંકર વર્તમાનના ધર્મધુરંધર
ગુરુદેવને પરમ ભક્તિથી નમસ્કાર

**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૨૦૨૯, (કારતક વદ ત્રીજે લખાયેલ)

**શ્રી ગુરુદેવના પરમ પ્રતાપને નમસ્કાર**
**શ્રી દેવ-ગુરુ-શાસ્ત્રનાં ચરણોની સેવા હો**
**તે સર્વને પરમ ભક્તિથી નમસ્કાર.**

(આ સ્મરણ અમુક પ્રકારે ૨૦૧૮ અને ૨૦૨૩ની સાલમાં આવ્યું હતું)

મહાવિદેહક્ષેત્રમાં સમોસરણમાં સીમંધર ભગવાન બિરાજી રહ્યા છે; ત્યાં જોવા માટે જ્ઞાનનો ઉપયોગ વારંવાર જાય છે, વારંવાર યાદ આવે છે.

પૂર્વે દેવાભાઈના ભવમાં આ જીવે ભગવાનની વાણીમાં જે ભાવો સાંભળ્યા હોય તે યાદ આવે છે.

ભગવાનની અભેદ વાણીમાં ચૈતન્યદેવના આશ્ચર્યકારી સૂક્ષ્મ સૂક્ષ્મ અનંતા અનંત ભાવો આવતા હતા.

જ્ઞાન-ઉપયોગ વગેરે સત્‌દ્રવ્યોના સ્વરૂપના સૂક્ષ્મ સૂક્ષ્મ ભાવો અનંતા આવતા હતા. અંગ-પૂર્વના, જ્ઞાનપ્રવાદ, સત્યપ્રવાદ વગેરે પૂર્વના એટલે કે આખા વિશ્વના સૂક્ષ્મ સૂક્ષ્મ અનંતા ભાવો આવતા હતા.

અંગ-પૂર્વના શબ્દો સીમાવાળા હોય છે, ભગવાનની વાણીમાં તો અસીમ અનંત ગંભીર રહસ્ય આવતું હતું. ચૌદ બ્રહ્માંડનાં તત્ત્વોના અનંત રસાંશો, અનંત ભાવાંશો સહિત અનંતા અનંતા આશ્ચર્યકારી સૂક્ષ્મ સૂક્ષ્મ ભાવો આવતા હતા. શું આવતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હતા તે યાદ આવતું નથી.

સીમંધર ભગવાનની દિવ્ય ધ્વનિમાં ચૈતન્યતત્ત્વનું, ત્રણ લોકનું, ચૌદ બ્રહ્માંડનાં તત્ત્વોના સૂક્ષ્મ ભાવોનું ચમત્કારી ચિત્ર ખડું થતું હતું. સાંભળતાં એમ થતું હતું કે અહાહા ! તત્ત્વોનું આવું આશ્ચર્યકારી સ્વરૂપ છે !

વિશેષ વિસ્તાર યાદ આવતો નથી.

ફતેહમંદ રાજકુમાર અને અનેક સભાજનો ભગવાનની વાણી સાંભળીને આશ્ચર્ય પામતા હતા.

અનેક પ્રકારનાં રત્નમય સમવસરણમાં સીમંધર ભગવાન બિરાજી રહ્યા છે, જ્યાં ગણધર, મુનિવરો અને દેવદેવેન્દ્રો વસી રહ્યા છે.

બાહ્ય અને અંતર રિદ્ધિસિદ્ધિથી ભરપૂર એવું મહાવિદેહક્ષેત્ર અને ત્યાંની નગરીઓ યાદ આંવે છે.

અહો ! એ અનુપમ સીમંધર ભગવાન !

અહો ! એ મધુરી દિવ્ય વાણી !

અહો ! એ રત્નમય સમોસરણ !

અહો ! એ મહાવિદેહક્ષેત્ર ! ત્યાંની નગરીઓ ! એ બધાંનું શું વર્ણન થાય ! મહિમા આવવાથી લખાઇ જાય છે.

ચૈતન્યદ્રવ્યની શુદ્ધ પરિણતિ તરફ-શુદ્ધાત્મામાં-ઉપયોગ સહજ જાય તો પણ સાધકસ્થિતિ હોવાથી દેવ-ગુરુ-શાસ્ત્ર તરફ ઉપયોગ ગયા વગર રહે નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અહો ! એ સીમંધરભગવાનનાં ચરણકમળોમાં**
**પરમ ભક્તિથી નમસ્કાર, વારંવાર નમસ્કાર.**
**અપૂર્વ શ્રુતધારા વરસાવનાર ભાવી તીર્થાધિનાથ**
**કહાનગુરુદેવનાં ચરણકમળોમાં**
**પરમ ભક્તિથી નમસ્કાર.**

**

૨૦૩૪, ભાદરવા સુદ છઠ-સાતમ

**અપૂર્વ ઉપકારી ગુરુદેવને નમસ્કાર.**

અનંત કાળમાં પરિભ્રમણ કરતાં ચાર ગતિમાં જીવે ઘણાં દુઃખો સહ્યાં છે. તિર્યંચગતિમાં સહેલાં ભૂખ-પ્યાસ વગેરે પરાધીનતાનાં અનેક પ્રકારનાં દુઃખો, માતાના ગર્ભોમાં સંજ્ઞી પંચેન્દ્રિયપણે સહેલાં બંદીખાનામાં અનેક પ્રકારનાં દુઃખો તે યાદ આવે છે, અને વૈરાગ્ય આવે છે. (વિશેષ વિસ્તાર જણાતો નથી.)

નરકના જીવોનાં દુઃખો અને નરકભૂમિ તો પ્રત્યક્ષની જેમ નજર સમક્ષ તરે છે. જીવ ચારે ગતિમાં દુઃખો સહતો આવ્યો છે.

કોઈ વાર આ જીવ દેવલોકની રત્નમય ભૂમિમાં વિહાર કરતો હતો, મનુષ્યભવમાં વિદેહક્ષેત્રમાં મોટા શરીરપણે મોટાં મહેલ જેવાં મકાનોમાં ફરતો હતો, માતપિતાના લાડમાં રહેતો હતો, સમવસરણમાં ભગવાનની વાણી સાંભળતો હતો, વગેરે યાદ આવે છે.

કેટલીક વાર માતપિતાની સાથે મોટા રથ સરીખું વાહન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હતું તેમાં બેસીને ભગવાનનાં દર્શને જતો હતો.

ફતેહકુમાર પણ ભગવાનના દર્શને આવતા હતા. આ રાજકુમાર ભવિષ્યે તીર્થંકર થવાના છે તેવી વાત સીમંધર ભગવાનની દિવ્ય ધ્વનિમાં સાંભળી હતી તે પ્રસંગ બહુ યાદ આવે છે, તે રાજકુમાર પ્રત્યે બહુમાન આવે છે.

મહા સમર્થ યોગીશ્વર જેવી જેની મુદ્રા હતી તેવા શ્રી કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહક્ષેત્રમાં પધાર્યા હતા, તે પ્રસંગનું પણ વારંવાર સ્મરણ થાય છે અને શ્રી કુંદકુંદાચાર્યદેવ પ્રત્યે આ હૃદય નમી પડે છે.

વિદેહક્ષેત્ર બહુ યાદ આવે છે, જ્યાં દિગંબર મુનિવરોનાં ટોળાં વિચરી રહ્યાં છે. કોઈ કોઈ મુનિરાજને અંગ-પૂર્વનાં જ્ઞાન પ્રગટ થઈ રહ્યાં છે, અનેક ઋદ્ધિ અને શુકલધ્યાન વગેરે જ્યાં પ્રગટી રહ્યાં છે.

એ ધર્મક્ષેત્રની શી વાત !

ક્યાં ભરતક્ષેત્ર ! ક્યાં વિદેહક્ષેત્ર !

આ અંતરભૂમિમાં સીમંધર ભગવાન વારંવાર યાદ આવે છે, તેથી કોઈ વાર હૃદય રડે છે.

“આ બિરાજે સમવસરણમાં સીમંધર ભગવાન !” એમ પ્રત્યક્ષની જેમ તરવરે છે. મહાવિદેહક્ષેત્રમાં ભગવાનનાં દર્શને જવાનો અને તેમની દિવ્ય ધ્વનિ સાંભળવા જવાનો સુયોગ બહુ યાદ આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહા ! એ સીમંધર ભગવાન !
અહા ! તે દિવ્ય ધ્વનિ !
અહા ! તે પુનિત પ્રસંગો !
ધન્ય તે ઘડી ! ધન્ય તે પળ !

જીવ કોઈ વાર કોઈ ગતિમાં, કોઈ વાર કોઈ ગતિમાં હોય છે. આ જીવે કોઈ વાર તિર્યંચગતિમાં દુઃખો સહ્યાં, કોઈ વાર માતાના ગર્ભોમાં બંદીખાનાનાં દુઃખો સહ્યાં તે યાદ આવે છે. (ચારે ગતિનાં દુઃખો આ જીવે દેવગતિમાંથી પણ કેટલાંક જોયાં છે.) ચારે ગતિમાં દુઃખો સહ્યાં છે.

આ જીવ કોઈ વાર દેવલોકની રત્નમય ભૂમિમાં વિહરતો હતો; મનુષ્યભવમાં આ જીવ દેવાનંદભાઈ પણે વિદેહક્ષેત્રમાં ભગવાનના ધામમાં રહેતો હતો, ત્યાંના નગરનાં રત્ને જડિત શોભીતા ને વિશાળ જિનાલયોમાં તેમ જ રત્ન જેવા કિનારાથી શોભિત તળાવ વગેરે સ્થળોએ જતો હતો.

અત્યારે આ જીવ ભરતભૂમિમાં છે, ભારતરત્ન શ્રી કહાનગુરુદેવના સાન્નિધ્યમાં છે.

કોઈ વાર ક્યાં ! કોઈ વાર ક્યાં !
કેવું સંસારનું પરિભ્રમણ !
કેવી સંસારની વિચિત્રતા !

ચૈતન્યદેવ સિવાય બહારમાં ક્યાંય સુખ નથી.

બધેથી વૈરાગ્ય પામી અદ્‌ભુતસ્વરૂપ શુદ્ધાત્મામાં સમાઈ જવું તે જ શ્રેયભૂત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૨૦૩૪, ભાદરવા વદ ૪

દેવલોકની ભૂમિ યાદ આવે છે. દેવભૂમિના શાશ્વતાં જિનમંદિરો, મેરુપર્વતનાં શાશ્વતાં જિનમંદિરો અને રત્નમય જિનપ્રતિમાઓ તે બધું વારંવાર નજર સમક્ષ જણાય છે – તરવરે છે.

અહા ! એ રત્નમય જિનપ્રતિમાઓ ! અને જિનમંદિરો ! એ બધું આશ્ચર્યકારી છે.

દેવભવમાંથી આ જીવ ભગવાનના સમોસરણમાં ઘણી વાર ગયેલ છે તે યાદ આવે છે.

આ લોકનાં કેટલાંક સ્થાનો ઉપર કોઈ કારણસર આ જીવ ફરી આવ્યો છે તે યાદ આવે છે, પરંતુ તે કયાં સ્થાનો હતાં તે યાદ આવતું નથી.

ભગવાનનાં સમોસરણમાં દેવભવમાંથી ઘણી વાર ગયો છે પરંતુ તે કયા કયા સ્થળે ગયેલ છે તે યાદ આવતું નથી.

દેવભૂમિમાંથી વિધવિધ રત્ને રચિત દૈવી સમવસરણ યાદ આવતાં એમ સ્મરણ થાય છે કે આ સમવસરણ તો જીવની જાણીતી ભૂમિ છે. અહીં તો આ જીવ ઘણી વાર આવ્યો છે.

દેવભૂમિનાં કેટલાંક સ્થાનો અને આ લોકનાં સ્થાનો યાદ આવતાં એમ થાય છે કે આ દેવભૂમિનાં કેટલાંક સ્થાનો અને આ લોકનાં કેટલાંક સ્થાનો આ જીવના જાણીતાં છે; જીવ ઘણી વાર અહીં આવ્યો છે; – એમ સહજ સ્મરણ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ બધું સહજ સ્મરણમાં આવેલ છે તે લખાઈ જાય છે.

આ જીવ અનંત કાળમાં પરિભ્રમણ કરતાં અત્યારે ભરતભૂમિમાં છે.

ભાવી તીર્થંકર, ગયા ભવના રાજકુમાર, શ્રી કહાનગુરુદેવના સાન્નિધ્યમાં—તેમનાં ચરણોમાં—રહેવાનો સુયોગ આ ભરતભૂમિમાં સાંપડયો છે.

શ્રી ગુરુદેવના અંતરમાં પ્રગટેલા ઝળહળતા શ્રુતજ્ઞાનસૂર્ય દ્વારા અનુપમ રહસ્યો ઝરતી અમૃત-વાણી નિરંતર સુણવાનો અપૂર્વ યોગ પ્રાપ્ત થયો છે તે મહા ભાગ્ય છે.

ગુરુદેવની નિરંતર વાણી, તેમના આહારદાન વગેરેના પાવન પ્રસંગો જે પંચમ કાળે મળ્યા તે અહોભાગ્ય છે.

અનંત કાળના પરિભ્રમણનું દુઃખ અને વિભાવનું દુઃખ સર્વ પરદ્રવ્ય, પરભાવો ને ભેદભાવોથી ન્યારા શુદ્ધાત્મતત્ત્વને બતાવનારી ગુરુદેવની વાણીથી સહજ ટળે છે.

પૂ. ગુરુદેવે શુદ્ધાત્મતત્ત્વને પ્રગટ કરવાનો માર્ગ બતાવી પંચમ કાળમાં અનેક જીવોનાં દુઃખ ટાળ્યાં છે; સુખધામ, આનંદધામ આત્માને પ્રગટ કરવાનો માર્ગ સુગમ કર્યો છે.

પરમ પરમ ઉપકારી ગુરુદેવનાં ચરણકમળોમાં
પરમ ભક્તિથી વારંવાર નમસ્કાર.

આ બધો પ્રતાપ શ્રી ગુરુદેવનો જ છે.

શ્રી કહાનગુરુદેવના ભૂતકાળના ભવો અને ભાવીકાળના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભવોનું વારંવાર સ્મરણ થાય છે ; ગુરુદેવનું આત્મદ્રવ્ય મહિમાવંત છે.

(૨૦૩૪, આ સ્મરણ ભાદરવા સુદ છઠ-સાતમે આવ્યું અને ભાદરવા સુદ આઠમ-નોમ વગેરે દિવસોમાં ચાલુ રહ્યું.) વિશેષ વિસ્તાર જણાતો નથી.

શ્રી જિનેન્દ્રભક્તિ, શ્રી ગુરુભક્તિ, શ્રી શ્રુતભક્તિ
નિશદિન અંતરમાં
વસી રહો.

**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શ્રી જિનેન્દ્રાય નમઃ** ૨૦૦૪

અત્યારે વર્તમાન બિરાજતા પરમ કૃપાળુ, ભાવીના તીર્થંકરભગવાન, એવા શ્રી અદ્વિતીય સદ્‌ગુરુદેવનાં ચરણકમળમાં પરમ પરમ ભક્તિથી વારંવાર નમસ્કાર હો, નમસ્કાર હો.

શ્રી જિનેન્દ્રદેવની ભક્તિ-સેવા સિવાય બીજું શું કરીએ ! શું કરું અહો નાથ ! શું કરું ! અમારા જેવા પામર આપની શું સેવા ભક્તિ કરી શકે ! અહો ! જિનેન્દ્રદેવનો મહિમા ત્રણ લોકમાં ગાજી રહ્યો છે !

અહો શ્રી સદ્‌ગુરુદેવ ! મારા જેવા પામર ઉપર આપે અપાર કરુણા વરસાવી છે; આપની શું સેવા ભક્તિ કરીએ ! જે કરીએ તે બધું ઓછું છે. મન-વચન-કાયાએ કરીને નિરંતર સમીપપણે આપની ચરણસેવા હોજો એ હૃદયની ઊંડી ભાવના છે. આ કાળે આ ભરતક્ષેત્રમાં આપે આપની જાતે, છુપાયેલો મોક્ષમાર્ગ શોધીને બીજાને તે માર્ગ સમજાવી અપૂર્વ ઉપકાર કર્યો છે. અહો ! ગહન અને ઊંડું વસ્તુનું સ્વરૂપ સૂક્ષ્મ ને તીક્ષ્ણ શ્રુતશૈલીથી સમજાવી, જ્ઞાનનાં રહસ્યો ખોલીને અમારા જેવા પામર ઉપર અનંત અનંત ઉપકાર કર્યો છે. અહો ! પ્રભુ ! અમે આપની ભક્તિ સેવા સિવાય બીજું શું કરી શકીએ !

આપનાં ચરણકમળમાં પરમ ભક્તિથી
વારંવાર નમસ્કાર નમસ્કાર.

**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ૐ

## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું આંતરિક ભાવ-અવલોકન

૨૦૨૭

ચૈતન્યતત્ત્વનો વૈભવ ચમત્કારિક ને આશ્ચર્યકારી છે. ચૈતન્યદ્રવ્ય લોકોત્તર એટલે અલૌકિક મહિમાવંત છે. એવા આત્મામાં જ આનંદ છે.

સર્વ પરદ્રવ્યોથી, મન-વચન-કાયાથી, સર્વ શુભાશુભ પરભાવોથી, ભેદભાવોથી નિરાળા જ્ઞાયક આત્મામાં સુખ ને સમાધિ છે, બીજે કયાંય વિશ્રાંતિ નથી; જ્ઞાયકની પરિણતિ સિવાય બધું દુઃખમય ને ઉપાધિમય છે; ચૈતન્યની નિર્વિકલ્પ આનંદમય દશા સિવાય કયાંય વિશ્રાંતિ નથી.

શુદ્ધાત્મદ્રવ્યની મુખ્યતા અને શુદ્ધ પરિણતિ—નિર્વિકલ્પ આનંદમય સ્થિતિ ની મહિમા હોવાથી પુરુષાર્થની સહજ ગતિ તે તરફ હોવાથી, પરિણતિની તે તરફ સહજ દોડ હોવાથી તે તરફ પરિણતિ અને ઉપયોગ સહજ રહ્યા કરે. (તો પણ ઉપયોગ બહાર હોય ત્યારે—

દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા હોવાથી ત્યાં, અને શ્રુતચિંતવનની મહિમા હોવાથી શ્રુતચિંતવનની સૂક્ષ્મતા તરફ પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉપયોગ રહ્યા કરે તો પણ પૂર્વભવ, દેવલોક, નરક વગેરે જોવા-જાણવા તરફ ઉપયોગ સહજ ચાલ્યો જાય છે.

સર્વ પરિણતિમાં શ્રી ગુરુદેવનો પરમ પ્રતાપ છે.

પરમ ઉપકારી ગુરુદેવનાં ચરણકમળોમાં
વારંવાર નમસ્કાર.

સાતિશય શ્રુતસાગર આદિ અનંત ગુણોથી ભરપૂર
પરમ કૃપાળુ ગુરુદેવનાં ચરણોમાં
પરમ ભક્તિથી નમસ્કાર.

**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## અધ્યાત્મમૂર્તિ યુગપુરુષ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામીએ પૂ. બહેનશ્રી ચંપાબેનને પૂછેલા જાતિસ્મરણ સંબંધી પ્રશ્નો તથા પોતે (પરમપૂજ્ય ગુરુદેવશ્રીએ) કરેલી નોંધ

નૌવલપુરમાં શ્રી તીર્થંકર પ્રભુની સમીપે શ્રી કુંદકુંદઆચાર્યજી પધાર્યા હતા કે બીજે ? ને ત્યાં કેટલો કાળ રહ્યા હતા ? ચક્રવર્તીના સમીપમાં શ્રી કુંદકુંદઆચાર્ય પધાર્યા હતા એમ ઈતિહાસમાં આવે છે તે...

**

શ્રી કુંદકુંદઆચાર્ય શ્રી તીર્થંકરના સમીપે, ત્યાં ચક્રવર્તીનું મળવું અને અમુક દિવસનું રોકાવું, તથા તે જ ગામમાં પધાર્યા હતા કે બીજે ? શું સ્મરણ થાય છે વગેરે નવું હોય તે લખવું.

**

શ્રી તીર્થંકર પ્રભુના કે કોઈ શ્રુતકેવળી કે કોઈ મુનિના ઉપદેશ સંબંધી કોઈ એક વાકય ; ગામમાં ત્રણે એક જ ગામમાં કે જુદા ? તે ગામનું નામ ; ચંદભાઈ તે કોણ ? તે કંઈ સ્મરણમાં આવે છે ? ભવિષ્યે તીર્થંકર કેટલે ભવે ? તે સંબંધી કંઈ વિશેષ સ્મરણ સહજ થાય છે ?

**

શ્રુતકેવળીના શરીરનો દેખાવ ? રાજકુંવરનું નામ શું ?

**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્રી તીર્થંકર દેવ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ક્ષપકત્વ શ્રેણી ભૂદા દ્વે ભૂત્વા ।

. . . . . . . . . . . . . . . . . . .॥

સિદ્ધિ ગવેષાં .. . . . . . . . . .।

. . . . . . . . . . . . . . . . . . .॥

**

શ્રી શ્રુતકેવળી ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ;

ક્ષાયકના ત્રણ પ્રકાર : એક ધારાપ્રવાહી, બીજું જોડણી અથવા જોડરૂપ ક્ષાયક, ત્રીજું યુગલ ક્ષાયક.

૧. ધારાપ્રવાહી :— શરૂઆતની ધારાનો પ્રવાહ, ક્ષાયકની યોગ્ય શ્રેણીનો, તે ધારાપ્રવાહી.

૨. જોડણી અથવા જોડરૂપ :— પૂર્ણ કૃતકૃત્યતાના અદ્‌ભુત સુખ માંહેનું અંશ કૃતકૃત્યપણું પ્રગટ થઈને, તે અંશ દ્વારા વિશેષ કૃતકૃત્યતાના અંશોનું જોડાવું-આવું ક્ષાયક જે કહેવાય છે ; ત્યાંના ટૂંકાણભાવમાં—એક અંશ દ્વારા વિશેષ અંશોનું પરસ્પર જોડાવું તેનું નામ જોડણી ક્ષાયક.

૩. યુગલ ક્ષાયક :— પૂર્ણ કેવળીનું અથવા સિદ્ધના ક્ષાયકને યુગલ ક્ષાયક કહેતા હોય.

**ૐ ચિદાનંદ સહજ સ્વરૂપાય નમઃ**

ચૈત્ર વદ ૮, સોમ, સવારના છ લગભગ : કુંદકુંદાચાર્ય તથા શ્રી સીમંધર પ્રભુ વગેરે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



" " " " સવારના દશ લગભગ : પૂર્વનું સ્પષ્ટ.
વૈશાખ સુદ ૩ : લોક આદિનું સ્વરૂપ.
" " ૬, નવ લગભગ : નાના બાળક આદિ.
" " ૧૨, ૮ થી ૮॥ લગભગ.
" " ૧૩, ૯ વાગ્યે : ત્રીજા દેવલોકથી ચવીને વગેરે.
જેઠ વદ ૧૩, ૬ થી ૬॥ : રાજકુમારનો ભવ.
૧૯૯૪, કારતક વ૯ ૧૨, બપોરના ૩ થી ૩॥ લગભગ : રાજકુમાર ભવિષ્યે તીર્થંકર તથા શાંતાબેનનું પૂર્વભવનું સ્મરણ.
માગસર વદ ૧, બપોરે ૪ વાગ્યે : રાજકુમારનું નામ વગેરે.
માગસર વદ ૧૦, સવારે ૫ા : વાગે લખ્યું.
માગસર વદ ૯, ૭ થી ૭॥ : ચંપાબેનનું પૂર્વ નામ વગેરે.
માગસર વદ ૧૨, ૯ વાગ્યે : સમોસરણ વગેરે.
પોષ શુદ ૯, સવારના ૭ થી ૭॥ : ગામ વગેરે.
પોષ શુદ ૧૦, : ગાથા.
પોષ શુદ ૧૧, રાત્રે ૧૦ પછી : રાજા વગેરે.
પોષ શુદ ૧૧, રાત્રે : ક્ષાયકના ત્રણ પ્રકાર કુમારને યાદ.
પોષ વદ ૫, પરોઢિયે : આઠ દિવસનું તથા ચક્રવર્તી.
પોષ વદ ૬, સાંજે ૪ વાગ્યે : કુંડલપુર.
પોષ વદ ૮, ૧૦॥ થી ૧૧.
પોષ વદ ૧૩ : કુમારની ભક્તિનું સ્મરણ.
પોષ વદ ૧૨ રાત્રે : વિરાધકનું સ્મરણ.

**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ગુરુદેવના હૃદયોદ્ગાર


આ વિભાગમાં, પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તથા 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તક સંબંધી પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ પ્રસન્નતાપૂર્વક ઉચ્ચારેલા હૃદયોદ્ગારો આપવામાં આવ્યા છે. પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની — તેમની જન્મજયંતીના માંગલિક પ્રસંગે તથા અન્ય દિવસોમાં (સોનગઢમાં તેમજ અન્યત્ર) પ્રવચન, તત્ત્વચર્ચા ઈત્યાદિ સમયે અનેક વાર — નિર્મળ સ્વાત્માનુભૂતિ, ધર્મોદ્યોતકારી સાતિશય જાતિસ્મરણજ્ઞાન, રગે રગમાં વ્યાપી ગયેલી નિર્માનતા, સ્ફટિક સમી સ્વચ્છ સરળતા, પ્રશમરસનીતરતી ઉદાસીનતા અને સાગર સમાન ગંભીરતા ઈત્યાદિ તેમના ગુણો સંબંધી પૂજ્ય ગુરુદેવના શ્રીમુખેથી અત્યંત અહોભાવપૂર્વક નીકળતા સહજ ઉદ્ગારોથી સભાનું આખું વાતાવરણ અતિ પ્રસન્ન થઈ જતું હતું.

પરમપૂજ્ય ગુરુદેવના શ્રીમુખેથી નીકળેલા પૂર્વ સમયના તત્સંબંધી અનેક ઉદ્ગારોમાંથી કેટલાંક અહીં રજૂ કરવામાં આવ્યા છે, કે જેનાં વાંચન-મનનથી મુમુક્ષુહૃદયો પોતાના જીવનઘડતરના સમ્યક્ પુરુષાર્થની પ્રેરણા મેળવે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

## ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના હસ્તાક્ષર




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આવું ક્ષાયક નિર્વિવાદ છે
ધ્યાનાકુંતાલે ભાવમાં
એક અંશ દ્વારા વિશેષ અંશોને
પરસ્પર જોડું તેનું નામ જોડલી
ક્ષાયક
3 પુગલ ક્ષાયક
પૂર્ણ કેવળીનું અપેલ સાધના
ક્ષાયકને પુગલ ક્ષાયક કહેલા
હોય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ૐ ચિદાનંદ સહજ સ્વરૂપાય નમઃ

ચૈત્ર વદ ૮ સોમ સવારના ૭ વાગ્યા કુંદકુંદ આચાર્ય
સ્વામી સીમંધર ભગવાન વિગેરે

,, ૧૧ ,, સવારના ૬ વાગ્યાના પુણ્ય સ્વપ્ન.

વૈશાખ શુદ ૩ લોક આદિ સ્મરણ

,, ,, ૬ નાના બાળક આદિ, [illegible]

,, ,, ૧૨ ૯ ક.ના [illegible]

,, ,, ૧૫ [illegible] ભગવાન વિગેરે

જેઠ વદ ૧૫ ૬ ક. ૬॥ રાજકુમારની [illegible]

૧૯૯૪ ભાદરવદ ૧૨ બપોરના ૩ ક. ૩॥ વાગ્યા.
રાજકુમાર [illegible]
તથા શોભાબેનનું પૂર્વ જન્મનું સ્મરણ

માગસર વદ ૨ રાજકુમારનું નામ વિગેરે
બપોરે ૩ ૪ વાગે.

માગસર વદ ૧૦ સવારે. ૫॥ વાગે [illegible]

માગસર શુદ ૯ ૭ ક ૭॥ ચંપાબેનનું પૂર્વ નામ વિગેરે

,, ,, ૧૧ ૯ વાગે સમોસરણ વિગેરે

પોષ શુદ ૯ સવારના ૭ ક. ૭॥ ગામ વિગેરે

,, ,, ૧૧ રાત્રે ૧૦ ૧૦॥ રાજા વિગેરે

,, ,, ૧૦ ગાથા

,, ,, ૧૨ રાત્રે [illegible] કુમારની વાત.

પોષ વદ ૪ [illegible] આ દિવસનું [illegible]

,, ,, ૬ સાંજે ૫ વાગે [illegible]

,, ,, ૯ [illegible]

,, ,, ૧૫ કુમારની ભક્તિનું સ્મરણ

,, ,, ૧૨ રાત્રે [illegible] નું સ્મરણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પરમ કૃપાળુ શ્રી સદ્ગુરુદેવ (કાનજી
મહારાજશ્રી)ના પરમ પવિત્ર હસ્તાક્ષરો

પૂ. ગુરુદેવે સ્મરણ લિપિ ૧૯૯૪ના
સાલમાં પૂછેલ પ્રશ્નો

શ્રી તીર્થંકર પ્રભુના કે કોઈ શ્રુત કેવળી
કે કોઈ મુનિનો ઉપદેશ સાંભળ્યો હોય એ
પ્રસંગ. ગામમાં ... અગર ગામમાં
કે ગુફા તે ગામનું નામ, સંભાળતા કોઈ
તે કંઈ સ્મરણમાં આવે છે. ભગવાન તીર્થંકર
કેવળી વગેરે તે સંબંધી કોઈ વિશેષ સ્મરણ
સહજ થાય છે.

શ્રુતકેવળી ના શરીરના બાપ
રાજકુંવરનું નામ.

પરમ કૃપાળુ શ્રી સદ્ગુરુદેવ (કાનજી
મહારાજશ્રીના) પરમ પવિત્ર હસ્તાક્ષરો

પોન્નુર માં શ્રી તીર્થંકર પ્રભુના સ
મયે શ્રી કુંદકુંદ આચાર્યજી પધાર્યા હતા
કે જ્યાં તેઓ ફરતા એ જ સ્થાન હતા
મહાવીરના શાસનમાં શ્રી કુંદકુંદ આચાર્ય
પધાર્યા હતા એમ ઈતિહાસમાં આવે છે તે

---

શ્રી કુંદકુંદ આચાર્ય શ્રી તીર્થંકરના (
સમોસરણમાં મહાવિદેહનું ખંડનું એ
અમુક હાથ વરસનું રોકાણ તથા તેઓ
ગામમાં પધાર્યા હતા કે જ્યાં સ્મરણ
પાદ છે વિગેરે નક્કી હોય તે લખવું.

પરમ કૃપાળુ શ્રી સદ્ગુરુદેવ (કાનજી)
મહારાજશ્રીના પરમ પવિત્ર હસ્તાક્ષરો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ॐ

नमः श्रीसद्गुरवे ।

# ગુરુદેવના હૃદયોદ્ગાર

## પૂજ્ય બહેનશ્રી ચંપાબેન સંબધી

(પ્રવચન, તત્ત્વચર્ચા ઇત્યાદી પ્રસંગે)

## પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના મંગલ ઉદ્ગારો

(રાજકોટ, સં. ૨૦૨૭) બેન (ચંપાબેન) તો બહુ જ ગંભીર—ગંભીર ! એવો આત્મા અત્યારે હિન્દુસ્તાનમાં નથી. પવિત્રતા—પરિણતિ, અને શુદ્ધ પરિણતી સહિતનું જાતિસ્મરણજ્ઞાન છે. વૈરાગ્ય-વૈરાગ્ય ! શાસ્ત્રમાં આવે છેઃ તીર્થંકર દીક્ષા લે ત્યારે પહેલાં જાતિસ્મરણ થાય એવો નિયમ છે... જાતિસ્મરણ થાય ત્યારે ઉપયોગ મૂકવો પડે નહિ અને ફટ જ્ઞાન થાય, એકદમ વૈરાગ્ય થઇ જાય. એવું બેનને થઇ જાય છે. બેનને જાતિસ્મરણ થતાં વૈરાગ્ય ઘણો વધી ગયો છે; એમને બિલકુલ પરની કાંઇ પડી નથી.

**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(રાજકોટ, સં. ૨૦૨૭) ... બેન (ચંપાબેન)ને તો આમ પ્રત્યક્ષ દેખતાં અંદર એવું થઈ જાય છે, ખેદ આવી જાય છે : 'અરેરે ! કયાં હતાં ને કયાં આવી ગયાં ! અરે, પ્રત્યક્ષ બધું દેખાય છે. અહા ! આ સંસાર ! આ પ્રાણી ! આ દુઃખ !'... ઘણો રૂડો જીવ, બહુ રૂડો જીવ ; સંસારને કાંઠે આવેલો, જુદી જ જાતનો. પોતે તો કહે જ નહિ. આ તો એમની ઉંમર થઈ ગઈ ૫૮, શરીર સાધારણ, ખોરાક સાધારણ... આ તો કેમ નભે છે !... નામ–ઠામ, ભવિષ્યનાં નામ, તીર્થંકરનું નામ–બધી સિદ્ધ થઈ ગયેલી વાત, (સીમંધર) ભગવાનના મુખે કહેલી. નાના મોઢે આવી વાત લોકોને આકરી લાગે. એકે એક, અક્ષરે અક્ષર સિદ્ધ થયેલી. ભરતક્ષેત્ર જેવું ક્ષેત્ર ! અત્યારે આવો કાળ ! તેમાં આ વાત લોકોને આકરી લાગે.

**

(શ્રાવણ વદ ૨, સં. ૨૦૨૦) અરે ! આ જીવ (બહેનશ્રી ચંપાબેન) તો કોઈ અલૌકિક છે ! વધારે બોલતાં નથી એટલે કંઈ છે નહિ એમ નથી. આ તો ગંભીર દ્રવ્ય છે !

એમનો પુરુષાર્થ તો એવો ફાટફાટ ઊપડેલો છે કે જો એ પુરુષ હોત તો ક્યારના મુનિદીક્ષા લઈ વનજંગલમાં ચાલ્યા જાત, અહીંયાં દેખાત પણ નહિ ; શું કરે, સ્ત્રીનો દેહ છે !

... જેમ માળામાં મણકાનો મેર હોય છે તેમ આ તો આખા મંડળના–મણકાના મેર છે. એમનાથી જ મંડળ શોભે છે. એમનાથી તો બધાં હેઠે, હેઠે ને હેઠે છે.

**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(તા. ૮-૧૧-૬૫) અરે ! એમનાં દર્શનથી તો ભવનાં પાપ કપાય એવો આ જીવ છે. બધા ભાઈઓ એમનાં તળિયાં ચાટે તો ઓછું છે એવું તો આ દ્રવ્ય છે !

**

(તા. ૨૧-૨૨-૬૫) ૨૮ વર્ષ થઇ ગયાં જાતિસ્મરણ થયાંને, પણ બહાર પડવાની જરાય જેને (બહેનશ્રી ચંપાબેનને) વૃત્તિ નથી ઊઠતી–પ્રતિબિંબ જેવાં ઠરી ગયાં છે. જેને પોતાને સાગરોપમ વર્ષોનું જ્ઞાન છે તો પણ ગુપ્ત ! મને પણ નથી કહ્યું. મારી બધી વાત કહી જાય, પણ પોતાની નહિ... એમનો આત્મા કેટલો ગંભીર ! અલૌકિક ! અચિંત્ય ! અદ્‌ભૂત ! – શબ્દો ઓછા પડે છે. આ તો સાગર સમાન ગંભીર છે.

**

પૂજ્ય ગુરુદેવ :– બેન ! લૌકિક જ્ઞાનની (રાજુલના જાતિ સ્મરણજ્ઞાનની) એટલી પ્રસિદ્ધિ, તો તમારો આત્મા તો મહાન છે, તમારી (તમારા જ્ઞાનની) પ્રસિદ્ધિ થવી જોઇએ.

પૂ. બહેનશ્રી :– સાહેબ ! દુનિયામાં પ્રસિદ્ધિ કરીને શું કરવું છે ?

દુનિયાને એમની (બહેનશ્રી ચંપાબેનની) કિમત કયાંથી આવે ? કારણ–કંઇ બોલતાં નથી અને બહારમાં કંઇ કરીને દેખાડતાં નથી. દુનિયાને તો બહારના ચમત્કારની કિંમત છે ને ! એમના અંતરને એ શું જાણે ?

**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(તા. ૨૬-૧૧-૬૫) વિ.સં. ૧૯૯૩, ચૈત્ર વદ આઠમના દિવસે બેનને (બહેનશ્રી ચંપાબેનને) આત્માના શુદ્ધોપયોગરૂપ નિર્વિકલ્પ અનુભવ સાથે ઉપયોગમાં નિર્મળતા થતાં જાતિસ્મરણ થયું. ***સમ્યગ્દર્શન ૮૯માં થયું હતું. ***ધ્યાન કરતાં કરતાં એટલાં એકાગ્ર થઇ જાય છે કે પોતે ભરતમાં છે કે વિદેહમાં એ પણ ભુલાઇ જાય છે. ***અમે સાથે જ મોક્ષ જવાના છીએ. આ વાત બધી પ્રત્યક્ષ થયેલ છે. *** બેનનું (બહેનશ્રીનું) જ્ઞાન તો અગાધ ને ગંભીર છે. ***આ ચંપાબેનનું જ્ઞાન તો રાજુલ કરતાં અનંત અનંત સામર્થ્યવાળું છે. એને તો લૌકિક, પણ આમને તો અલૌકિક જ્ઞાન છે. આત્મજ્ઞાન સહિતનું જાતિસ્મરણ છે... એમને ચાર ભવનું જ્ઞાન છે પણ ગંભીર એટલાં કે કોઇ દિવસ બહાર પાડતાં નથી. મને પણ... પોતાની વાત ન કરે, મારું બધું કહી જાય. બેન તો ભગવતીસ્વરૂપ છે, ભગવતીમૂર્તિ છે. બોલવું તો એમને હરામ છે. કયાં બોલે જ છે ? માટે લોકોને મહિમા આવતો નથી. એમના જેવાં દુનિયામાં કોઇ સ્ત્રી નથી. સ્ત્રીઓનાં મહાભાગ્ય છે કે આવા કાળમાં—આવા મિથ્યાત્વના જોરના કાળમાં એમનો અહીં જન્મ ! એ તો જે બહુમાન કરશે એમનાં મહાભાગ્ય છે.

**

(રાજકોટ, તા. ૩૧-૫-૬૭) સેંકડો વર્ષોમાં નથી થયો એવો આ સ્ત્રી-દેહમાં આત્મા પાકયો છે. સમાજનાં એટલાં પુણ્ય કયાં છે કે આ વાત બહાર મુકાય ? લોકોને જે બોલે છે એની કિંમત આવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, આ નથી બોલતાં માટે એમની કિંમત આવતી નથી. ઓછું બોલે એટલે જાણે કાંઈ આવડતું જ ન હોય એમ લોકો માને.

**

(ફતેપુર, તા. ૩-૧૨-૭૦) બેનને (ચંપાબેનને) તો ચાર ભવનું જ્ઞાન (જાતિસ્મરણ) છે. અસંખ્ય અબજો વર્ષનું જ્ઞાન છે એમને ! આ તો કોઈ અલૌકિક આત્મા છે. ચંપાબેનની શક્તિ તો ગજબ છે. નરમ નરમ નરમ છે. સ્ત્રી-દેહ છે પણ કંઈ સ્ત્રીદેહ થોડો નડે છે ? ૩૪ વર્ષ થયાં એમને જ્ઞાન પ્રગટયાને. સ્ત્રીઓમાં ધર્મરતન છે.

**

(તા. ૧૯-૬-૭૧) બેન (બહેનશ્રી ચંપાબેન) તો આરાધનાની દેવી છે. પવિત્રતામાં આખા ભારતમાં અજોડ છે. એમની છત્રછાયા આખા સોનગઢમાં છે. ઓહો ! બેન તો ભગવતીસ્વરૂપ છે. તારે બીજે કયાં ગોતવા જાવું છે ? એમનાં દર્શન કર ને ! એક વાર ભાવથી જે એમનાં દર્શન કરશે એનાં અનંત કર્મબંધન ઢીલાં થઈ જશે. એમનાં ચરણોમાં જે વિંટાઈને રહેશે. એને ભલે સમ્યગ્દર્શન ન થાય, તત્ત્વનો અભ્યાસ ન હોય, તોય એનો બેડો પાર છે.

**

સુવર્ણપુરીની આ રચના (સીમંધરભગવાન, કુંદકુંદાચાર્ય દેવ ઈત્યાદિની પ્રતિષ્ઠા) એમના વિદેહના જાતિસ્મરણનો ચિતાર છે.

**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બેન તો અણમોલ રતન છે; જો પુરુષ હોત તો એક સેકંડ પણ જુદાં ન પડત.

**

એમના આ ફોટામાં કેટલા ઊંડા ભાવ આવી ગયા છે! ફોટામાં આવા, તો અંદરમાં તો હજી કેટલા ઊંડા હશે?!

**

બેનશ્રીને દીકરી કહું, બેન કહું, ધર્મમાતા કહું કે સાધર્મી કહું, જે કંઈ કહું—બધું છે.

**

ચંપાબેન તો આ કાળનું આશ્ચર્ય છે.

**

સ્ત્રીઓમાં તો કોઈ નહિ, પણ વર્તમાન બધા... કરતાં એમની દશા વધારે છે.

**

નહિ-જેવા માયાના પરિણામમાં અહીં આ અવતાર! નહિ તો એ અહીંયાં હોય જ શેના? પૂર્વના અખંડ બાળબ્રહ્મચારી! એમનો અવતાર જ અહીંયાં કયાંથી?

**

(તા. ૮-૭-૭૧) આજ બેનનો જન્મ દિન છે ને!... બધાંને કેટલો ઉલ્લાસ દેખાય છે; એમને કાંઈ છે? અધ્યાત્મમાં એમની સ્થિતિ ઉદાસ, ઉદાસ ને ઠરેલી છે.

**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(તા. ૧૨-૯-૭૧) બેન (ચંપાબેન)ની નિર્મળતા ઘણી ઘણી ! નિર્મળતા—નિર્મળતા ! અપૂર્વ અપૂર્વ સ્મરણ ! શાંત ને ગંભીર ! બેન તો ધર્મરતન છે. મહાવિદેહમાં ઘણી નિર્મળતા હતી; ત્યાંની નિર્મળતા લઈને અહીંયાં આવ્યાં છે. એકાંતપ્રિય, શાંતિથી એકલાં બેસી પુરુષાર્થ કર્યા કરે છે. એમને કયાં કોઈની પડી જ છે ! કુટુંબનીયે નથી પડી. અંતર સ્વરૂપપરિણતિમાં રહે છે.

**

(તા. ૧૯-૯-૭૧) ઓહો ! બેનના જ્ઞાનની નિર્મળતાની શી વાત કરવી ! ઘણું સ્પષ્ટ જ્ઞાન !... બેન તો જબરી આરાધના કરે છે. એકલાં બેઠાં પોતાનું કામ કર્યા જ કરે છે. ... હવે તો એમને બહાર પાડવાં જ છે. એમનો જયજયકાર થશે, એમની ઘણી જાહોજલાલી થશે, જે જીવશે તે જોશે. અલૌકિક દ્રવ્ય છે, એમની લાઈન જ જુદી છે.

**

(ભા.સુ. ૧૧, સં. ૨૦૨૬) ... બેન બોલે છે તો ઘણું થોડું. દીકરીઓનાં ઘણાં ભાગ્ય છે. જો મૌન રહે તો પણ એનાં દર્શનથી તો લાભ જ છે. ... અમને ઘણા વખતથી ખ્યાલમાં હતું : બેનની ઘણી શક્તિ છે.

**

(કા.વ. ૧૨, સં. ૨૦૨૨) રાજુલને પૂર્વભવનું—ગીતાનું યાદ આવ્યું તે તો સામાન્ય વાત; બેનને (બહેનશ્રીને) તો દ્રવ્યે ને ભાવે બંને પ્રકારે સ્મરણ છે. શુદ્ધ આત્માના જ્ઞાન સહિતનું ઘણું જ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. ભાવસ્મરણ એટલે નિજ શુદ્ધ આત્માનું, અને દ્રવ્યસ્મરણ એટલે આ જીવ પોતે પૂર્વે ક્યાં હતો તે, – તે બંનેનું જ્ઞાન છે. એ તો ભગવતીસ્વરૂપ છે, ભગવતી બેન છે.

**

શ્રી કુંદકુંદ-આચાર્યદેવ વિદેહમાં ગયા હતા તેના કોણ સાક્ષી છે ? સાક્ષી આ ચંપાબેન બેઠાં છે તે છે.

**

બેનની ગંભીરતા તો જુઓ ! બેનના બોલ (વચનામૃત) બહુ ગંભીર છે. બેનને તો ક્યાં બહાર પડવું છે ? માંડ બેનનું પુસ્તક બહાર આવ્યું. બેનનું પુસ્તક તો બહુ સરસ ! બહુ સરસ ! અધ્યાત્મની રુચિ હોય તેને માટે તો બહુ સરસ. આવું ક્યારે બહાર આવે ! બેનને તો વિચાર નહોતો ને બહાર આવી ગયું. જગતનાં ભાગ્ય છે !

**

(તા. ૨૬-૮-૭૨) બેનનો આત્મા તો મંગળમય છે, ધર્મરતન છે. હિંદુસ્તાનમાં બેન જેવાં અજોડ સ્ત્રીઓમાં કોઈ છે નહિ, અજોડ રત્ન છે. બાઈઓનાં તો મહાભાગ્ય છે કે આવું રત્ન મળ્યું છે.

**

(તા. ૧૭-૩-૭૩) આ બેનની તો લાઈન જ જુદી છે. એમનો વૈરાગ્ય, જાતિસ્મરણજ્ઞાન, એમની દશા–બધું જુદું જ છે. એમને ક્યાં કોઈની પડી જ છે ! કોઈ વંદન કરે કે ન કરે, એ ક્યાં કોઈને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુએ જ છે !

**

(તા. ૫-૮-૭૪) ... બેન તો ચૈતન્ય-હીરલો છે, તેને હીરેથી શું વધાવવાં ! તે તો પોતે જ હીરો છે. હું આહાર કરવા તેમના ઘરે ગયો ને મેં કહ્યું કે બેન ! લોકોને ઘણો ઉત્સાહ છે. વજુભાઇ—હિંમતભાઇ ત્યાં બેઠા હતા. બેન કહે : 'હું તો આત્માની સાધના કરવા અહીં આવી છું, આ તો બોજો લાગે છે.' એમને બહારની કાંઇ પડી નથી, જેટલું કરો તેટલું ઓછું છે.

**

(બેનશ્રીને આવતાં દેખીને કહ્યું—) બેન માટે જગ્યા કરો, 'ધર્મની શોભા' ચાલી આવે છે. બેન નથી સ્ત્રી, નથી પુરુષ, તે તો સ્વરૂપમાં છે. ભગવતીસ્વરૂપ એક ચંપાબેન જ છે, તેમની દશા અલૌકિક છે. એ તો અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે.

**

બેનનું પુસ્તક (વચનામૃત) આવ્યું ઘણું ઊંચું સાદી ભાષા, મર્મ ઘણો. અતીન્દ્રિય આનંદમાંથી આવેલી વાત છે. એકલું માખણ ભર્યું છે-એકલો માલ ભર્યો છે. ઘણું ગંભીર ! થોડા શબ્દોમાં ઘણું ગંભીર ! આ તો અમૃતધારાનો વરસાદ છે. વચનામૃત તો બાર અંગનું માખણ છે, સારમાં સાર આવી ગયું છે. 'દ્રવ્યદષ્ટિપ્રકાશ' કરતાં આ પુસ્તક અલૌકિક છે. જગતનાં ભાગ્ય—આવી ચીજ બહાર આવી ! આવાં વચનામૃત કોને ન ગોઠે ? સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથે જોયા તે આ ભાવ છે.

**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ તો બેનનાં અંદરનાં વચન છે ને ! બેનની ભાષા સાદી, પણ અંતરની છે. અનુભવ વિદ્વત્તા માગતો નથી, અંતર અનુંભૂતિ અને રુચિ માગે છે. આ બેનના શબ્દો છે તે ભગવાનના શબ્દો છે. ભાષા ય નવી ને ભાવો ય નવા ! સાદી ભાષામાં અંદર રહસ્ય છે. લાખો પુસ્તકો છપાયાં, મેં કોઈ દિવસ કહ્યું ન હતું ; જયાં આ (વચનામૃત) હાથમાં આવ્યું, (જોયું-વાંચ્યું) ને રામજીભાઈને કહ્યું : ભાઈ ! આ પુસ્તક લાખ છપાવો.

**

(તા. ૬-૯-૭૭) (બહેનશ્રીનાં વચનામૃત) પુસ્તક ટાઈમસર બહાર પડ્યું. બેનને કયાં બહાર પડવું જ છે, પણ પુસ્તકે બહાર પાડયાં. ભાષા સરળ છે પણ ભાવ ઘણા ગંભીર છે. મેં આખું વાંચી લીધું છે. એક વાર નહિ પણ પચીસ વાર વાંચે તોય સંતોષ ન થાય એવું પુસ્તક છે. આ દસ હજાર પુસ્તક છપાવીને બધા હિન્દી-ગુજરાતી 'આત્મધર્મ'ના ગ્રાહકોને ભેટ દેવાં એમ મને થયું.

**

(તા. ૧૬-૯-૭૭) હું કહું છું કે (વચનામૃત) પુસ્તક સર્વોત્કૃષ્ટ છે—આખા સમયસારનો સાર આવી ગયો છે એટલે સર્વોત્કૃષ્ટ છે. આ પુસ્તક બહાર માણસોના હાથમાં જશે તો હિન્દુસ્તાનમાં ડંકો વાગશે. આ પુસ્તક વાંચતાં તો વિરોધી પણ મધ્યસ્થ થઈ જશે-એવી વાત છે. ... જગતને લાભનું કારણ છે. માન મૂકીને એક વાર મુનિઓ (પણ) વાંચે તો એમના લાભનું કારણ છે.

**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(તા. ૧-૧૦-૭૭) પરિણમનમાંથી નીકળેલા શબ્દો છે. બેનને તો નિવૃત્તિ ઘણી. નિવૃત્તિમાંથી આવેલા શબ્દો છે. પુસ્તકમાં તો સમયસારનો સાર આવી ગયો છે – અનુભવનો સાર છે; પરમ સત્ય છે. 'વચનામૃત' એ ચીજ તો એવી બહાર આવી ગઈ છે કે હિન્દુસ્તાનમાં બધી જગ્યાએ બહાર પાડવું જોઈએ.

**

આ બેનનાં વચનો છે તે અનંત જ્ઞાનીનાં વચનો છે. ઈન્દ્રોની સમક્ષ અત્યારે શ્રી સીમંધરદેવ જે ફરમાવે છે તે આ વાણી છે. આ ચોપડી સાધારણ નથી, આમાં તો બહુ ભર્યું છે. ભાષા મીઠી છે, સાદી છે; ભાવો ઊંડા ને ગંભીર છે. દિવ્યધ્વનિનો આ અવાજ છે. અરે ! એક વાર મધ્યસ્થપણે આ વાંચે તો ખરો ! ભગવાને કહેલી જે ૐકાર ધ્વનિ છે એમાંથી નીકળેલો આ સાર બેને કહેલ છે.

**

(સં. ૧૯૯૭) આ કાળનો જોગ અનુકૂળ છે; બેન જેવાંનો આ કાળે અવતાર છે. એ ધર્માત્મા ગૃહસ્થના ભેટા થવા પણ અનંત કાળે મોંઘા છે. ભાઈઓને આ કાળે ધર્માત્મા પુરુષ મળી આવે, પણ આ કાળે બહેનોનાં પણ સદ્‌ભાગ્ય છે.

**

(તા. ૧૭-૯-૮૦) બેનથી બોલાઈ ગયું અંતરમાંથી. ત્યાંથી (વિદેહક્ષેત્રથી) આવેલી વાત છે. બેન ત્યાંથી આવ્યા છે. ... બેન (દીકરિયું પાસે) બોલેલાં ને લખાઈ ગયું, નહિતર તો બહાર આવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ કયાંથી ? (આ બધું) કોતરવાનું છે પથ્થરમાં (આરસનાં પાટિયાંમાં)

**

આ (વચનામૃત) ચોપડી એવી આવી છે કે ગમે તેટલાં શાસ્ત્ર હોય, આમાં એકેય વાત બાકી નથી. થોડા શબ્દોમાં દ્રવ્ય-ગુણ-પર્યાય, વ્યવહાર-નિશ્ચય વગેરે બધું આવી ગયું છે. જગતનાં ભાગ્ય કે આવી સાદી ભાષામાં પુસ્તક બહાર આવી ગયું. વીતરાગતાના ભાવનું રટણ ને લઢણ છે. આખા હિન્દુસ્તાનમાં ઢંઢેરો પિટાશે. જયાં પુસ્તક હાથમાં આવ્યું ત્યાં કહ્યું કે એક લાખ પુસ્તક છપાવાં જોઈએ.

**

બેનને જાતિસ્મરણમાં આવ્યું છે : ભગવાન પાસે સાંભળ્યું છે કે એક એવું સમકિત હોય છે કે જે ક્ષાયિકને જોડે છે,—એવું 'જોડણી ક્ષાયક' હોય છે. એમને ગોઠતું નથી પણ હવે એ થોડું થોડું બહાર પાડીએ છીએ. ... બેનનું પુસ્તક બહુ સરસ છે, એકલું માખણ છે. 'દ્રવ્યદષ્ટિપ્રકાશ' કરતાં પણ ચડી જાય એવું છે. સાદી, સરળ ભાષામાં ઊંચું તત્ત્વ પીરસ્યું છે.

**

(તા. ૧૭-૯-૮૦) આ તો બહેનની ભાષા તદ્દન સાદી અને અંદરથી બોલેલી. આ તો જરીક બોલ્યાં અને લખાઈ ગયું, નહિતર તો બહાર આવે જ કયાંથી ? એકલાં રતન પડયાં છે ! અન્યમતીનેય એમ થાય કે આવું કયાંય નથી. ! હીરાનો ભંડાર છે !

**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(તા. ૧૯-૯-૮૦) અહાહાહા ! બેનની લાયકાત ! ... એ (બેનની આ વાણી) તો કોતરાવાની છે પથ્થરમાં. અઢી લાખ રૂપિયા તે દી (શ્રાવણ વદ બીજે) થઈ ગયા. (વચનામૃતનું) મકાન બનાવવામાં આવશે.

**

(રાજકોટ ઈ.સ. ૧૯૮૦) આ બેનનાં વચનો છે. અંતર આનંદના અનુભવમાંથી આવેલી વાત છે. ઘણું જોર અંદરનું, અપ્રતિહત ભાવના. આત્માનું સમ્યગ્દર્શન અને અતિન્દ્રિય આનંદની અનુભૂતિ–એમાંથી આ વાત આવી છે. આનંદના સ્વાદમાં મડદાની જેમ હાલે. અહાહા ! સચ્ચિદાનંદ પ્રભુ છે બેન ! અંતરની મહત્તા આડે બહારનું કાંઈ લક્ષ જ નથી. અનુભવી, સમકિતી, આત્મજ્ઞાની છે. આત્માનો અનુભવ તો છે પણ સાથે અસંખ્ય અબજ વર્ષોનું જાતિસ્મરણજ્ઞાન છે. પણ લોકોને બેસવું કઠણ પડે.

**

બેન (ચંપાબેન) તો જૈનનાં મીરાંબાઈ છે. ભાનસહિતની ભક્તિ છે, આંધળી દોડ નથી.

**

બેનને તો એક આનંદ આનંદ આનંદ ! ને આખો દી સહજ નિવૃત્તિ ; બસ, બાકી કાંઈ કરતાં કાંઈ નહિ. કોઈ વંદન કરે કે નહિ એની સામે પણ જુએ નહિ. કોઈ સાથે લવથવ નહિ.

**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(તા. ૨૯-૧-૭૮) જેને આનંદમાં જમવટ જામી છે, જેને અતીન્દ્રિય આનંદના કોળિયા લેવાય છે અને જે અતીન્દ્રિય આનંદને ગટક ગટક પીએ છે એવા ધર્મીનુ (—સાધકનું) આ સ્વરૂપ બેનના મુખેથી (વચનામૃતમાં) આવ્યું છે. તદ્દન સાદી ભાષા. પ્રભુના સમોસરણમાં આમ વાત ચાલતી, ભાઈ ! ... અરે ! આ વાત બેસે તે તો ન્યાલ થઈ જાય તેવું છે. જિનેશ્વરદેવનું જે ફરમાન છે તે આ બેન કહી રહ્યાં છે.

**

(તા. ૨૯-૧-૭૮) વચનામૃતના એક એક ફકરામાં, એક એક શબ્દમાં, નિધાન ભર્યાં છે. જેને તળિયાં પકડતાં આવડે તેને અગાધતા લાગે સ્વભાવની. પર્યાયે પ્રભુને સંઘર્યો, આખો જ્ઞાનમાં લઈ લીધો. આ તો સિદ્ધાન્તનું દોહન છે. જગતનાં ભાગ્ય કે આ (બેનનું પુસ્તક) ટાણે બહાર આવી ગયું. થોડા શબ્દોમાં, સાદી ભાષામાં, મૂળ તત્ત્વને પ્રગટ કર્યું.

**

(શ્રાવણ વદ ૨) ચંપાબેન ખરેખર અજોડ રતન છે; તે તો અંદરથી સાવ ઉદાસ છે; તેમને બહારનું આ બધું કાંઈ ગમતું નથી; પણ લોકોને તો ભક્તિપ્રેમથી બહુમાન કરવાના ભાવ આવે ને !

**

(તા. ૭-૧૨-૭૭) બેનના પુસ્તક સિવાય આપણે કોઈમાં પડયા નથી. બેનનું પુસ્તક બહુ સારું આવ્યું... બેનના બોલમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવે છે ને 'બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે !' ઘણું સરસ !

**

બેન તો મહાવિદેહથી આવ્યાં છે. એમના અનુભવની આ (વચનામૃત) વાણી છે. હીરાથી વધાવ્યાં તો ય તેમને કાંઈ નહિ. બેન તો (થોડા ભવમાં) કેવળજ્ઞાની થશે.

**

(તા. ૨૨-૧-૭૮) અમે (સીમંધર) ભગવાન પાસેથી સીધા જ આવ્યા છીએ. આ વચનામૃતમાં ભગવાનની ધ્વનિના મંત્રો ભરાઈ ગયા છે. બેનની (ચંપાબેનની) શી વાત કરવી ! તે તો ધ્યાનમાં ધ્યાનમાં બસ ધ્યાનમાં રહે છે. આનંદ આનંદ આનંદમાં છે. તેમનો દેહ સ્ત્રીનો છે તેથી ખ્યાલ ન આવે.

**

(તા. ૧૯-૯-૮૦) વચનામૃતના એક-એક શબ્દમાં સારો (—પૂરો) સાર ભર્યો છે. વિચારને દીર્ઘપણે લંબાવીને અંતરમાં જા. અહાહા ! બેનની (ચંપાબેનની) કેવી સ્થિતિ છે ! કહે છે— 'આત્મા' બોલતાં શીખ્યા તો અહીંથી (ગુરુદેવ પાસેથી) ! ગજબ છે એમનો વિનય અને નમ્રતા !

**

બેન વિદેહથી આવ્યાં છે. એમને તો અસંખ્ય અબજ વર્ષનું જાતિસ્મરણજ્ઞાન છે. અસંખ્ય અબજ વર્ષની વાત, કાલની આજ દેખાય તેમ દેખાય છે. ... આત્મજાતિનું જ્ઞાન થવું તે યથાર્થ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાતિસ્મરણ છે—અનંત અનંત ગુણોનો નાથ તેનું જ્ઞાન અંદરમાં હોવું તે (પરમાર્થ) જાતિસ્મરણ છે.

**

(તા. ૧૯-૮-૮૦) બેનને ખબર નહિ કે કોઈ લખી લેશે. એમને બહાર પડવાનો જરા પણ ભાવ નહિ. ધર્મરતન છે, ભગવતી છે, ભગવતીસ્વરૂપ માતા છે. (એમનાં આ વચનો) આનંદમાંથી નીકળ્યાં છે. ભાષા મીઠી આવી ગઈ છે.

**

બેન અત્યાર સુધી ગુપ્ત હતાં. હવે ઢાંકયું નહિ રહે– છાનું નહિ રહે. એમનાં વચનો તે ભગવાનની વાણી છે, તેમના ઘરનું કાંઈ નથી—દિવ્ય-ધ્વનિ છે. બેન તો મહાવિદેહથી આવ્યાં છે. આ વચનામૃત લોકો વાંચશે, વિચારશે, ત્યારે ખ્યાલ આવશે આ કેવું પુસ્તક છે ! એકલું માખણ છે.

**

(તા. ૧૯-૨-૭૮) (બેનની) આ વાણી તો આત્માના અનુભવમાં—આનંદમાં રહેતાં રહેતાં આવી ગઈ છે. અમે ભગવાન પાસે પૂર્વે હતા. બહુ ઊંચી વાત છે. અત્યારે આ વાત બીજે કયાંય નથી. બેન (ચંપાબેન) તો સંસારથી મરી ગયાં છે. અપૂર્વ વાત છે બાપુ !

**

બેનનું પુસ્તક તો એવું બહાર પડયું છે કે મારા હિસાબે તો બધાને ભેટ દેવું જોઈએ. બહુ સાદી—બાળક જેવી ભાષા ; સંસ્કૃત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાષા નહિ. બહુ જોરદાર ગંભીર વાતો એમાં છે.

**

અહાહા ! આ આવી ચીજ લોકોનાં ભાગ્યે બહાર આવી ગઈ. પોકાર કર્યો છે એમાં આત્માનો. બેનનો ફોટો છે ઉપર—ઘણો સારો; શાન્ત-શાન્ત !!

**

બેન તો બેન જ છે. એના જેવું બીજું કોઈ નથી. અહીં ક્યાં અમારે કાંઈ છાનું રાખવું છે ! બેન તો અજોડ છે, અકેલા હી હૈ. અમારે ખાનગી-ગુપત છે નહિ.

**

બેનના પુસ્તકમાં બહુ ટૂંકું ને માલ-માલ છે. અન્યદર્શનીઓને પણ ગમે તેવું છે. ... અરે ! એમાં તો તારી મહિમા ને મોટપની વાતો છે. મુનિઓની વાત કેવી લીધી છે !—'મુનિઓને બહાર આવવું એ બોજો લાગે છે.' આ પુસ્તક બહાર આવ્યું એ ઘણું જ સરસ ! અંદર થોડામાં ઘણી વાતો છે.

**

બેન તો એક અદ્‌ભુત રતન પાકયાં છે. શક્તિ અદ્‌ભુત છે. અતીન્દ્રિય આનંદના વેદનમાં એને કાંઈ પડી નથી. હિન્દુસ્તાનમાં એમના જેવો કોઈ આત્મા નથી. આ પુસ્તક બહાર પડયું એટલે કાંઈક ખબર પડે.

**

ચંપાબેન એટલે કોણ ? ! એમનો અનુભવ, એમનું જ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમતા અલૌકિક છે. ... સ્ત્રીનો દેહ આવી ગયો છે. પણ અંતરમાં અતીન્દ્રિય આનંદની લહેરમાં પડયાં છે; એમાંથી વાણી નીકળી છે. — આ, એમની વાણીનું પ્રમાણપણું છે.

**

બેન અલૌકિક ચીજ છે; દેહથી ભિન્ન અને રાગથી ભિન્ન આત્માને અનુભવે છે. એને (બહારમાં) કયાંય મજા પડતી નથી. એ તો અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે.

**

(સં. ૨૦૩૦) (શ્રાવણ વદ ૧૪ના દિને પંડિત શ્રી હિંમતભાઈના ઘરે આહાર કરવા પધાર્યા ત્યારે—)

પૂજ્ય ગુરુદેવ :—'હિંમતભાઈ ! જુઓને, લોકોને કેટલા ભાવ છે બેન ઉપર ! બીજના ટાણે કેટલું બધું માણસ આવ્યું' તું !

પૂ. બહેનશ્રી (અતિ નરમાશથી) :— સાહેબ ! મારે તો આત્માનું કરવું છે. એ તો બધી ઉપાધિ લાગે છે.

પૂજ્ય ગુરુદેવ :— બેનબા ! તમારે શું છે ? તમારે તો બધું જોયા કરવું. મારા હિસાબે તો હજી ઓછું થાય છે. તમારા માટે તો લોકો જેટલું કરે તેટલું થોડું છે.

**

(સં. ૨૦૩૩) એક સ્ત્રીનો દેહ આવી ગયો. નહિતર (બેન) દૂર એક ક્ષણ ન રહે. ... કેટલીક શબ્દની શૈલી તો એમના ઘરની,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિવૃત્તિની છે. સાદી ભાષા બહુ, ચાર ચોપડી ભણેલાને બેસી જાય એવી છે.

**

(તા. ૨૯-૧૧-૭૭) બેનનાં વચનામૃત એ કેવળજ્ઞાનનો કક્કો છે. બે–ચાર વાર નહિ પણ દસ વાર વાંચશે ત્યારે સમજાશે.

**

ઓહો ! સાદી ભાષા, મંત્રો છે મંત્રો. આ તો લાખો શાસ્ત્રોનો નિચોડ છે. લાખો શું ? કરોડ, અનંત શાસ્ત્રોનો આશય સ્વઆલંબન કરાવવું તે છે. લોકો વાંચશે તો અહાહા ! ... બાહુબલીમાં ભટ્ટારકે જોયું તો કહે કે 'મને આપો ; ઓહો ! આવું પુસ્તક !'

**

બેનની (ચંપાબેનની) તો શી વાત કરું ! એમની નિર્મળ દૃષ્ટિ અને નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિ આ કાળે અજોડ છે. એ તો અંદરથી જ ઉદાસ-ઉદાસ છે. તેમને વિષે વિશેષ શું કહું ? અમારે મન તો તે ભારતનું ધર્મરતન, જગદમ્બા, ચૈતન્યરત્ન, ધર્મમૂર્તિ છે, હિન્દુસ્તાનનો ચળકતો તારો છે.

**

(જામનગર, એપ્રિલ–૭૯) બેનને અસંખ્ય અબજો વર્ષનું જ્ઞાન છે–૯ ભવનું જ્ઞાન છે (–૪ ભૂતના, ૪ ભવિષ્યના). બેન તો ભગવાન પાસેથી આવ્યાં છે. અનુભવમાંથી આ વાત આવી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉદયભાવથી તો મરી ગયાં છે, આનંદથી જીવે છે. પરમાત્મા પાસેથી આવ્યાં છે. સાક્ષાત્ પરમાત્મા ત્રણ લોકના નાથ બિરાજે છે સીમંધરભગવાન, ત્યાં અમે સાથે હતા. શું કહીએ પ્રભુ ! સીમંધર પરમાત્મા પાસે ઘણી વાર જતા હતા. તે ભગવાનની આ વાણી છે. બેન તો આનંદસાગરમાં...

**

આ કથા-વાર્તા નથી, ભાગવત કથા છે. પરમાત્માની વાણીના ઈશારા છે. તેનો અનુભવ કરે તેને ખબર પડે. ... બેન તો ભગવતી માતા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેનની**
**નિજાનંદવેદન સંબંધી નોંધ**
(પોતાના હસ્તાક્ષરમાં)

૧૯૮૯

વાંકાનેર, આનંદનો દિવસ

ફાગણ વદ દશમીને સોમ
વારે બપોરે સામાયિકમાં નિજ
સ્વરૂપ અનુભવ્યું. અનંતકાળ
થી નહિ સમજાયેલું
સ્વરૂપ સમજાયું. આનંદ સાગર
ઉછળી રહ્યા હતા. તે સ્વરૂપ
આશ્ચર્યકારી અને અદ્ભુત
છે.

પરમ ઉપકારી પરમ
પ્રતાપી સદ્ગુરુદેવને
નમસ્કાર.

## ફાગણ વદ દશમના માંગલિક દિવસે થયેલી સ્વાનુભૂતિ સંબંધી નોંધ

(પોતાના હસ્તાક્ષરમાં)

વાંકાનેર, ૧૯૮૯ ફાગણ વદ દશમનો
અપૂર્વ દિવસ
ચૈત્રમાસે
(ગુજરાતી)
સ્વ સ્વરૂપનું સહજ સાધનાં ફાગણ
જ્ઞાતાધારાની વૃદ્ધિ હતા.
વદ દશમને સોમવારે બપોરે તે સ્વરૂપનું
ધ્યાન થતાં તેમાં એકાગ્ર થતાં તે સ્વરૂપ
માં ઊંડા ઊતરતાં એ આત્મા ઉપયોગ પર સહજ ધારા
છૂટી પડી પોતાના સ્વ સ્વરૂપમાં
સ્થિર થઈ ચૈતન્ય ભગવાન તે સ્વરૂપ-
ને અનુભવતા હતા. પોતાના નિર્વિકલ્પ
સહજ સ્વરૂપમાં ખેલી રહ્યા હતા,
રમી રહ્યા હતા. અનુપમ ને અદ્ભુત
એવા આત્મદ્રવ્યનો મહિમા કોઈ અપા-
ર છે. ચૈતન્યદેવ આનંદ સંતોષમાં ડોલતા હતા.

અહો! અનંતકાળથી ભૂલાયેલા
આત્મ ભગવાન પ્રગટ કર્યા. તેનો
ભૂલાયેલો એવો અનુપમ અમૃત
સ્વાદ ચખાડ્યો, અનુભવાવ્યો.

તે હે આ સદ્ગુરુદેવ આપનો જ
પ્રતાપ છે.

અપૂર્વ આત્મસ્વરૂપ પ્રગટ્યું તે
પરમ કૃપાળુ સદ્ગુરુદેવનો જ
પ્રતાપ છે.

ભારતખંડમાં અપૂર્વ મુક્તિમાર્ગ
પ્રકાશનાર પરમ ઉપકારી
ગુરુદેવને નમસ્કાર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# અધ્યાત્મ-અમૃતસરિતા

આ વિભાગમાં, વૈરાગ્યમૂર્તિ આત્મજ્ઞાની પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં નાની વયનાં સ્વાનુભવરસભીનાં કેટલાંક લખાણોમાંથી થોડાંક અવતરણો વીણીને આપવામાં આવ્યાં છે. આ અવતરણોનું ઊંડાણથી અવલોકન કરતાં આત્માર્થના અભ્યાસીને તેમની અંતરંગ પરિણતિનો — સહજ જ્ઞાન, વૈરાગ્ય, ઉપશમ, ઉદાસીનતા, નિર્વિકલ્પ આત્માનુભવ, સતત વર્તતી જ્ઞાતાધારા, સ્વરૂપસ્થિરતાની સહજ પરિણતિ વગેરેનો અદ્‌ભુત મહિમા અંદરથી જરૂર આવશે. આ અવતરણો ખરેખર અધ્યાત્મ-અમૃતસરિતા જ છે. આત્માર્થી જીવોએ તેનું વાંચન તથા તેના ઉપર ગહન વિચાર-મનન અવશ્ય કરવા યોગ્ય છે અને એમ કરવાથી જરૂર અપૂર્વ આત્મ-લાભ થશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# અધ્યાત્મ - અમૃત - સરિતા

## પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના હૃદયમાંથી પ્રવહેલી

હે શ્રી વીતરાગ ! હવે તો તમારાં ચરણકમળ સેવવાની બહુ ભાવના થઇ જાય છે.

સ્વરૂપ સિવાય કાર્મણ કોથળીના નિમિત્તે પ્રગટ થતો સમસ્ત શુભાશુભ પરભાવ તે બોજારૂપ ને ઉપાધિરૂપ છે. તેના પ્રત્યે કેટલીક વાર સહજપણે વિશેષ ઉદાસીનતા આવી જાય છે; ને તે પ્રત્યે થાક લાગી–તે પ્રવૃત્તિથી અને તે પરિણતિથી થાક લાગી–ચૈતન્યપ્રભુ તેનાથી વિશેષ ઉદાસીન થઇ સ્વ સ્વરૂપમાં સહજપણે વિશેષ સ્થિત થાય છે.

અંતરંગ સ્થિતિ આવી હોવાના કારણે કેટલીક વાર બાહ્ય સંગપ્રસંગ પ્રત્યે પણ ઉદાસીનતા આવી જાય છે, ને તે બાહ્ય સંગપ્રસંગ ઉપાધિરૂપ ને બોજારૂપ લાગે છે. તેમાં પણ અપ્રશસ્ત પરિચય વિશેષે કરી અરુચિકર લાગે છે; કારણ કે તેને પોતાની આત્મસ્થિતિ સાથે મેળ નથી.

પ્રશસ્ત પરિચયમાં કેટલાક સંગપ્રસંગો પ્રવૃત્તિરૂપ લાગવાથી તે પણ ઉપાધિરૂપ ને બોજારૂપ લાગે છે. અધૂરાશને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લઈને તે પ્રસંગોમાં ઊભું રહેવાય છે, પરંતુ ઉપયોગ ત્યાંથી પાછો વળે છે.

જે કાળે અસંગદશાએ એકાંતવાસમાં મુનિવરો વિચરતા હશે તે કાળને ધન્ય છે.

આ કાળે, આ ક્ષેત્રે આપણા જન્મ તે કેટલાંક સાધનોની દુર્લભતા બતાવે છે; તો પણ અસીમ ઉપકારી, અપૂર્વવાણીપ્રકાશક, અપૂર્વ એવા કહાનગુરુદેવ આ કાળે મળ્યા છે તે મહાભાગ્ય છે. તેમને કારણે આત્મસાધનાની સુલભતા છે.

જ્યારે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ સ્વરૂપસાધક આત્માઓનો સમાગમ થવારૂપ પરિણમશે ત્યારે તે પ્રાપ્તિ થવારૂપ યોગ બનશે.

જ્યાં પૂર્ણતા નથી ત્યાં દેવ, ગુરુ અને તેમની વાણી તરફનો પ્રશસ્તભાવ આવ્યા વગર રહે નહિ.

* — ૧૯૯૧

... જે સર્વ સંયોગોનો સાક્ષી છે તેને આવા સાધારણ પ્રસંગ શા હિસાબમાં છે ? તો પણ સાક્ષીપણાની પૂર્ણતા નહિ હોવાથી અપૂર્ણતા હોવાથી કોઈ કોઈ વાર વિભાવરૂપ રાગદ્વેષની પરિણતિમાં ઉપાધિનો બોજો લાગી આવે છે.

— સર્વથા સર્વ પ્રકારે તીવ્રતાએ નિવૃત્ત સ્વરૂપને ઈચ્છનાર
(સર્વથા સર્વ પ્રકારે તીવ્રતાએ સમાધિસ્વરૂપને ઈચ્છનાર)

— ૧૯૯૨

**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાંચન, વિચાર તથા સ્વરૂપસ્થિતિ અંતરંગ આત્મવીર્ય ઊપડે છે તે પ્રકારે થયા કરે છે.

સાધકોની દશા જગતથી નિરાળી હોય છે. કોઇ કોઇ વાર સ્વરૂપમાં સહજપણે—નિર્વિકલ્પપણે ઠરી જાય છે; અને વળી બહાર આવે છે ત્યારે પણ ભેદજ્ઞાનની—જ્ઞાતાધારાની—સહજ સમાધિ પરિણમતી હોય છે. સ્વરૂપમાં લીન થાય છે ત્યારે આત્માના અચિંત્ય અનંત ગુણપરિણમનના તરંગોને વેદે છે. એમ થતાં થતાં, સાધકધારા વધતાં વધતાં મુનિપણાની દશા પ્રગટતાં, મુનિપણું આવે છે, અને ક્રમે કરી શ્રેણી માંડીને કેવળજ્ઞાન પ્રગટાવે છે, સ્વપરપ્રકાશક-સ્વભાવવાળું જ્ઞાન પૂર્ણપણે પરિણમે છે, આનંદ આદિ અનંત ગુણ પૂર્ણપણે પરિણમે છે. તે દશાને ધન્ય છે, વારંવાર ધન્ય છે.

સુખ ને આનંદ સ્વરૂપમાં છે, વિભાવ બધો દુઃખરૂપ ને ઉપાધિ રૂપ છે.

— ૧૯૯૩

*

સૂક્ષ્મ ને તીક્ષ્ણ શ્રુતશૈલીથી, ચારે પડખેથી દિવ્ય અમૃતધોધ વરસાવનાર અદ્ભુત ગુરુદેવનાં ચરણકમળમાં નમસ્કાર હો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂજ્ય ગુરુદેવે સમયસાર અદ્ભુત ને અપૂર્વ રીતે સમજાવ્યું છે. એમ થઇ જાય છે કે—વાહ ! ગુરુદેવ વાહ ! મન-વચન-કાયા આપની ચરણસેવામાં અર્પણ કરીએ તો પણ ઓછું છે એમ આજે ભાવના થઇ જતી હતી. અહા ! સમયસારમાં કોઇ અદ્‌ભુત રહસ્ય ભર્યું છે. પણ જ્ઞાન ક્રમપૂર્વક ને અધૂરું હોવાથી એક સાથે પૂરા ને પ્રગટ ઉપયોગાત્મકપણે બધાં રહસ્યો જાણી શકાતાં નથી. તેથી એવી ભાવના થઇ જાય છે કે હે પ્રભુ ! કોઇ એવી શક્તિ કે પરિણમન પ્રગટો કે જેથી સર્વાંશે જ્ઞાનસ્વરૂપ પોતે જ, સહજ જ્ઞાનરૂપે, પ્રગટ ઉપયોગાત્મકરૂપે, પૂર્ણાંશે પરિણમી જાય.

દ્રવ્યદષ્ટિથી દ્રવ્ય પરિપૂર્ણ છે; પર્યાયમાં અધૂરાશ છે.

પુરુષાર્થ દ્વારા—ચૈતન્યનો જે વીર્ય ગુણ છે તે દ્વારા—સાધકપણાની શ્રેણી વધે છે ને સાધ્ય પૂરું થાય છે. પર્યાયની પૂર્ણ નિર્મળતા થાય છે—તે ભેદ-અપેક્ષાની વાત છે. અભેદદ્રષ્ટિએ અખંડ ગુણના પિંડસ્વરૂપ પોતે જ પરિણમીને પુરું થાય છે. ભેદ-અભેદ વસ્તુસ્વભાવ અદ્‌ભુત છે !

પૂર્ણ સહજ સ્થિતિ જ જોઇએ છે. — ૧૯૯૩

*

વિભાવપરિણતિના પ્રશસ્ત તરફના પ્રવૃત્તિયોગમાં વાંચન, વિચાર વગેરેનું પ્રવર્તન છે; અભ્યંતરમાં—નિવૃત્તિયોગમાં—સર્વ વિભાવથી જુદા એવા નિવૃત્ત સ્વરૂપમાં સહજસ્વરૂપે પરિણતિનું પ્રવર્તન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બાહ્ય સંયોગોની, અસ્થિર પરિણતિમાં અસર અમુક અંશે સ્થિતિપ્રમાણે થાય છે; જ્ઞાયકની પ્રતીતિરૂપ જુદી જ્ઞાયકપરિણતિમાં અસર નથી, હોવાયોગ્ય નથી. સ્થિરપરિણતિમાં અમુક અંશે સ્વરૂપસમાધિ હોવાયોગ્ય છે, ને તેમ જ છે.

– ૧૯૯૩

*

અનુભવપ્રકાશના આખા પુસ્તકમાં 'અનુભવ જ' હોવાયોગ્ય છે. 'અનુભવ' વાંચતાં, સાંભળતાં પ્રશસ્ત ઉલ્લાસ આવી જવા યોગ્ય છે ને આત્મપરિણતિને લાભ થવા યોગ્ય છે. તે શ્રી ગુરુદેવનો પરમ પ્રતાપ છે. ગુરુદેવની વાણી અદ્‌ભુત, સૂક્ષ્મ ને ઊંડાં રહસ્યોથી ભરેલી છે. ગુરુદેવ આ ભરતખંડમાં અદ્વિતીય રત્ન જાગ્યા છે—જેમના દિવ્ય ચૈતન્ય વડે અને જેમની દિવ્ય વાણી વડે આ ભરતક્ષેત્રમાં ઘણા ઘણા જીવોનો ઉદ્ધાર થયો છે. જેમણે, પોતે ઉગ્ર પુરુષાર્થ વડે અપૂર્વ તત્ત્વને સ્વયં જાતે પ્રગટ કરી, હિન્દુસ્તાનના ઊંઘતા જીવોને જાગ્રત કર્યા છે, હિન્દુસ્તાનમાં છુપાયેલા આત્મતત્ત્વને પોતે પ્રગટ કરી, અગણિત જીવોનો ઉદ્ધાર કર્યો છે એવા ગુરુદેવનાં ચરણકમળમાં વારંવાર પરમ ભક્તિથી નમસ્કાર, નમસ્કાર.

આંગણે બિરાજતા આવા ગુરુદેવની સમીપપણે મન-વચન-કાયાએ કરી ચરણસેવા નિરંતર હો, નિરંતર હો.

મહાભાગ્યે આવા ગુણસમૂહ જ્ઞાનમૂર્તિ શાન્તિદાતા ગુરુદેવ સાંપડયા છે. ધન્ય છે આ ક્ષેત્રને, ધન્ય છે આ દેશને !

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશસ્ત કે અપ્રશસ્ત સર્વ પરિણતિ ઉપાધિસ્વરૂપ છે. સર્વના સાક્ષીરૂપ વેદનપરિણતિ તે સમાધિરૂપ છે તથા સ્વરૂપસ્થિરતા તે સમાધિરૂપ છે.

પ્રતીતિરૂપ એવી જ્ઞાતાની જ્ઞાતારૂપ વેદનપરિણતિમાં સ્થિરતાને વધારતો વધારતો સાધક સાધ્યરૂપે પૂરો થાય છે, પર્યાયની પૂર્ણ નિર્મળતા થાય છે. દ્રવ્ય તો અનાદિ-અનંત પરિપૂર્ણ શુદ્ધતાથી ભરપૂર છે. શુદ્ધાત્મામાં સ્વરૂપરમણતા વધતાં વધતાં આત્મ-ઉપયોગ પરલક્ષથી સર્વથા છૂટીને પોતાના કૃતકૃત્ય સ્વરૂપને વ્યક્ત કરે છે, સ્વરૂપમાં આવીને, તેની સાથે એકમેક થઈને, સર્વાંશે જોડાઈ જાય છે.

આવા અદ્‌ભુત સ્વરૂપને પ્રાપ્ત એવા શ્રી વીતરાગદેવને ને તે વીતરાગ સ્વરૂપને વારંવાર નમસ્કાર છે. — ૧૯૯૪

*

સ્વરૂપપરિણતિમાં યથાશક્તિ સ્વરૂપસ્થિતિ થયા કરે છે. પ્રશસ્ત યોગમાં વાંચન-વિચાર યથાશક્તિ, જે પ્રકારે વીર્યપરિણતિ ઊપડે છે તે પ્રકારે, થયા કરે છે.

જ્ઞાનપર્યાય સંપૂર્ણ પ્રગટ થઈને, પુરુષાર્થ દ્વારા એકલી સ્વ-આશ્રયરૂપે ને સાવ સહજ પરિણમશે ત્યારે ધન્ય થશે.

જ્ઞાયકની જ્ઞાતારૂપે 'અડોલ' પરિણતિ વધતાં વધતાં સર્વાંશે સૂક્ષ્મ અડોલતા પ્રાપ્ત થશે તે દિવસ ધન્ય થશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અહા ! ધન્ય છે તે સંપૂર્ણ અડોલ પરિણતિને કે જ્યાં પરની અસર, સૂક્ષ્મ પણ, સર્વ પ્રકારે સહજ છૂટી, એકલો સાક્ષીસ્વભાવ, વીતરાગસ્વભાવ, અચિંત્ય ને અદ્ભુત એવું આત્મદ્રવ્ય પોતાના સ્વભાવોને—તરંગોને વેદી રહ્યું છે, તેમાં પરિણમી રહ્યું છે, કોઇ અદ્ભુતતામાં ખેલી રહ્યું છે !

— ૧૯૯૩

*

હવે તો વિભાવના બધા વિકલ્પથી છૂટીને વીતરાગપર્યાયે પરિણમશું ત્યારે ધન્ય થશે ! હજારો મુનિઓનાં ટોળાં જે કાળે વિચરતાં હશે તે પ્રસંગને ધન્ય છે ! તેવા કાળે મુનિપણું લઇ ઘડીમાં અપ્રમત્ત, ઘડીમાં પ્રમત્ત—એવી દશાને સાધી વીતરાગપર્યાયે પરિણમશું ત્યારે ધન્ય થશે ! અત્યારે પણ જેમ બને તેમ પુરુષાર્થ વધારી નિર્મળ પર્યાયને વિશેષ વિશેષ પ્રગટ કરવી તે જ શ્રેયરૂપ છે. — ૨૦૦૩

# 'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ'

(પહેલી આવૃત્તિના)

★ પ્રકાશન-હર્ષોલ્લાસમાં આવેલ દાનરાશિ ★

## રૂ. ૧૦,૦૦૧

આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ તથા શ્રી સુશીલાબેન હિંમતલાલ શાહ, સોનગઢ

## રૂ. ૧,૧૧,૧૧૧

શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી-પરિવાર, મુંબઈ

શ્રી વિમળાબેન સારાભાઈ શાહ-પરિવાર, મુંબઈ

## રૂ. ૧,૦૦,૦૦૧

શ્રી પુષ્પાબેન મનસુખલાલ દોશી-પરિવાર, મુંબઈ

## રૂ. ૫૧,૧૧૧

શ્રી રંભાબેન પોપટલાલ વોરા, હા. શ્રી હસમુખભાઈ વોરા, મુંબઈ

## રૂ. ૫૧,૦૦૧

શ્રી શારદાબેન શાંતિલાલ શાહ-પરિવાર, મુંબઈ

શ્રી ભીખાલાલ મગનલાલ શાહ, હા. શ્રી હીરાભાઈ, સોનગઢ

## રૂ. ૨૫,૦૦૧

શ્રી સંઘવી ભાઈઓ, કલકત્તા-મુંબઈ-મદ્રાસ

## રૂ. ૨૧,૦૦૧

શ્રી શારદાબેન મયાભાઈ-પરિવાર, મુંબઈ

## રૂ. ૧૫,૦૦૧

શ્રી લલિતાબેન વ્રજલાલ શાહ-પરિવાર, જલગાંવ

શ્રી રસિકલાલ જગજીવનદાસ શાહ, હા. કમલેશ તથા અજય, સુરેન્દ્રનગર

## રૂ. ૧૧,૧૧૧

બ્ર. ચંદુભાઈ તથા તારાબેન ઝોબાળિયા, સોનગઢ

શ્રી હિંમતલાલ છોટાલાલ ઝોબાળિયા-પરિવાર, હા. બ્ર. જશીબેન, સોનગઢ

શ્રી જયકુમારજી જૈન, દિલ્હી

શ્રી ચંપાબેન ઉમરાવપ્રસાદ જૈન, હા. બ્ર. આશાબેન, કુ. સ્વાધીન, પ્રકાશભાઈ તથા અમરભાઈ, ખંડવા

## રૂ. ૧૧,૦૦૧

શ્રી ચિમનલાલ ઠાકરશી મોદી તથા ગિરધરલાલ ઠાકરશી મોદી, મલાડ

શ્રી મધુરભાઈ મહેતા,

શ્રી શાંતિભાઈ દલીચંદ શાહ, હા. અંજનભાઈ, મુંબઈ

શ્રી કસ્તૂરીબેન પોપટલાલ શાહ, હા. બ્ર. નિર્મળાબેન તથા બ્ર. લતાબેન, સોનગઢ

## રૂ. ૧૦,૦૦૧

શ્રી વ્રજલાલ જેઠાલાલ શાહ, હા. જિતુભાઈ, ઘાટકોપર

શ્રી ચંદ્રમણિબેન મણિલાલ શાહ તથા બ્ર. કંચનબેન મગનલાલ ચુડગર, સોનગઢ

શ્રી વિકાસભાઈ મણિલાલ શાહ તથા ડૉ. જયશ્રીબેન વિકાસભાઈ શાહ, ભાવનગર

બ્ર. કોકિલાબેન તથા શ્રી રૂપાબેન ખારા, સોનગઢ

શ્રી પ્રભાબેન દામોદરભાઈ મોદી, હા. બ્ર. નીલાબેન, બ્ર. તરુબેન તથા યોગેશભાઈ, સોનગઢ

શ્રી શ્યામાબેન શીતાબચંદ્રજી જૈન, હા. બ્ર. વીણાબેન, ખંડવા

બ્ર. શારદાબેન તથા બ્ર. સુશીલાબેન, સોનગઢ

શ્રી મુક્તાબેન નવલચંદભાઈ શાહ, સોનગઢ

શ્રી લીલાબેન ધીરજલાલ બોરડિયા, મુંબઈ

બ્ર. ચંદ્રાબેન ખંડવાવાળા, સોનગઢ

શ્રી ઉમરાવબેન હુકમચંદ જૈન, હા. બ્ર. સુબોધબેન

શ્રી ધીરજલાલ નરોત્તમદાસ શાહ, મુલુન્ડ

ડૉ. શ્રી પ્રવીણભાઈ દોશી, રાજકોટ

બ્ર. કુંદનબેન તથા સરલાબેન સોલિસિટર, સોનગઢ

## રૂ. ૭,૦૦૧

શ્રી પ્રભાબેન ચિમનલાલ ડેલીવાલા, હા. બ્ર. ઈંદુબેન તથા નિરંજનભાઈ, સુરત

શ્રી કાંતાબેન હિંમતલાલ ડેલીવાલા-પરિવાર

## રૂ. ૫,૫૫૫

શ્રી કુસુમબેન નવનીતભાઈ દોશી, સોનગઢ

શ્રી શશીબેન લક્ષ્મીચંદજી જૈન, હા. જ્ઞાનેશ તથા સુનીતા, સોનગઢ

## રૂ. ૫,૦૦૫

શ્રી ચંપાબેન પોપટલાલ ગોસળિયા, હા. તારાબેન કપૂરચંદભાઈ કોઠારી, નંદરબાર

## રૂ. ૫,૦૦૧

શ્રી હરિભાઈ પરબતભાઈ પટેલ, તથા શ્રી શાંતાબેન હરિભાઈ પટેલ, સુરત

શ્રી નિર્મળાબેન કઁવરચંદ, સનાવદ

શ્રી મમતાબેન આનંદકુમાર જૈન, હૈદરાબાદ

શ્રી પવનકુમાર જૈન, સોનગઢ

શ્રી મંજુલાબેન ધીરજલાલ ડેલીવાલા, મલાડ

શ્રી છોટાલાલ રાયચંદ ખંધાર-પરિવાર, હા કાંતાબેન, સોનગઢ

બ્ર. રંજનબેન ધીરજલાલ ઝોબાળિયા તથા શ્રી જસ્મીનાબેન, સોનગઢ

શ્રી ભોગીલાલ ચત્રભુજ દોશી-પરિવાર, ઘાટકોપર

શ્રી દીપિકાબેન પ્રેમચંદજી ગંગાવત, ઉદૈપુર

શ્રી મંજુલાબેન પ્રેમચંદ ઊજમશી શાહ, સોનગઢ

શ્રી પરશોત્તમદાસ ઓઘડદાસ કામદાર, હા. ધનલક્ષ્મીબેન, સોનગઢ

શ્રી કેશવલાલ ખીમચંદભાઈ શાહ, હા. રમેશભાઈ તથા ભાઈઓ, પાર્લા

શ્રી લલિતાબેન પાનાચંદભાઈ અજમેરા હા. બ્ર. ગુણીબેન તથા સુધાબેન ધીરજલાલ દેસાઈ, અડતાળા

શ્રી પન્નાદેવી માંગીલાલજી જૈન, આગ્રા

શ્રી કિરણભાઈ હરખચંદભાઈ શાહ, નાયરોબી

એક મુમુક્ષુભાઈ, હા. જિતુભાઈ વી. શાહ, મુંબઈ

શ્રી પૂરીબેન શિવલાલ ગાંધી, મલાડ.

શ્રી મીનાબેન વિનોદભાઈ શાહ, જમશેદપુર

## રૂ. ૩,૦૦૧

શ્રી કેશવલાલ વ્રજલાલ કોઠારી, મુંબઈ

શ્રી શારદાબેન કોદરલાલ દોશી, હા. કુમુદભાઈ, સોનગઢ

## રૂ. ૨,૬૦૧

શ્રી જ્ઞાયકરાજ તથા આરતી સુવિધિકુમાર વારિયા, હા. હસમુખભાઈ ગાંધી, સુરેન્દ્રનગર

શ્રી ઊર્મિલાબેન હસમુખલાલ ગાંધી, સોનગઢ

## રૂ. ૨,૫૦૧

બ્ર. તારાબેન ભૂપતલાલ દોશી, સોનગઢ

શ્રી બાબુભાઈ નાનજીભાઈ શાહ, હા. જિનેન્દ્રભાઈ, ઘાટકોપર

શ્રી પ્રભુલાલ મોહનલાલ ધીયા, હા. શાંતાબેન રાજકોટ

## રૂ. ૨,૧૦૧

શ્રી નગીનદાસ હિંમતલાલ ડગલી, મલાડ

## રૂ. ૨,૦૦૧

શ્રી મંજુલાબેન શિવલાલ ડગલી તથા શિવલાલ વીરચંદ ડગલી, બોટાદ

શ્રી સરોજબેન પ્રતાપરાય શાહ, નાગપુર

શ્રી ભોગીલાલ લાલચંદ શેઠ, હા. મહેશભાઈ, મલાડ

શ્રી ધીરજલાલ ફૂલચંદ તંબોળી, ભાવનગર

શ્રી સમકિતકુમાર રાજાબહાદુર, ખંડવા

શ્રી બાબુલાલ માણેકલાલ શાહ, ખાર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## રૂા. ૧,૧૧૧

શ્રી નીતાબેન કીરિટભાઈ દોશી, હા. ચંપકભાઈ સંઘવી, મુંબઈ

શ્રી અશોકભાઈ સુખમાલજી, દિલ્હી

શ્રી હસમુખભાઈ ફૂલચંદભાઈ દોશી, હા. ઈંદુબેન, સિકન્દરાબાદ

શ્રી જયપાલજી જૈન, દિલ્હી

## રૂા. ૧,૧૦૧

શ્રી શામજીભાઈ ભાણજીભાઈ શાહ, ગોરેગાંવ

શ્રી અમૃતબેન પ્રેમજીભાઈ જૈન, મલાડ

શ્રી આરતી અતુલ જૈન, મલાડ

## રૂા. ૧,૦૦૧

શ્રી ધાર્મિક દીપકભાઈ અજમેરા, નાગપુર

શ્રી જ્યોતિબેન મહાસુખભાઈ દોશી, ઘાટકોપર

ડૉ. સ્મિતા, ડૉ. ભરતભાઈ શાહ, હા. રિદ્ધિ તથા સુજય, અમદાવાદ

શ્રી કાંતિલાલ હરિલાલ શાહ તથા સ્વ. કાંતાબેન કાંતિલાલ શાહ, કાંદિવલી

શ્રી નિરંજન કાંતિલાલ શાહ, કાંદિવલી

શ્રી દીપક કાંતિલાલ શાહ, કાંદિવલી

શ્રી કાર્તિક નિરંજન શાહ, કાંદિવલી

શ્રી લતા નિરંજન તથા શિલ્પા દીપક શાહ અને બાળકો, કાંદિવલી

શ્રી ભવ્યેશકુમાર સુરેશચંદ્ર ફોટોગ્રાફર, હા. સુંદરબેન પારેખ, વડોદરા

શ્રી ઝવેરીબેન ત્રંબકલાલ ઘડિયાળી, હા. બ્ર. નીલાબેન, સોનગઢ

શ્રી ચંદ્રિકાબેન અમૃતલાલ ઝોબાળિયા, હા. બ્ર. રંજનબેન ઝોબાળિયા

શ્રી ચંદુલાલ શિવલાલ સંઘવી-પરિવાર, હા. હસમુખભાઈ, અમદાવાદ

શ્રી બ્ર. રમેશચંદ્ર તથા બ્ર. નિર્મળાબેન, મલકાપુર

શ્રી કિશોરભાઈ ધીરજલાલ ઝોબાળિયા, હા. રેખાબેન, બોરીવલી

શ્રી શીલાબેન યોગેશભાઈ મોદી, હા. ચિદ્રુપ અમદાવાદ

શ્રી કલાવતીબેન મૂલચંદભાઈ, કલકત્તા

શ્રી શાંતિભાઈ ઠાકરશી મોદી, ઘાટકોપર

શ્રી શૈલેષભાઈ શાહ, બોરીવલી

શ્રી ધીરજલાલ કૃપાશંકર મહેતા, મલાડ

મંજુલાબેન રમણીકલાલ શાહ, ભાવનગર

શ્રી વિરાટભાઈ વોરા, અમદાવાદ

શ્રી ઉપનગર દિ. જૈન મુમુક્ષુમંડળ, મલાડ

શ્રી ઘાટકોપર દિ. જૈન મુમુક્ષુમંડળ, ઘાટકોપર

શ્રી આદિનાથ-કુંદકુંદ-કહાન ટ્રસ્ટ, ખંડવા

શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર, રાજકોટ

શ્રી વિમળાબેન શાંતિલાલજી જૈન, ખંડવા

શ્રી વ્રજલાલ ભાઈલાલ ડેલીવાલા, સુરત

શ્રી મોહનલાલ બેચરદાસ મોદી, મુંબઈ

શ્રી મકળાબેન હરગોવિંદદાસ ગોપાણી, સોનગઢ

શ્રી રસિકલાલ વરધીલાલ મસાલિયા, હા. જ્યોત્સ્નાબેન, દાદર

## રૂા. ૫૦૧

શ્રી અનંતરાય ચુનિલાલ શાહ, હા. લાભુબેન, અમદાવાદ

શ્રી શાંતાબેન ટોળિયા, સોનગઢ

શ્રી પ્રભાબેન મનુભાઈ શાહ, હ. સંગીતાબેન, સોનગઢ

શ્રી સોનાબેન તથા બ્ર. સુશીલાબેન કચ્છી, સોનગઢ

સૂરજબેન ધરમશી મણિયાર, હ. બ્ર. શાંતાબેન મણિયાર, સોનગઢ

શ્રી અનિલભાઈ પુનાતર, પાર્લા

શ્રી મનસુખલાલ જાદવજી કોઠારી, સોનગઢ

શ્રી જગજીવન બાઉચંદ દોશી, હ. બ્ર. ઉષાબેન, સાવરકુંડલા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

બ્ર. મુક્તાબેન જગજીવનદાસ દોશી, સોનગઢ
શ્રી ગુણમાલા પૂનમચંદ, હ. બ્ર. વિમળાબેન, મલકાપુર
શ્રી અનોપચંદ ગુલાબચંદ શાહ, હ. પંકજભાઈ, મલાડ
શ્રી સવિતાબેન મનુભાઈ શાહ, સોનગઢ
શ્રી પ્રકાશભાઈ મનસુખલાલ જૈન, મલાડ
શ્રી વ્રજલાલ મગનલાલ મહેતા, હ. નીરૂબેન, સોનગઢ
શ્રી નંદલાલ પ્રાગજીભાઈ મહેતા, હા. કલાબેન, ઉમરાળાવાળા
શ્રી ધીરજલાલ વાડીલાલ સંઘવી, મદ્રાસ
શ્રી રસિકલાલ અમરચંદ ડગલી, ઘાટકોપર
શ્રી વિકાસચંદ્ર દિનેશચંદ્ર શાહ, અમદાવાદ
શ્રી ચંદ્રાબેન મનુભાઈ કામદાર, પાલીતાણા
શ્રી ચંદ્રકાંત મહાસુખલાલ મણિયાર, હ. બ્ર. ગુણીબેન, સોનગઢ
શ્રી જસુભાઈ નરોત્તમદાસ કામદાર, હ. કોકિલાબેન
શ્રી સવિતાબેન શાહ, હ. ભરતભાઈ, મીઠાપુર
શ્રી લલિતાબેન દલીચંદભાઈ ખારા, સોનગઢ
શ્રી મંછાબેન જયંતીલાલ ભાયાણી, સોનગઢ
શ્રી રજનીકાંત મગનલાલ મહેતા, ઘાટકોપર
શ્રી દિ. જૈન મુમુક્ષુમંડળ, સુરત
શ્રી છોટાલાલ કેશવજી ભાયાણી, કાંદિવલી
શ્રી પ્રભુદાસ તારાચંદ કામદાર, હ. પ્રવીણભાઈ, હર્ષદભાઈ, અતુલભાઈ, સોનગઢ
શ્રી મંગળાબેન પ્રભુદાસ કામદાર, હ. બ્ર. વીણાબેન, સોનલબેન સોનગઢ
શ્રી સુંદરબેન તથા સુવાસબેન પારેખ, સોનગઢ
શ્રી હિંમતલાલ ઊજમશી જૈન, દાદર

## રૂ. ૨૫૧

શ્રી ચંદનબેન મનસુખલાલ ઝોબાળિયા, હા. બ્ર. મધુબેન, સોનગઢ
શ્રી મંજુલાબેન ચિમનલાલ ઝોબાળિયા, સોનગઢ
બ્ર. દયાબેન શિવલાલ મહેતા, સોનગઢ

બ્ર. પ્રેમીલાબેન મનસુખલાલ શેઠ, સોનગઢ
શ્રી પન્નલાલ ખેમરાજ, ખેરાગઢ
બ્ર. તારાબેન તથા બ્ર. મેનાબેન, ખેરાગઢ
શ્રી દિ. જૈન મુમુક્ષુમંડળ, જામનગર
શ્રી મૂકેશભાઈ મનસુખલાલ શેઠ, અમદાવાદ
શ્રી દિ. જૈન મુમુક્ષુમંડળ, સુરેન્દ્રનગર
શ્રી રૂપાબેન અરવિંદભાઈ માવાણી, સોનગઢ
શ્રી અમરચંદ ન્યાલચંદ, વાંકાનેર

## રૂા. ૨૦૧

શ્રી કાંતાબેન રતીલાલ મહેતા, ઉમરાળા
શ્રી નિર્મળાબેન રતીલાલ ગાઠાણી, સોનગઢ
બ્ર. જશીબેન તથા બ્ર. ચંદ્રપ્રભાબેન, સોનગઢ
શ્રી મુક્તાબેન ચુનિલાલ મહેતા, બોરીવલી
શ્રી સવિતાબેન ધીરજલાલ, હ. કિરણભાઈ
શ્રી ચેતના મહેન્દ્રકુમાર, ભોપાલ
શ્રી શારદાબેન મહેન્દ્રભાઈ વારિયા, સુરેન્દ્રનગર
બ્ર. ઇન્દિરાબેન લોદરિયા, સોનગઢ
શ્રી પ્રીતિબેન ચંદ્રકાંત કોઠારી, દાહોદ
શ્રી હીતેશકુમાર જસવંતરાય શાહ, સોનગઢ
ડૉ. અમીશ વોરા, મુંબઈ
શ્રી મુકુંદરાય ચુનિલાલ, સુરેન્દ્રનગર
શ્રી રમેશચંદ્ર નારણદાસ, સુરેન્દ્રનગર
શ્રી સરલાબેન મનહરલાલ શાહ, ચોટીલા
શ્રી જયંતીલાલ નાગરદાસ ગાંધી, હ. બ્ર. વર્ષાબેન, સોનગઢ
શ્રી ભોગીલાલ વીરચંદ ડગલી, બોટાદ
શ્રી વર્ષાબેન મનોજભાઈ, નાલાસોપારા
શ્રી નાગરદાસ સુખલાલ કોઠારી, બોટાદ
શ્રી ચંદનબેન નવનીતલાલ શાહ, અમદાવાદ
શ્રી ચાંદમલ શરદકુમાર, ઉજ્જૈન
શ્રી શાંતાબેન રસિકલાલ મહેતા, ભાવનગર

શ્રી રમણીકલાલ લાલચંદ અજમેરા, ભાવનગર

**રૂા. ૧૫૧**

શ્રી શાંતાબેન ગોવિંદજી, મુંબઈ

શ્રી ભવાનજી દેવરાજ, હ. બ્ર. શુશીલાબેન, રતલામ

બ્ર. કંચનબેન તથા બ્ર. પુષ્પાબેન, સોનગઢ

શ્રી છગનલાલ કાલિદાસ વાઘર, જામનગર

**રૂા. ૧૧૧**

શ્રી ગુલાબચંદ સાંકળચંદ શાહ, કાંદિવલી

**રૂા. ૧૦૧**

શ્રી સરસ્વતીબેન આચાર્ય, સોનગઢ

શ્રી ચંદનબેન મનસુખલાલ, અમદાવાદ

શ્રી મંજુલાબેન તથા બ્ર. ઈલાબેન, સોનગઢ

બ્ર. પ્રફુલ્લાબેન ગોપાણી, બોટાદ

શ્રી સમરતબેન હરખચંદ મહેતા, હ. હિંમતભાઈ, મોરબી

શ્રી ભોગીલાલ હિંમતલાલ ડગલી, બોટાદ

બ્ર. કુંતીબેન તથા શ્રી સુમનબેન, સોનગઢ

શ્રી રમેશચંદ્ર કસ્તૂરચંદ દોઢીવાળા, કાંદિવલી

શ્રી અરુણાબેન પ્રેમચંદભાઈ શાહ, સુરત

બ્ર. રમાબેન મોતીલાલ પારેખ, દેવલાલી

બ્ર. શારદાબેન વીરચંદ શાહ, રાણપુર

બ્ર. સુમિત્રાબેન ભાઈલાલ શાહ, મદ્રાસ

શ્રી ધનલક્ષ્મીબેન મનસુખલાલ દેસાઈ, સોનગઢ

શ્રી દિલીપ ભોગીલાલ ડગલી, બોટાદ

શ્રી સંજય ભોગીલાલ ડગલી, બોટાદ

શ્રી સુનીલ પ્રદીપભાઈ ભીમજીભાઈ ડગલી, બોટાદ

શ્રી રમેશભાઈ, સુનીલાબેન, કહાન-કટપીસ સેંટર, સોનગઢ

શ્રી મૂળીબેન, સોનગઢ

શ્રી આશાબેન હસમુખલાલ પારેખ, સોનગઢ

શ્રી મુક્તાબેન કાંતિલાલ, સોનગઢ

બ્ર. ઈચ્છાબેન પારેખ, સોનગઢ

શ્રી લીલાબેન અંબાલાલ, અમદાવાદ

બ્ર. સુધાબેન, સોનગઢ

શ્રી કવિતા, હેતલ

શ્રી સ્નેહલતા તથા નીતાબેન, ભાવનગર

શ્રી ગજરાબેન ધીરજલાલ શેઠ, સોનગઢ

શ્રી દલસુખભાઈ વાડીલાલ, સુરેન્દ્રનગર

શ્રી ભાનુમતી જયંતીલાલ, સોનગઢ

શ્રી મંજુલાબેન ધનવંતરાય કોઠારી, ભાવનગર

શ્રી જીકુબેન, સોનગઢ

શ્રી સવાઈલાલ પરમાણંદદાસ શાહ, ભાવનગર

શ્રી ગોવિંદરામ રમેશકુમાર જૈન, ખડેરી

શ્રી ચંદ્રકાંત વાડીલાલ શાહ, સુરેન્દ્રનગર

શ્રી પદમાબેન ભીમજીભાઈ ડગલી

બ્ર. મુન્નીબેન, સોનગઢ

બ્ર. અજિતાબેન, સોનગઢ

શ્રી જેકુંવરબેન, હ. બ્ર. ઉષાબેન, સોનગઢ

બ્ર. પદમાબેન કેશવલાલ, સોનગઢ

શ્રી હસમુખલાલ હરિલાલ ભાયાણી, ભાવનગર

શ્રી કાંતિલાલ હરિલાલ ભાયાણી, ભાવનગર

બ્ર. નિર્મળાબેન હરિલાલ ભાયાણી, ભાવનગર

શ્રી અજવાળીબેન અમરચંદ, સોનગઢ

શ્રી નગીનદાસ છોટાલાલ દોશી, બોરીવલી

શ્રી લીલાવંતીબેન દેસાઈ

શ્રી નાગરદાસ બેચરદાસ મોદી, સોનગઢ

શ્રી ઉમેદરાય બેચરદાસ મોદી, સોનગઢ

શ્રી સૂર્યકીર્તી કોમ્પેક સરવીસીગ, હ. રમેશભાઈ, સલાલ

શ્રી સૂરજબેન કોટાવાળા, સોનગઢ

શ્રી વિદ્યાબેન રાજેન્દ્રકુમાર જૈન, દુર્ગ
હસ્તે સિધ્ધેશ

શ્રી અમી વિકાસકુમાર જૈન, ખંડવા

શ્રી દર્શના અતુલકુમાર જૈન, ખંડવા

શ્રી દર્શન વિશાલ જૈન, ખંડવા

શ્રી નિરંજના નંદકુમાર જૈન, જબલપુર

શ્રી વિદેહા સનતકુમાર જૈન, જબલપુર

શ્રી દલપતભાઈ બાબુભાઈ પટેલ, સુરત

શ્રી રમેશભાઈ મહેતા, પૂના
હસ્તે બીના

* * *

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

(બીજી આવૃત્તિના)

# 'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ'

## * પ્રકાશન-હર્ષોલ્લાસમાં આવેલ દાનરાશિ *

**રૂા. ૨૫,૦૦૦**

શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ, નાઈરોબી

**રૂા. ૨૧,૦૦૦**

શ્રી સવિતાબેન વ્રજલાલ શાહ, સુરત
(હા. સિદ્ધકુમાર, સુધીરકુમાર)

**રૂા. ૧૦,૦૦૦**

શ્રી રજનીકાંત મગનલાલ મહેતા પરિવાર, મુંબઈ
(હા. પ્રફુલ્લાબેન, ચિ. હર્ષિલ)

**રૂા. ૫૦૦૧**

સ્વ. શ્રી કરમણભાઈ નરશીભાઈ શાહ-પરિવાર, નાઈરોબી
(હા. રક્ષિત ચીમનલાલ)

પં. કૈલાશચંદ્રજી જૈન, બુલંદશહર
(હા. પવનકુમાર કૈલાશચંદ્રજી, અલીગઢ)

એક મુમુક્ષુ (હા. શ્રી ટોકરશીભાઈ મારૂ)

શ્રી ધીરજલાલ શિવલાલ દોશીના સુપુત્ર રક્ષિતકુમારના ચિ. પૂર્વી (શ્રી અરુણભાઈ ચીમનલાલ સંઘવીની સુપુત્રી) સાથે લગ્નપ્રસંગે,
(હા. અરુણભાઈ સંઘવી)

**રૂા. ૨૬૦૦**

સ્વ. શિરીષકુમાર મનસુખલાલ કોઠારી
(હા. નિર્મળાબેન મનસુખલાલ કોઠારી, ભાવનગર)

**રૂા. ૨૦૦૧**

શ્રી વિકાસ દિનેશચંદ્ર શાહ, અમદાવાદ
(હા. દિનેશચંદ્ર અંબાલાલ શાહ)

શ્રી સુશીલાબેન કાંતિલાલ શાહ, બેંગલોર

શ્રી મિલન ગુણવંતરાય ભાયાણી, કાંદીવલી

**રૂા. ૧૦૦૧**

શ્રી ચંદુલાલ મગનલાલ શાહ દવાવાળા, કાંદીવલી.
(હા. ભોગીલાલ ડગલી)

સ્વ. ચંચળબેન વખતચંદ વણીવાળા
(હા. ચંપાબેન)

શ્રી વીરચંદભાઈ જેઠાલાલ માલદે, લંડન
(હા. વસંતકુમાર તથા અનિલકુમાર)

શ્રી જગદીશ હરિલાલ બખાઈ, નાઈરોબી.

શ્રી જ્યોતિબેન પ્રવીણચંદ્ર મહેતા, શાંતાક્રૂઝ.

એક મુમુક્ષુબેન, વાંકાનેર

શ્રી એમ. એચ. ઝોબાળિયા, સોનગઢ

શ્રી લલિતાબેન વ્રજલાલ શાહ- પરિવાર, જલગાંવ

**રૂા. ૫૦૧**

શ્રી ભરતભાઈ રસિકલાલ સંઘવી, કલકત્તા

શ્રી સવિતાબેન શિવલાલ ગાંધી, માટુંગા
(હા. મહેન્દ્રભાઈ ભાલાણી)

શ્રી ભાવના રાજીવ મહેતા, જામનગર

શ્રી નીલીમાબેન રસિકલાલ સંઘવી, વડોદરા

શ્રી જયશ્રી કીર્તિકુમાર જૈન, પૂના

સ્વ. ખીમચંદભાઈ છોટાલાલ ઝોબાળિયા-પરિવાર, સોનગઢ

શ્રી પાનાચંદ છગનલાલ ડગલી, મલાડ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

શ્રી કંચનબેન શાંતિલાલ ખાટડિયા, દાદર
સ્વ. નવીનચંદ્ર દામોદરદાસ મોદી
(હા. યોગેશભાઈ મોદી, ચિદ્રૂપ-જિનેન્દ્રા)
શ્રી સિદ્ધેશ જ્યોતીન્દ્ર ખંધાર
શ્રી પ્રીતમલાલ તારાચંદ પારેખ
(હા. અનિલભાઈ પ્રીતમલાલ)
શ્રી વીણાબેન પ્રફુલ્લભાઈ દેસાઈ, હૈદરાબાદ
શ્રી નરેશભાઈ નંદલાલ શાહ, ઉધના
શ્રી વિનોદરાય ચુનીલાલ વોરા, જામનગર
બ્ર. ચંદ્રપ્રભાબેન, બ્ર. જશીબેન, સોનગઢ
શ્રી આયુષી આગમ સંજીવભાઈ કોઠારી, અંધેરી
શ્રી પ્રફુલ્લભાઈ છબીલદાસ વારિયા, મહુવા
શ્રી ધનલક્ષ્મીબેન ધીરજલાલ મહેતા, મુંબઈ
શ્રી જયેશ, શૈલેશ, વિજય ધનસુખલાલ શાહ
શ્રી મહાસુખરાય જગજીવનદાસ કામદાર, હૈદરાબાદ (હા. ભરતકુમાર મહાસુખલાલ કામદાર)
શ્રી વિજયાબેન ચીમનલાલ સંઘવી, મુંબઈ

**રૂા. ૩૦૧**

શ્રી મનુભાઈ ત્રિભોવનદાસ ઝવેરી, મુંબઈ (હા. ભરતભાઈ)
શ્રી પ્રશમ તથા પરી રાજુભાઈ ડેલીવાળા, મુંબઈ (હા. ધીરૂભાઈ)
શ્રી ત્રંબકલાલ હિંમતલાલ ઘડિયાળી તરફથી શારદાબેનના સ્મરણાર્થે

**રૂા. ૨૫૧**

શ્રી રમણીકલાલ રતિલાલ ડગલી, મલાડ
શ્રી મંજુલાબેન કાંતિભાઈ કોઠારી, વડાલા
શ્રી પારુલબેન દિલીપકુમાર બોટાદરા
શ્રી મીનાબેન ચેતનકુમાર બોટાદરા
શ્રી ભોગીલાલ હિંમતલાલ ડગલી
શ્રી પ્રેમચંદભાઈ મગનલાલ શેઠ, રાણપુર
શ્રી નયનભાઈ રમણીકલાલ ગોસળિયા, અમદાવાદ (હા. લાભુબેન)
શ્રી અંકિત શાહ, લંડન

**રૂા. ૨૦૧**

શ્રી મરઘાબેન મણિલાલ શાહ, સુરેન્દ્રનગર
શ્રી જમનાદાસ વિક્રમચંદ સંઘવી, રાજકોટ
શ્રી એક મુમુક્ષુભાઈ મુંબઈ
શ્રી જિતુભાઈ, અમેરિકા
શ્રી મધુબેન ભાઈલાલ દોશી માટુંગા તરફથી શારદાબેનનાં સ્મરણાર્થે

**રૂા. ૧૫૧**

શ્રી રસિકલાલ અમરચંદ ડગલી, ઘાટકોપર
શ્રી જ્યોત્સ્નાબેન હસમુખભાઈ મહેતા, ભાવનગર
શ્રી વસુમતી પ્રાણલાલ શાહ, લીમડી

**રૂા. ૧૧૧**

શ્રી જિણંદ નિધિ ચેતન દોશી, મુંબઈ
શ્રી યશ, મીત અતુલ દોશી, મુંબઈ
શ્રી આત્મી, દર્શન જિનેશ દોશી, મુંબઈ

**રૂા. ૧૦૫**

બ્ર. ચંદુભાઈ તથા તારાબેન ઝોબાળિયા, સોનગઢ

**રૂા. ૧૦૧**

શ્રી મનુભાઈ ટી. ઝવેરી, મુંબઈ (હા. રમાબેન)
શ્રી ઝીકુંબેન ચતુરભાઈ, સોનગઢ
શ્રી ખેમરાજજી દુલીચંદજી જૈન, ખેરાગઢ (હા. બ્ર. તારાબેન, બ્ર. મેનાબેન)
શ્રી કુમુદબેન જૈન, ખંડવા
શ્રી લલિતાબેન પંચોલી, બોટાદ

(હા. ચંદ્રિકાબેન)
શ્રી વિલાસબેન ચંદ્રકાંત ડગલી, મલાડ
શ્રી કિરીટભાઈ ચુનીભાઈ અજમેરા, મુંબઈ
શ્રી બી. આર. શાહ, ગાંધીનગર
શ્રી વિક્રમ મહાસુખલાલ શાહ, મુંબઈ
શ્રી સ્વ. ચીમનલાલ ભાઈલાલ ડેલીવાળા
શ્રી નીલ રાજેશકુમાર દલાલ (હા. રીટાબેન)
બ્ર. તારાબેન દોશી, સોનગઢ
શ્રી મંજુલાબેન શાંતિલાલ મોદી, ઘાટકોપર
શ્રી વસુમતીબેન હિંમતલાલ ભાલાણી, મુંબઈ
શ્રી યશકુમાર સમીરભાઈ, કાંદીવલી
શ્રી વાસુદેવ હીરાચંદ દામાણી, ભાવનગર
શ્રી ઈન્દ્રમલજી ચત્તર, ઉજ્જૈન
શ્રી અશોકભાઈ વનેચંદભાઈ શાહ (હા. કંચનફૈબા)
શ્રી ગુલાબચંદભાઈ હેમાણી, સોનગઢ
શ્રી હિતેશ મહાસુખભાઈ દોશી, મુંબઈ
શ્રી પ્રફુલ્લાબેન કિશોરચંદ્ર મહેતા, જામનગર
શ્રી મંજુલાબેન મનહરલાલ શેઠ, બેંગલોર
શ્રી રમણીકલાલ ભૂપતલાલ દોશી, મુંબઈ
શ્રી કંચનબેન ચંદુલાલ સંઘવી તરફથી શારદાબેનનાં સ્મરણાર્થે
મહાસુખલાલ બી. દોશી, મુંબઈ
હિતેશ મહાસુખલાલ દોશી, મુંબઈ
નિર્મલ મહાસુખલાલ દોશી,મુંબઈ
સોનલ હિતેશ દોશી, મુંબઈ
કલ્પના નિર્મલ દોશી, મુંબઈ
લબ્ધિ હિતેશ દોશી, મુંબઈ
પ્રશમ નિર્મલ દોશી, મુંબઈ
ડોલી હિતેશ દોશી, મુંબઈ